بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ફેબ્રુઆરી/૨૦૧૬**
**રબીઉલ આખર–જમાદિઉલ અવ્વલ**
**હિજરી સન : ૧૪૩૭**
**વર્ષ : ૧૩, અંક : ૦૨, સળંગ અંક : ૧૪૪**

**સ્થાપક અને પ્રકાશક**
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**
**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Web. :www.barkatekhwaja.net**
**Email : anjuman2006@hotmail.com**

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૮૦/– |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૦૦૦/– |
| આજીવન | રૂ. | ૪,૫૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/– |

**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

## ● અનુક્રમણિકા ●

| | | |
|---|---|---|
| 01 | ખૂદગર્ઝી (સ્વાર્થીપણા)થી બચો ! | 02 |
| 02 | **ફેસબુક પર સ્ત્રી પુરૂષની મિત્રતા અને ઈસ્લામી આદેશો** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 07 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 09 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 12 |
| 06 | હદાઈકે બખ્શિશ | 14 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 20 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 24 |
| 10 | ફિક઼્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 26 |
| 11 | મંગનીની શરઈ હૈસિયત અને આજની રસમો | 29 |
| 12 | ફેસબુક દા'વત તથા તબ્લીગનું શ્રેષ્ઠ માધ્યમ | 32 |
| 13 | ગૈર મુસ્લિમોમાં રસૂલુલ્લાહ ﷺની લોકપ્રિયતા | 36 |
| 14 | દાઢી રાખવાની કોઈ મનાઈ કરી શકે નહીં | 38 |
| 15 | મોહસિને કાઈનાત ﷺ અને જાનવરોના હક્કો | 39 |
| 16 | હઝરત મૌલાના મુફ્તી સિબ્તૈન રઝા رحمۃ اللہ علیہ | 43 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |

## હસીન હૈ....

(અઝ : આકિ઼બખાન બરકાતી–પેટલાદ)

કાબે સે પૂછા તૂ હી બતા ક્યા હસીન હૈ
બોલા તડપ કે ગુમ્બદે ખઝરા હસીન હૈ
ઐસા કિસી હસીન કા ચેહરા ભી હૈ કહાં
જૈસા મેરે હુઝૂર કા ચેહરા હસીન હૈ
તુમ કાએનાતે હુસ્ન મેં સબસે હસીનતર
હર પહલૂ એ હયાત તુમ્હારા હસીન હૈ
ઉટ્ઠી જિધર નિગાહ વહીં પર ઠહર ગઈ
વલ્લાહ ! ઉસ હસીંકા સરાપા હસીન હૈ
યૂસુફ ન ક્યૂં હો તાલિબે દીદારે મુસ્તફા
કુછ ઐસા ઉનકો રબને બનાયા હસીન હૈ
મૌલા અલીયો ફાતિમા ઝહ્રા હસન હુસૈન
કિસ દરજા મુસ્તફાકા યે કુમ્બા હસીન હૈ
લાખોંને કલ્મા પઢ લિયા ખ્વાજાકો દેખકર
કિતના હસીં અલીકા યે બેટા હસીન હૈ
વલીયોંને દેખા દેખ કે કુરબાન હો ગયે
**'આકિ઼બ'** હમારા ગ઼ૌષ કુછ ઐસા હસીન હૈ

# ખૂદગર્ઝી

## (સ્વાર્થીપણા)થી બચો !

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

બારહ રબીઉલ અવ્વલનો પવિત્ર દિવસ આપણાથી વિદાય થયો. આ મહાન તથા મુબારક દિવસ અને અસામાન્ય તારીખ પર પૂરી દુનિયામાં આશિક઼ાને રસૂલ ﷺએ ઝબુકિયાં લગાડીને, ઝંડાઓ લહેરાવીને, જુલૂસો કાઢીને અને દીની મહેફિલો ગોઠવીને આક઼ાએ કરીમ ﷺની આગમનની ખુશી મનાવી. મહોબ્બતના પ્રદર્શનનો આ તરીક઼ો યક઼ીનન ! ઘણો જ સારો છે. પરંતુ સાથોસાથ જો આક઼ાએ કરીમ રઉફો રહીમ ﷺનાં મહાન ચિંતનોને પણ દિલમાં જગા આપતા અને પોતાની જિંદગીમાં એને સામેલ કરી લેતા તો રિસાલત મઆબ ﷺની ખુશ્નૂદી યક઼ીની તૌર પર હાંસલ થાત.

હુઝૂર રહ્‌મતે આલમ ﷺની મુબારક જિંદગીના દરેક પાસામાં એક મહાન સબક઼ (બોધ) છે અને હુઝૂર ﷺની અદાઓને અપનાવનારાઓના માટે બંને જહાન (દારૈન)ની અનહદ ખુશીઓ તથા ફઝીલતો છે. મેં હુઝૂર ﷺની એક અદા જેને સર્વ સહાબાએ કિરામ તથા અવલિયાએ એઝામની જિંદગીઓમાં સ્પષ્ટપણે પઢી તે છે પોતાની જરૂરતને બીજાની જરૂરત પર કુર્બાન કરી દેવી, એટલે કે સ્વાર્થીપણાથી પાક હોવું. એમાં કોઈ શંકા નથી કે સ્વાર્થીપણુ માણસની ફિતરતમાં સામેલ છે. એના માટે ઉમરની પણ કોઈ શર્ત નથી, ત્યાં સુધી કે નાનુ સરખુ દૂધ પીતુ બાળક કે જેનામાં બુદ્ધિ કે તમીઝ નથી હોતી છતાં આપે મહેસૂસ કર્યું હશે કે એની ફિતરતમાં પણ સ્વાર્થવૃત્તિ સામેલ હોય છે. તેની માં જ્યારે પોતાના બીજા બાળકને પોતાની ગોદમાં ઉઠાવી લે છે તો તે બાળક પોતાના ભાઈ કે બહેનને પોતાની માને તુરંત ઉતારવાનું કહે છે ! મતલબ કે એની નાની સમજમાં એ વાત હોય છે કે આ મારી મા છે તો એણે શા માટે બીજા બાળકને પોતાની ગોદમાં ઉઠાવી લીધો !

એ જ પ્રમાણે તે પોતાની કોઈ ચીજને પોતાના ભાઈ બહેનોને આપવા માટે રાજી નથી થતો. સર્વ કાંઈ મારું મારું ને મારું એ જ એની ભાવના હોય છે. પરંતું આક઼ાએ કરીમ રઉફુર્રહીમ ﷺનું મુબારક બચપન પણ દુનિયાના સર્વ માનવો અને સર્વ બાળકોથી ઉલ્ટુ છે. આક઼ાએ કાઈનાત ﷺએ બચપનથી જ એ બતાવ્યું કે હું અન્યોની જરૂરત પર મારી જરૂરતને કુર્બાન કરવાનું પસંદ કરું છું. એ વાત ઐતિહાસિક નોંધમાં છે કે હુઝૂર ﷺ હઝરત હલીમા સઅદિયાના એક પિસ્તાનથી દૂધ પીતા અને બીજો પિસ્તાન ભૂખ હોવા છતાં પોતાના દૂધ ભાઈના માટે છોડી આપતા. આ મહાન વિચાર હુઝૂર ﷺએ આપ્યો છે. એ જ ચિંતનને આપ હુઝૂરની પૂરી જિંદગીમાં ભ્રમણ કરતુ જોશો. કુર્આને મુક઼દસની આયતે કરીમા : (અર્થ) : ''અને પોતાના પ્રાણો કરતાં (પણ) તેમને પ્રથમ પસંદગી આપે છે, ભલે ને તેમને સખત મોહતાજી હોય.'' *(સૂરએ હશ્ર, આ. ૯)*

એ જ પ્રમાણે : (અર્થ) : ''અને તેના પ્રેમમાં મિસ્કીન અને યતીમ તેમજ કેદીને ખાવા ખવડાવે છે.'' *(સૂરએ દહર, આ. ૮, ૯)* એ જ ચિંતન પર અમલ કરનારાઓનો નિર્દેશ કરે છે. પરંતુ પશ્ચિમી જગતની વૈચારિક (માનસિક) ગુલામીએ સ્વાર્થીપણાના કીચડમાં ઉમ્મતે મુહમ્મદિયહ્‌ને ધકેલી દીધી અને આજે ચોતરફ ઉઠનારા તોફાનો એ એજ સ્વાર્થીપણાનું રિઝલ્ટ છે. ઈદે મીલાદુન્નબી ﷺ મનાવો પણ ફિક્રે મુસ્તફા ﷺ પણ અપનાવો. રસૂલુલ્લાહ ﷺની ખુશ્નૂદી હાંસલ કરવાની કોશિશ કરો. વધુ પેજ નં. ૪૨....પર

# ફેસબુક પર સ્ત્રી પુરૂષની મિત્રતા
## ☐ અને ઈસ્લામી આદેશો ☐



ગૈર મર્દ ગૈર સ્ત્રીની મિત્રતા આમ પણ સુસંસ્કૃત સમાજમાં સારી દષ્ટિએ જોવામાં આવતી નથી. હા ! જે લોકોએ શરમ તથા હયાની સર્વ હદો પાર કરી દીધી છે તેઓ જ આવી મિત્રતાને સ્વીકાર્ય ગણે છે, નહીં તો જેઓ ઈજ્જત આબરૂને તથા કેરેકટરને મહત્વની ચીજ સમજે છે, જેઓ શરીફ લોકો છે તેઓ આજે પણ આવી મિત્રતાને હલકુ કાર્ય તથા અયબની ચીજ ગણે છે. કારણ કે ગૈર સ્ત્રી પુરૂષની મિત્રતા ક્રમે ક્રમે વાતચીતથી મુલાકાતો અને સાથે હરવા ફરવાથી વધીને છૂટછાટ લેવા તરફ આગળ વધતી જાય છે અને છેવટે વ્યભિચારમાં પરિણામે છે. અને આગળ જતાં ક્યારેક આવી મિત્રતાનાં બુરાં પરિણામો આપઘાત કે લડાઈ ઝઘડા કે ખૂનામરકી તથા કોર્ટ કચેરીનાં લફરામાં પરિણામે છે અને કહેવાતા આ મિત્રો એકબીજાનાં દુશ્મન પણ બની જાય છે. કોઈ ઈજ્જતદાર, પતિ, બાપ, ભાઈ એ વાત કદી સ્વીકારી શકતો નથી કે પોતાની પત્ની, પુત્રી, બહેન કોઈ ગૈર પુરૂષ સાથે મિત્રતાના નામે નાજાઈઝ સંબંધો સ્થાપિત કરે.

### ★ વ્યભિચારની નજીક પણ ન જાવ ! ★

મોબાઈલ ફોનથી ફેસબુક કે વોટસ્ એપ વગેરે સોશિયલ મીડિયા થકી પર સ્ત્રી કે પર પુરૂષ એકબીજા સાથે વિના જરૂરત મિત્રતાના નામે ચેટિંગ કરે કે વાતચીત તથા મેસેજોની આપલે કરે એ ઈસ્લામમાં જાઈઝ જ નથી. કુર્આને પાકમાં આપણી ભલાઈ ચાહનારો આપણો ખાલિક્ માલિક ખુદ આદેશ આપે છે કે, "ઝિના (વ્યભિચાર)ની નજીક પણ ન જાવ." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૨, પારા : ૧૫)* ફેસબુક પર કહેવાતી આવી મિત્રતા માટે કરવામાં આવતો મેસેજ એ નિઃશંક ! વ્યભિચાર પ્રતિ દોરનાર પ્રથમ ડગલુ છે. કેમ કે મેસેજ પછી ફોનથી વાતચીત પછી મુલાકાતો અને પછી ન થવાનું થાય છે જેને વ્યભિચાર કહેવામાં આવે છે. (અલ્લાહની પનાહ !) જેથી પાકીઝગીનો માહોલ સલામત રહે તે માટે પવિત્ર મઝહબ ઈસ્લામમાં રબ તઆલાનો આ આદેશ કેટલો સાવચેતીપૂર્ણ છે કે, "ઝિનાની નજીક પણ ન જાવ !"

હદીષે પાકના આદેશો પ્રમાણે ગૈર સ્ત્રીને કે પુરૂષને જોવું, તાકવું એ આંખનો ઝિના છે, હાથના ઈશારા કરવા કે સ્પર્શ કરવો એ હાથનો ઝિના, પગથી સ્પર્શવું એ પગનો ઝિના છે. ઈસ્લામમાં આ સર્વ ચીજો હરામ છે અને એ દરેક ચીજોથી ઉપરોક્ત આદેશ પ્રમાણે પ્રથમથી જ રોકી દેવામાં આવેલ છે.

### ★ ફેસબુક પરની મિત્રતાના કરૂણ અંજામનાં દષ્ટાંતો ★

થોડાક સમય પહેલાં વડોદરા શહેરનો જ એક કિસ્સો વર્તમાનપત્રોમાં આવ્યો હતો કે એક યુવાન પરણીત સ્ત્રીએ ફેસબુક પર ચેટિંગ કરતાં કરતાં એક યુવાન સાથે દોસ્તી કરી. ધીમે ધીમે મોબાઈલ પર વાતો થતી રહી. એ યુવાન પણ વડોદરાનો જ હતો. પછી બંનેવ વચ્ચે ચોરી છુપે મુલાકાતો થવા માંડી અને નાજાઈઝ સંબંધો થવા લાગ્યા. સ્ત્રીના પતિને આ સંબંધોની જાણ થઈ ગઈ તો તે યુવાન સાથે ઝઘડો થયો અને મારામારીનો હંગામો થઈ ગયો, કોર્ટમાં કેસ થયા. પછી કોઈ રીતે સમાધાન માટે ચર્ચામાં બંને પક્ષના લોકો ભેગા થયા. પેલા યુવાન તરફથી એની સાથે એક એનો મિત્ર આવ્યો હતો. સમાધાનની ચર્ચા દરમ્યાન

ઝઘડો વધી પડયો અને સ્ત્રીના પતિએ પેલા યુવાનને છરો મારવા ઘા કર્યો તો તે યુવાન ખસી ગયો અને એ જ છરો તેની સાથે આવેલા તેના મિત્રની છાતીમાં ઘુસી ગયો અને સ્થળ પર જ તે વિના વાંકે મૃત્યુ પામ્યો. આ છે ફેસબુક પર થતા હરામ ધંધાઓનું પરિણામ !

તે ઉપરાંત યુવાન યુવતીઓ ફેસબુક પર પોતાને જૂઠ મૂઠ લેન્ડલોર્ડ કે ઉચ્ચ ડિગ્રીવાળા કે મોટા હોદ્દાવાળા દર્શાવીને સામેવાળાને છેતરીને મિત્રતા કરે છે. કેટલાક પુરૂષો પરણેલા હોવા છતાં પોતાને કુંવારા દર્શાવીને નાદાન યુવતીઓ સાથે મિત્રતા કરે છે, તેમની સાથે અફેર ચલાવે છે અને પછી શાદી કરવાનું વચન આપી તેણીઓને વિશ્વાસમાં લઈને સર્વ મર્યાદાઓ વટાવી જાય છે અને પછી રસકસ ચૂંસ્યા બાદ મિત્રતાનો હાથ પાછો ખેંચી લે છે. ત્યારે યુવતીઓ "લગ્નની લાલચ આપી બળાત્કાર કર્યો" એવો કેસ કરે છે ! આવા તો અનેક બનાવો બને છે અને અનેક યુવતીઓ છેતરાઈ છે અને તેમની જિંદગી તબાહો બર્બાદ થઈ છે અને છેવટે આત્મહત્યાના કે ખૂનના આવા બનાવો વર્તમાન પત્રોમાં ચમકતા રોજબરોજ જોવા મળે છે.

વળી ફેસબુક પર યુવતીને પ્રેમજાળમાં ફસાવી, તેને લાગણીના તણાવાણામાં ઘસેડીને હજારો લાખો રૂપિયા યેનકેન બહાને પડાવી લેવાના બનાવો બનતા પણ વર્તમાન પત્રોમાં વાંચવા મળતા રહે છે. જેમ કે એક ફોરેનના યુવાન સાથે ઈન્ડિયન યુવતીને ફેસબુક પર ફ્રેન્ડશીપ થઈ અને તે એકબીજાને ચાહવા લાગ્યાં. અચાનક તેનો મિત્ર ઈન્ડિયા આવ્યો છે એવું તેણે જણાવ્યું અને બીમાર પડતાં દિલ્હીમાં કોઈ હોસ્પિટલમાં છે અને બે લાખની જરૂર છે. પેલી નાદાન, ઝાંઝવાના જળ પાછળ દોડતી યુવતીએ તેના ખાતામાં રકમ નાખી પણ દીધી. પછી ખબર પડી કે આ તો ધોકો હતો ! અને તે મિત્રએ સંબંધો કટ કરી દીધા.

આવા જ એક યુવાને યુ.કે.માંથી ફેસબુક પર ફ્રાંસની એક યુવતી સાથે મિત્રતા કરી અને તેની પાસેથી ગમે તેમ કરીને કેટલીક રકમ પોતાના ખાતામાં નખાવ્યે રાખી. પછી તે સ્ત્રીએ યુ.કે.માં આવવા ઈચ્છા દર્શાવી તો હા પાડી પણ તેણી જ્યારે આવી તો એરપોર્ટ પર લેવા કોઈ ન ગયું ! તેણી બહાર નીકળી તો તેને કોઈ આવારા યુવાન આશરો આપવાના બહાને લઈ ગયો અને રાતભર બળાત્કાર કર્યો અને સવારે કાઢી મૂકી. તેણી પાસે પૈસા પણ ન હતા જેથી તે કોન્સ્યુલેટ પર ગઈ અને પોતાની કહાની સંભળાવી વિનંતિ કરી કે એને ફ્રાંસની ટિકિટ કરાવી ઘર સુધી પહોંચવાના ખર્ચની વ્યવસ્થા કરી આપે. તેમણે ટિકિટ કરી આપી તેણીને ફ્રાંસ પોતાના ઘરે પહોંચાડી. જ્યારે ઘરે પહોંચી તો પોતાનું સર્વસ્વ લૂટાવી ચૂકી હતી.

સારાંશ કે અનેક યુવાનો યુવતીઓ આવાં અંધારામાં તીરો મારીને આર્થિક, શારીરિક તથા માનસિક રીતે તેમજ સમાજમાં ઈજ્જત આબરૂ ગુમાવી જિંદગીઓ બર્બાદ કરી રહ્યાં છે. તો હવે ચેતી જાવ અને જીવન જીવવાનું બંધારણ જે ઈસ્લામે સૂચવ્યું છે એને જ અનુસરો તો જિંદગીમાં ક઼ાયમી ખુશીઓની બહાર જોવા મળશે. હવાઈ કિલ્લાઓ રચવાને બદલે જમીન પર ઝુપડુ બનાવીને જીવો તેમાં જ સુખચૈન પામી શકશો.

## ★ ઈસ્લામમાં "બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ"ને કોઈ સ્થાન જ નથી ! ★

આજના બેશરમીના દૌરમાં બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડનો અતિ હયાસોઝ રિવાજ ચાલી નીકળ્યો છે અને ગૈરોની દેખાદેખી મુસ્લિમ ક઼ૌમના યુવાનો યુવતીઓ આ જહન્નમમાં લઈ જનાર કેડી પર દોડવા લાગ્યાં છે. કાન ખોલીને સાંભળી લો ! ઈસ્લામમાં બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ જેવા સંબંધો હરામ છે અને એ ઝિના માટેનાં પ્રથમ પગથિયાં છે. ઈસ્લામમાં નિકાહ કર્યા સિવાય કોઈપણ ગૈર મેહરમે સ્ત્રીને જોવું, વિના જરૂરત વાત

કરવી, સ્પર્શવું કે હસી મજાક કરવી એ સખત હરામ છે.

હે મુસલમાન ભાઈઓ! બહેનો! જો તમે અલ્લાહ વ રસૂલ પર, ક્યામત પર ઈમાન ધરાવો છો તો સાંભળો! નબી કરીમ ﷺની પાક પવિત્ર બીવીઓ કે જેમની પાકીઝગીની તોલે જગતની કોઈ સ્ત્રી ન આવી શકે, તેમને પણ પર્દાનો હુકમ હતો ! અને ઉમ્મતની અતિ પાકીઝા જમાઅત એટલે સહાબાએ કિરામ કે જેમના જેવો પવિત્ર ન કોઈ થયો ન થશે, તે અતિ પાક પવિત્ર લોકોને પણ ખુદ અલ્લાહ પાકે કુર્આનમાં આદેશ આપ્યો કે : "જ્યારે તમે એમનાથી (હુઝૂરની પાક બીવીઓથી) કોઈ સામાન માગો તો પર્દાની પાછળથી માગો, આ તમારા અને તેમનાં દિલોના માટે અધિક સાફ સ્વચ્છ રીત છે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૪)*

મુસલમાનો ! જ્યારે તે પવિત્રતામાં શ્રેષ્ઠ જમાનાના સહાબા માટે નબીની બીવીઓ સાથે બેપર્દા રહેવાનો હુકમ ન હતો તો આજે ગુનાહોથી ખદબદતા દૌરમાં તો ગૈર સ્ત્રી પુરૂષોએ કેટલું બચવું જોઈશે ?! જો ખરેખર રબના કુર્આન પર તમારું ઈમાન છે તો ફેસબુકના રવાડે ચઢી ગમે તે અજનબીની મિત્રતામાં પડી બંને જહાનની જહન્નમ ન વહોરો ! આમ સ્ત્રીઓ માટે રબ તઆલાનો આદેશ છે કે :–

"જો અલ્લાહથી ડરતી હોઉ તો નઝાકત (નખરા સાથે) વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૧)*

અનિવાય સંજોગોમાં સ્ત્રીને કોઈ ગૈર મહરમ સાથે વાત કરવી પડે તો તે સમયે કેવી રીતે વાત કરવી તે કુર્આન દર્શાવે છે, તો પછી હે મારી બહેનો ! તમે સામે ચાલીને મિત્રતાના નામે નાઝ નખરાં કરીને ગૈરો સાથે કલાકો સુધી મોબાઈલ પર વાતો કરીને કઈ ખયાલોની જન્નત વહોરી રહી છો ?! યાદ રાખો ! એનો અંજામ બંને દુનિયાની બર્બાદી સિવાય કાંઈ જ નથી.

## ★ હે બહેનો ! અલ્લાહથી ડરો ! પતિ સાથે ખયાનતથી બચો ! ★

જે સ્ત્રીઓ પરણેલી હોવા છતાં, એક પતિની અમાનત હોવા છતાં તેમાં ખયાનત કરે છે અને ગૈર મર્દો સાથે આડા સંબંધો સ્થાપિત કરે છે, આ નીચ કૃત્યને તેણીઓ ખેલ ન સમજે ! એનાથી આ જગતમાં તો બેઈજ્જતી છે જ પણ આખેરતની શું બર્બાદી છે તે પણ જુઓ !

હદીષે પાકમાં છે : હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **"જે સ્ત્રી પોતાના પતિ સાથે પોતાની આબરૂના (ચરિત્ર)ના બારામાં ખયાનત કરે છે તેના પર ઉમ્મતનો અડધો અઝાબ થશે."** વધુમાં ફર્માવ્યું કે, "સ્ત્રી અલ્લાહના હક્કો ત્યાં સુધી અદા નથી કરી શકતી જ્યાં સુધી પોતાના પતિના હક્ક઼ અદા નથી કરતી."

જહન્નમનો મામૂલી અઝાબ એ છે કે આગના જોડા પહેરાવવામાં આવશે જેનાથી ભેજુ હાંડલી ખદબદે તેમ ખદબદશે ! તો પછી અડધી ઉમ્મતનો અઝાબ એકલા કેવી રીતે વેઠાશે ?! માટે સમજી જાવ, અને સીધા રસ્તે આવી જાવ.

મારી પ્યારી દીની બહેનો ! હે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ની કનીઝો ! પતિથી ખયાનત તો દૂરની વાત છે, પતિની પ્રમાણિક પત્નીએ પણ કેટલા સાવચેત રહેવાનું છે ?! નબી પાક ﷺના શું આદેશો માનવ ભલાઈ તથા પતિ પત્નીના સુખદ જીવન માટે છે તે સાંભળો !

હાવીયુલ કુલૂબિત્તાહિરામાં છે કે પહેલાંના જમાનામાં એક પુરૂષ જ્યારે ઘરે પહોંચ્યો તો પોતાની

પત્નીને ઘરમાં ન જોયી. જ્યારે તેણી પાછી આવી તો તેને તલાક઼ આપી દીધી. તેણીએ પૂછયું તો પતિએ જવાબ આપ્યો કે હદીષ શરીફમાં છે કે, **"જે સ્ત્રી પતિની ઈજાઝત વિના ઘરની બહાર ચાલી જાય એના પર સિત્તેર હજાર ફરિશ્તાઓ લઅનત મોકલે છે."** અને જેના પર આટલી અધિક લઅનતો હોય તે મારા ઘરે રહેવાને પાત્ર નથી, કેમ કે એના પરની લઅનતોની લપેટમાં ક્યાંક હું ન આવી જાઉં !

બીજી હદીષમાં છે કે, **"સ્ત્રીનું ઘરથી બહાર જવું જ્યારે પતિને નાપસંદ હોય છે તો આસ્માનના સર્વ ફરિશ્તાઓ તે સ્ત્રી પર લઅનત મોકલે છે."** *(નુઝહતુલ મજાલિસ, ૨/૫૩)*

"લઅનત" એટલે અલ્લાહની રહમતથી દૂર થવું. તો જ્યારે માસૂમ ફરિશ્તાઓ કોઈને અલ્લાહને ત્યાં રહમતથી દૂર કરવા અરજ કરે એટલે કે તેણી પર લઅનત મોકલે તો તેની બંને જહાનની બર્બાદીમાં કોઈ શંકાને સ્થાન નથી. અને જ્યારે વિના ઈજાઝતે ઘરથી બહાર જનાર સ્ત્રીની આ સજા છે તો જે સ્ત્રી પતિથી ધોકો કરીને આડા સંબંધો ગૈરો સાથે રાખશે તે બંને જહાનમાં અતિ ભયાનક અઝાબમાં સપડાય જશે એ નિશ્ચિત છે. જેથી જો તમો મુસલમાન છો તો દુનિયાની લપસણી તથા ભ્રામક વાતો તરફ આકર્ષાયા વિના પોતાના દીન ઈમાનની કિંમત સમજીને ઈસ્લામી તરીક઼ાથી પાકીઝા સચરિત્રતાવાળી ઈજ્જતદાર જિંદગી અપનાવી લો, અને પાછલી ભૂલો જે હોય તેનાથી તૌબા કરી પતિની વફાદાર બની હમેશાંની જન્નતની હક્કદાર બનો.

**★ હે યુવાનો ! ફેસબુક કે મોબાઈલથી નાજાઈઝ સંબંધો જોડી જહન્નમ ન વહોરો ! ★**

એ ક઼ૌમો કે જેમનું આખેરત (ક઼બ્ર, ક઼યામત, જન્નત, જહન્નમ) પર કોઈ ઈમાન જ નથી અથવા એ લોકો કે જેમને આખેરતની કોઈ પરવા જ નથી ! તેવાઓનું અનુકરણ કરીને હે મુસલમાન યુવાનો ! તમે શા માટે બર્બાદ થઈ રહ્યા છો ?! યેનકેન પ્રકારે ગૈર સ્ત્રીઓ સાથે સંબંધો તમે કેળવશો તો એનો અંજામ જો અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવો છો તો વિચારી લો ! હદીષે પાકમાં છે : જો ગૈર સ્ત્રી પુરૂષ એકબીજાને જુએ તો તે હરામ જુએ છે અને જે હરામ જોવાથી પોતાની આંખો ભરશે તો ક઼યામતના દિવસે તેની આંખોમાં આગના સળીયા નાખવામાં આવશે." બીજી હદીષમાં છે કે, "જે સ્ત્રી પુરૂષ ગૈરને સ્પર્શ કરશે તો કાલે ક઼યામતના દિવસે એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે અને પૂરી કાઈનાતની સામે ક઼યામતમાં તેમની બેઈજ્જતી થશે." જેથી જેઓ મુસલમાન નથી તેમના રવાડે ન ચઢો ! તમે તો ઈમાનવાળા છો તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોથી દિલોમાં ખૌફ પેદા કરો અને જિંદગીને પાકીઝા બનાવો અને યોગ્ય નેક સ્ત્રી સાથે નિકાહ કરી લો અને ગલત માર્ગે ગુનાહોની રાહે જવાથી બચો.

ઘણુ કહેવું છે પણ સ્થળ સંકોચને કારણે અટકુ છું પણ જતાં જતાં નિકાહની ફઝીલત પણ જણાવી દઉં છું. સાંભળો ! હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنهથી રિવાયત છે કે, **"નિકાહવાળા (પરણીત)ની નમાઝ અપરણીતની નમાઝ કરતાં ૪૦ ગણી અધિક અફઝલ છે."** બીજી હદીષમાં છે : **"નિકાહ કરો ! કેમ કે નિકાહવાળાની એક દિવસની ઈબાદત (નિકાહ વિહોણાની) હજાર વરસોની ઈબાદતથી બેહતર છે."** હદીષે પાકમાં છે કે (શરઈ મજબૂરી વિના) **"નિકાહ વિનાનો મર્દ શૈતાનનો ભાઈ છે** ! જો નસ્રાની હોત તો અલગ વાત હતી પણ મુસલમાને તો મારી સુન્નત પ્રમાણે નિકાહ કરવો જોઈએ." *(નુઝહતુલ મજાલિસ, ૨/૪૮)* અલ્લાહ તઆલા સૌ મુસલમાનોને ઈસ્લામ પર ચાલવાની નેક તૌફીક઼ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન**
**આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِي
الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ
النَّارِ ﴿٢٠١﴾ اُولٰٓئِكَ لَهُمْ نَصِيْبٌ مِّمَّا كَسَبُوْا ؕ
وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿٢٠٢﴾ وَاذْكُرُوا اللّٰهَ فِيْٓ اَيَّامٍ
مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ تَعَجَّلَ فِيْ يَوْمَيْنِ فَلَآ اِثْمَ
عَلَيْهِ ۚ وَمَنْ تَاَخَّرَ فَلَآ اِثْمَ عَلَيْهِ ۙ لِمَنِ اتَّقٰى ؕ
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٢٠٣﴾
وَمِنَ النَّاسِ مَنْ يُّعْجِبُكَ قَوْلُهٗ فِي الْحَيٰوةِ
الدُّنْيَا وَيُشْهِدُ اللّٰهَ عَلٰى مَا فِيْ قَلْبِهٖ ۙ وَهُوَ اَلَدُّ
الْخِصَامِ ﴿٢٠٤﴾ وَاِذَا تَوَلّٰى سَعٰى فِي الْاَرْضِ لِيُفْسِدَ
فِيْهَا وَيُهْلِكَ الْحَرْثَ وَالنَّسْلَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ
الْفَسَادَ ﴿٢٠٥﴾ وَاِذَا قِيْلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتْهُ الْعِزَّةُ
بِالْاِثْمِ فَحَسْبُهٗ جَهَنَّمُ ؕ وَلَبِئْسَ الْمِهَادُ ﴿٢٠٦﴾ وَمِنَ
النَّاسِ مَنْ يَّشْرِيْ نَفْسَهُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ ؕ
وَاللّٰهُ رَءُوْفٌ بِالْعِبَادِ ﴿٢٠٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا
فِي السِّلْمِ كَآفَّةً ۪ وَلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ
اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٢٠٨﴾

અને કોઈ એવું કહે છે હે અમારા પાલનહાર ! અમને દુનિયામાં ભલાઈ આપ અને અમને આખિરતમાં ભલાઈ આપ અને અમને દોઝખના અઝાબથી બચાવ[૧૩૩] (૨૦૧) એવાઓને એમની કમાઈમાં ભાગ છે[૧૩૪] અને અલ્લાહ જલ્દી હિસાબ કરનાર છે[૧૩૫] (૨૦૨) અને અલ્લાહની યાદ કરો ગણેલા દિવસોમાં[૧૩૬] તો જે જલ્દી કરીને બે દિવસમાં ચાલ્યો જાય તેના પર કંઈ ગુન્હો નથી અને જે રહી જાય તેના પર (પણ) ગુન્હો નથી પરહેઝગાર માટે[૧૩૭] અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે તમારે તેના જ તરફ ઉઠવાનું છે (૨૦૩) અને અમુક માણસ તે છે કે દુનિયાના જીવનમાં તેની વાત તને સારી લાગે [૧૩૮] અને પોતાના અંતરની વાત પર ખુદાને ગવાહ લાવે અને તેને બધાંથી મોટો લડાઈખોર છે. (૨૦૪) અને જ્યારે પીઠ ફેરવે ત્યારે ધરતીમાં ફસાદ મચાવતો ફરે અને ખેતી અને જીવો (પ્રાણ) નાશ કરે અને અલ્લાહ ફસાદથી રાજી નથી (૨૦૫) અને જ્યારે તેને કહેવામાં આવે કે અલ્લાહથી ડરો તો તેને ગુનાહની વધારે ઝિદ ચઢે[૧૩૯] એવાને દોઝખ પૂરતી છે અને તે જરૂર ઘણી ખરાબ પથારી છે (૨૦૬) અને કોઈ માણસ પોતાના પ્રાણ વેચે છે[૧૪૦] અલ્લાહની મરજી મેળવવામાં અને અલ્લાહ બન્દાઓ પર મહેરબાન છે (૨૦૭) હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં પૂરા પ્રવેશો[૧૪૧] અને શયતાનના પગલે ન ચાલો[૧૪૨] બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૨૦૮)

## :: સમજૂતી ::

**૧૩૩.** દુઆ કરનારાઓના બે પ્રકાર ગણાવવામાં આવ્યા. એક તે કાફિરો જેમની દુઆમાં ફક્ત દુનિયાની માગણી કરતા હતા. આખિરત પર તેમને શ્રદ્ધા ન હતી. તેમના વિશે ફર્માવવામાં આવ્યું કે આખિરતમાં તેમનો કશો ભાગ નથી. બીજા ઈમાનદારો જે પોતાની દુઆમાં દુનિયા આખિરત બંનેની ભલાઈ માગે છે.

**મસ્અલો** : મો'મિન જે દુનિયાની ભલાઈની માગણી કરે છે તે પણ જાઈઝ કાર્યો તથા દીનની મજબૂતીમાં સહાય કરવા માટે હોય છે. માટે તેની એ દુઆ પણ દીનના કાર્યોમાંથી છે.

**૧૩૪. મસ્અલો** : આ આયતથી સાબિત થયું કે દુઆ પણ આમાલમાં દાખલ છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ ઘણા વખતે આ દુઆ માગતા રહેતા :–

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ
حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

**"રબ્બના આતિના ફીદુન્યા હસનતંવ વફીલ આખિરત હસનતંવ વકિતા અઝાબન્નાર."**

**૧૩૫.** નજીકમાંથી ક઼યામત ક઼ાયમ કરીને બંદાઓનો હિસાબ લેશે. માટે બન્દાઓએ ઝિક્ર, તાબેદારી અને દુઆમાં જલ્દી કરવી જોઈએ. એટલે કે વહેલી તકે આ કામોમાં લાગી જવું જોઈએ. *(મદારિક અને ખાઝિન)*

**૧૩૬.** એ દિવસોથી અય્યામે તશરીક (૯ ઝિલહજથી ૧૩ ઝિલહજ સુધીના દિવસો) અને ઝિક્રથી નમાઝો પછી તથા કાંકરા મારતી વખતે તક઼બીર કહેવી મુરાદ છે.

**૧૩૭.** અમુક તફસીર કરનારાઓનું કહેવું છે, જહાલતના સમયે બે જાતના લોકો હતા. અમુક વહેલા નાસી જતા, અમુક મોડેથી જતા અને બંને એકબીજાના કાર્યને ગુનાહનું કાર્ય કહેતા હતા. કુર્આન શરીફે કહ્યું કે એ બેમાંથી કોઈ પણ ગુનેહગાર નથી.

**૧૩૮.** આ અને એની આગળની આયત અચાનક બિન શરીક મુનાફિક વિશે ઉતરી. જે હુઝૂર ﷺની સેવામાં હાજર થઈને ખૂબ શરમાઈ શરમાઈને મીઠી મીઠી વાતો કરતો હતો અને પોતે મુસલમાન છે અને હુઝૂર સાથે મહોબ્બત ધરાવે છે એવું જાહેર કરતો અને એના પર ક઼સમો પણ ખાતો, અને અંદરખાનેથી ફસાદ ફેલાવવામાં મગ્ન રહેતો હતો. મુસલમાનોનાં ઢોર ઢાંખરને એણે મારી નાખ્યાં અને તેઓની ખેતીવાડીને આગ લગાડી દીધી હતી.

**૧૩૯.** અહીં ગુનાહનો મતલબ જુલ્મ, ઘમંડ અને નસીહત પ્રતિ ધ્યાન નહીં દેવાનો છે.

**૧૪૦. શાને નૂઝુલ** : હઝરત સુહેલ બિન સનાન રૂમી رضی اللہ عنہ મક્કા શરીફથી હિજરત કરી હુઝૂર ﷺની સેવામાં મદીના શરીફ રવાના થયા. કુરેશની એક મુશ્રિક જમાતે આપનો પીછો પકડયો. આપ સવારી પરથી નીચે ઉતરી પડયા અને ભાથામાંથી તીર કાઢી ફર્માવવા લાગ્યા. હે કુરૈશ ! હું જ્યાં સુધી તીર મારી મારીને બધું ભાથુ ખલાસ નહીં કરી દઉં ત્યાં સુધી તમારામાંથી કોઈ મારી પાસે આવી શકશે નહીં. પછી હું મારી તલવાર હાથમાં લઈને તમારી સાથે લડાઈમાં ઉતરવા ન માંગતા હોઉ તો હું તમને મારો જે માલ મેં મક્કામાં દાટયો છે તેની નિશાની બતાવી દઉં. પેલા રાજી થઈ ગયા. આપે આપની બધી જ માલ દોલતની નિશાની તેમને બતાવી દીધી. જયારે તેઓ હુઝૂર ﷺની સેવામાં હાજર થયા ત્યારે આ આયત ઉતરી. હુઝૂરે તિલાવત ફર્માવી અને કહ્યું કે તમારી આ હિમ્મત એક નફાકારક વેપાર છે.

**૧૪૧. શાને નૂઝુલ** : અહલે કિતાબમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન વધુ પેજ નં. ૧૧....પર

***હદીષ*** : અબૂ ઝયદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે નબી صلی اللہ علیہ وسلم એ જિન્નાતની રાત્રે[૧] તેમને ફર્માવ્યું કે તમારા વાસણમાં શું છે ? ફર્માવે છે, મેં અર્ઝ કરી, ''નબીઝ'' છે[૨]. ફર્માવ્યું, ખજૂર પાક છે અને પાણી પાક કરનાર[3]. અબૂ દાઊદ, અહમદ તથા તિર્મિઝીએ વધારો કર્યો કે, પછી એનાથી વુઝૂ કર્યું. તિર્મિઝી કહે છે કે અબૂ ઝયદ મજહૂલ છે[૪]. હઝરત અલ્કમા સહીહ રિવાયત સાથે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી નક્લ કરે છે, ફર્માવે છે કે હું જિન્નાતની રાતે હુઝૂર صلی اللہ علیہ وسلم સાથે હતો જ નહી[૫]. (મુસ્લિમ શરીફ)

હઝરત કબ્શા બિન્તે કઅબ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. આપ અબૂ કતાદાના પુત્રનાં પત્ની હતાં. અબૂ કતાદા તેમની પાસે આવ્યા[૭]. તો તેમણે અબૂ કતાદા માટે વુઝૂનું પાણી કાઢયું. બિલાડી આવીને એમાંથી પીવા લાગી. આપે એના માટે વાસણ નમાવી દીધું ત્યાં સુધી કે તેણે પી લીધું. કબ્શા ફર્માવે છે કે મને અબૂ કતાદાએ પોતાની તરફ જોતાં જોયી તો બોલ્યા, ભત્રીજી ! શું તમો આશ્ચર્ય કરો છો ? બોલ્યાં, હા ! તો ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે બિલાડી નજીસ નથી, તે તમારા પર ફરનારાઓ અથવા ફરનારીઓમાંથી છે[૮]. (માલિક, અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

હઝરત અબૂ દાઊદ ઈબ્ને સાલેહ ઈબ્ને દીનારથી રિવાયત છે. તે પોતાનાં વાલિદાથી રિવાયત કરે છે કે તેમનાં માલિકાએ તેમને હરીસા (હલવો) આપીને હઝરત આઈશાની પાસે મોકલ્યાં[૯]. મેં આપને નમાઝ પઢતાં જોયાં, મને ઈશારો કર્યો કે રાખી દો[૧૦]. એક બિલાડી જે એમાંથી ખાય ગઈ. જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہا નમાઝથી ફારિગ થયાં તો આપે ત્યાંથી જ ખાધુ જ્યાંથી બિલાડીએ ખાધુ હતું. ફર્માવવા લાગ્યાં, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બિલાડી નજીસ નથી, તે તો તમારા પર ફરનારાંઓમાંથી છે ?[૧૧] અને મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને જોયા કે બિલાડીના વધેલા પાણી વડે વુઝૂ કરતા હતા[૧૨]. (અબૂ દાઊદ)

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને પૂછવામાં આવ્યું કે શું અમે ગધેડાઓના એઠાથી વુઝૂ કરી લઈએ ? ફર્માવ્યું, હા ! અને એનાથી પણ જેને સર્વ ફાડી ખાનાર જાનવરો (દરિન્દા)એ પણ એવું કર્યું હોય[૧૨]. (શરહુસ્સુન્નહ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** જે રાતે જિન્નાત હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં ઈમાન લાવવા માટે હાજર થયા અને હુઝૂર صلی اللہ علیہ وسلم એમને તબ્લીગ કરવા માટે ઈબ્ને મસ્ઊદને પોતાની સાથે લઈને શહેરની બહાર તશરીફ લઈ ગયા. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની પાસે આદત પ્રમાણે પાણીનો લોટો હતો.

**૨.** એટલે કે ખજૂરનું નીતારેલું શરબત કે રાતે ખજૂરો પાણીમાં ભીંજવી દેવામાં આવે અને સવારે નીતારી લેવામાં આવે.

**3.** આવું કહીને હુઝૂર صلی اللہ علیہ وسلم એ એના વડે વુઝૂ કર્યું જેવું કે મસાબીહની રિવાયતમાં છે. આ હદીષ ઈમામે

આ'ઝમની દલીલ છે કે ખજૂરના શરબતથી વુઝૂ જાઈઝ છે એ શર્તે કે ગાઢ ન હોય બલ્કે ખૂબ જ પાતળુ હોય.

**૪.** એટલે કે એમના હાલાતનો ઈલ્મ ન થઈ શક્યો કે કેવા હતા, પરંતુ ઈમામ ઈબ્ને હુમામ ફર્માવે છે કે આ હદીષ ઘણી બધી ઝઈફ અસ્નાદોથી રિવાયત થયેલ છે, પરંતુ ઘણી બધી ઝઈફ અસ્નાદ ભેગી થતાં કવી (મજબૂત) થઈ જાય છે. *(જુઓ કુતુબે ઉસૂલે હદીષ)*

**૫.** યાદ રાખશો કે લયલતુલ જિન્ન (જિન્નાતની રાત) છ છે. એકવાર બકીઉલ ગરકદમાં જિન્નાતની તબ્લીગ કરી, એમાં હઝરત ઈબ્ને મસ્ઊદ હુઝૂર ﷺની સાથે હતા. બે વાર મક્કા મોઅઝ્ઝમામાં, એકવાર મદીના તયબહમાં ઝુબૈર ઈબ્ને અવામ સાથે હતા. જેથી અલ્કમાની આ રિવાયત પણ દુરુસ્ત છે કે ઈબ્ને મસ્ઊદ સાથે ન હતા અને એ પણ દુરુસ્ત છે કે સાથે હતા અને નબીઝનો આ બનાવ બન્યો હતો. અથવા અલ્કમાની રિવાયતનો એ મતલબ છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ લયલતુલ જિન્નમાં હુઝૂર ﷺની સાથે તબ્લીગના વખતે ન હતા, કેમ કે હુઝૂર ﷺ એમને દૂર મૂકીને ગયા હતા અને આપની આસપાસ સીમા (ઘેરાવ) માટે ગોળ લાઈન ખેંચીને ગયા હતા કે આનાથી આગળ ન નીકળશો. જેવું બીજી રિવાયતોમાં છે. એનાથી સૂફિયાએ કિરામ સીમારેખા (હિસાર)ના મસાઈલ લાગુ કરે છે. જેથી હઝરત અલ્કમાની આ હદીષ એ બીજી હદીષની વિરુદ્ધ નથી. *(મિર્કાત વ અશ્અહ)*

યાદ રાખશો કે ખજૂરના નબીઝ (પાતળા શરબત)થી વુઝૂ જાઈઝ હોવું કયાસની વિરુદ્ધ છે, કેમ કે નબીઝ તદ્દન પાણી નથી અને વુઝૂ કેવળ એકલા પાણી વડે જ થઈ શકે છે. પણ કેમ કે હદીષે પાકમાં આવી ગયું જેથી ખજૂરના નબીઝ સિવાય અન્ય કોઈ નબીઝથી વુઝૂ જાઈઝ નથી, જેમ કે કિશમિશ (સૂકી દ્રાક્ષ) વગેરેનું નબીઝ. આના પરથી તે લોકો બોધગ્રહણ કરે જેઓ કહે છે કે ઈમામે આ'ઝમ હદીષના બદલે કયાસ પર અમલ કરે છે. નઊઝુબિલ્લાહ ! એ પણ યાદ રાખશો કે ખજૂરના નબીઝથી વુઝૂ ત્યારે જ દુરુસ્ત છે જ્યારે કે ગાઢ ન હોય, પાણીનાં અંશો અધિક પ્રમાણમાં હોય. જો ખજૂરના અંશો વિશેષ પ્રમાણમાં થઈ જાય અને પાણી ઘટ્ટ થઈ જાય તો વુઝૂ જાઈઝ નથી, તયમ્મુમ કરવામાં આવે. અને આ બંનેવની અધિક્તામાં શક થાય (કે પાણી વધુ છે કે ખજૂરના અંશો વધુ છે ?!) તો વુઝૂ પણ કરે અને તયમ્મુમ પણ. જેથી ઈમામ સાહબથી જે રિવાયત થયેલ છે કે આપે ક્યારેક તો નબીઝથી વુઝૂનો હુકમ આપ્યો, ક્યારેક વુઝૂથી મના ફર્માવ્યું અને તયમ્મુમનો હુકમ આપ્યો અને ક્યારેક બંનેવનો. તો એ વિવિધ સંજોગોના કારણે છે.

**૬.** આપ પોતે પણ સહાબિયા છે અને આપના પિતા કઅબ ઈબ્ને માલિક પણ સહાબી છે જેમની તૌબાનો બનાવ પ્રખ્યાત છે, જેમના બારામાં સૂરએ તૌબાની આયતો ઉતરી છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબી કતાદાનાં પત્ની છે.

**૭.** આપનું નામ હારિષ ઈબ્ને રબીઅ છે. અન્સારી છે. મશહૂર નિષ્ણાત ઘોડે સવાર છે. આપના પુત્રનું નામ અબ્દુલ્લાહ છે.

**૮.** આ હદીષથી અમુક ઉલમાએ એના માટે દલીલ પકડી કે બિલાડીનું એઠુ ન તો નાપાક છે ન મકરૂહ, એના વડે વિના કરાહતે વુઝૂ જાઈઝ છે. આપણા ઈમામ સાહબને ત્યાં જો બિલાડી, ઉંદર અથવા નાપાકી ખાયને મોં સાફ કર્યા વિના વાસણમાં મોં નાખી દે તો પાણી પણ નાપાક છે અને વાસણ પણ ગંદુ છે. અને જો મોં સાફ કરીને પાણી પી જાય તો તે પાણી મકરૂહ છે અને એનાથી વુઝૂ કરવું મકરૂહે તન્ઝીહી. ઈમામ સાહબનો કૌલ કવી (મજબૂત) છે અને એ ઉલમાનું આ હદીષથી ઈસ્તિંબાત (મસાઈલ કાઢવું) ઝઈફ છે, કેમ કે એ હઝરત અબૂ કતાદાનો ઈજતેહાદ છે. હુઝૂર ﷺએ કેવળ એવું ફર્માવ્યું, કોઈ નાપાકી નથી. એટલે કે એનું શરીર નાપાક નથી, એમાં એવું ક્યાં છે કે એનું થૂક અને એઠુ પણ

તદ્દન પાક છે. જુઓ કૂતરાનું સૂકુ, શરીર નાપાક નથી પણ તેનું એઠુ નાપાક છે. તહાવી શરીફે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, જ્યારે બિલાડી વાસણ ચાટી જાય તો તેને એક કે બે વાર ધૂઓ. તેમજ એ જ તહાવીમાં છે કે સૈયદના ઈબ્ને ઉમર કૂતરા, બિલાડી અને ગધેડાના એઠા વડે વુઝૂ કરતા ન હતા બલ્કે એનાથી મના કરતા હતા. એના વિશે અન્ય ઘણી બધી રિવાયતો તહાવીમાં નકલ થયેલી છે. તેમજ જેનો ગોશ્ત નાપાક અને હરામ હોય એનું એઠુ પણ પાક ન હશે. બિલાડીનો ગોશ્ત નાપાક અને હરામ છે જેથી એનું એઠુ નાપાક હોવું જોઈતુ હતું, પરંતુ કેમ કે ઘરોમાં આવજા કરે છે તેમજ નાપાકીઓથી નથી બચતી જેથી તેનું એઠુ મકરૂહ છે. જેમ કે નાનાં બાળકો જે નાપાકીથી પરહેઝ ન કરી શકે, જો તે પાણીમાં હાથ નાખી દે તો પાણી મકરૂહ થઈ જશે.

**૯.** દાઊદ ઈબ્ને સાલેહ મદની છે. જલીલુલ કદ્ર તાબઈ છે. અબૂ કતાદા અન્સારીના આઝાદ કરેલા ગુલામ છે. આપનાં વાલિદા (માતા) પણ કોઈનાં આઝાદ કરેલ લોંડી હતાં. હરીસા હર્સથી બન્યું, એટલે કે ખૂબ જ વાટવું. અરબનો મશ્હૂર હલ્વો છે.

**૧૦.** આંગળી વડે સહેજ ઈશારો કર્યો અથવા માથાને હલાવીને. નમાઝમાં જરૂરતને સમયે આટલો સહેજ ઈશારો કરવો જાઈઝ છે.

**૧૧.** એમાં પણ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاનો ઈજતેહાદ છે. હુઝૂર ﷺએ બિલાડીના શરીરને પાક દર્શાવ્યું, પણ થૂક કે એઠાનો ઉલ્લેખ નથી કર્યો.

**૧૨.** આ વાક્ય ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની વિરુદ્ધ નથી, કેમ કે એના વડે વુઝૂ કેવળ મકરૂહે તન્ઝીહી જ છે. હુઝૂરે જાઈઝ હોવાના વર્ણન ખાતર કર્યું અને શક્ય છે કે બીજુ પાણી ન હોવાને લીધે એના વડે વુઝૂ કર્યું હોય.

**૧૩.** આ હદીષના આધારે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સર્વ દરિન્દાઓ (ફાડી ખાનાર જાનવરો)નું એથુ પાક છે. ઈમામે આ'ઝમ, ઈમામ અહમદને ત્યાં નાપાક છે.

ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનો કૌલ કવી છે. અને આ હદીષમાં તળાવોનું પાણી અથવા વહેતુ પાણી મુરાદ છે. તે નજાસત પડી જવાથી નાપાક નથી થતુ. જેમ કે ત્રીજા વિભાગમાં આવી રહ્યું છે, નહીં તો હદીષ ઈમામ શાફઈથી પણ વિરુદ્ધ થશે, કેમ કે કૂતરુ તથા સુવ્વર પણ દરિન્દામાંથી છે જેથી એવું હોવું જોઈએ કે એમનુ એઠુ પણ પાક હોય. જ્યારે દરિન્દાઓ (ફાડી ખાનાર જાનવરો)નો ગોશ્ત નાપાક છે તો તેમનું એઠુ પણ નાપાક હોવું જોઈએ, કેમ કે થૂક ગોશ્તથી પેદા થાય છે. યાદ રાખશો કે ગધેડાનું એઠુ પાક તો છે પણ તેના પાક કરતા હોવામાં (મુતહ્હરિયતમાં) શંકા છે, કેમ કે એમાં સહાબાએ કિરામનો ઘણો જ મતભેદ છે, જેથી વિના જરૂરતે એના વડે વુઝૂ ન કરે, જો બીજુ પાણી ન મળે તો વુઝૂ પણ કરે, તેની સાથે તયમ્મુમ પણ કરે.

પેજ નં. ૦૮ નું ચાલુ...

સલામ અને આપના સાથીદારો હુઝૂર ﷺ પર ઈમાન લાવ્યા પછી હઝરત મૂસાની શરીઅતના અમુક હુકમો પર અમલ કરતા રહ્યા. શનિવારની ઈજ્જત કરતા અને તે દિવસે શિકાર કરવાથી બચતા હતા. તેમજ ઊંટના દૂધ અને માંસથી પણ દૂર રહેતા હતા અને વિચારતા કે આ બાબતો ઈસ્લામમાં માત્ર મુબાહ છે, એમનું કરવું જરૂરી તો નથી અને તવરાતમાં એનાથી બચવાનું જરૂરી કહેવામાં આવ્યું છે, તો એને છોડવામાં ઈસ્લામનો વિરોધ પણ નથી અને હઝરત મૂસાની શરીઅત પર પણ અમલ થશે. ત્યારે આ આયત ઉતરી અને ફર્માવવામાં આવ્યું કે ઈસ્લામના એહકામનું સંપૂર્ણપણે પાલન કરો. એટલે કે તવરાતના હુકમ મન્સૂખ થઈ ચૂક્યા, હવે તેના પર અમલ ન કરો. *(ખાઝિન)* **૧૪૨.** એના વસવસાઓ અને શંકાઓમાં ન ફસાવ.

**અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત**

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફ્તેખાર અહમદ કા઼દરી**

*(દારુલ ઉલૂમ કા઼દરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## અસ્સમદ الصَّمَدُ

**(મક઼સૂદે હક઼ીક઼ી-અસલ હેતુ)**

**સમજૂતી** : તે બેનિયાઝ ઝાત જેના તરફ હાજતો તેમજ પસંદીદા ચીજોને મેળવવા માટે ધ્યાન કરવામાં આવે અને જે બંદાને અલ્લાહ પાક એવી પોઝિશન અતા કરે કે તમામ લોકો પોતાની દીની તથા દુનિયવી જરૂરિયાતો પૂરી કરવા માટે તેનો સહારો લે અને તેના હસ્તે મખ્લૂક઼ની હાજતો પૂરી થવા લાગે તો સમજી લેવું કે તે બેનિયાઝ ઝાતે તેને આ મક઼ામ તથા મર્તબો અર્પણ કરી તેના પર એહસાન ફર્માવ્યું. પરંતુ એ વાત તો જગજાહેર છે કે સમદે મુત્લક઼ અલ્લાહની ઝાત જ છે.

**દર્સ તથા સબક઼** : જો આ "સમદ"ની મદદ અને તૌફીક઼થી જે કોઈ બંદો લોકોની જરૂરતો પૂર્ણ કરવા લાગે, લોકો તેને પોતાનો સહારો તથા મદદ હાંસલ કરવાનું ઠેકાણુ બનાવી લે તો તે તેની મોટી સઆદત હશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ صَمَدُ **"સમદ"**ના ઝિક્રથી ઝિક્ર કરવાવાળાની **જિંદગીમાં ભલાઈ તથા બેહતરી આવશે.** જે કોઈપણ સહેરીના સમયે એકસો પચ્ચીસવાર يَاصَمَدُ **"યા સમદ"** પઢશે તે શખ્સના દિલમાં સિદ્દીક઼િયત તથા સદાક઼તની નિશાનીઓ જાહેર થશે. તે શખ્સ ભૂખની તકલીફથી મેહફૂઝ રહેશે. અરબઈને ઈદરીસિયામાં છે કે :–

**يَا صَمَدُ بِعِلْمِهٖ مَنْ غَيْرِ شَبِيهٍ وَ لَا شَيْءَ كَمِثْلِهٖ "યા સમદુ બિઈલ્મિહિ મન્ ગ઼યરિ શબીહિન્ વ લા શય્અ કમિષ્લિહિ."**ને કોઈ એવા માણસ જેના પર ફિસ્ક઼ો ફુજૂર ગાલિબ આવી ગઈ અને તેનાથી છૂટકારો ન મળતો હોય તે શખ્સ જુમેરાત તથા જુમ્આનો રોઝો રાખી ગોશ્ત અને માછલીથી પરહેઝ કરી, દરરોજ ઉપર જણાવેલ દુઆ ૧૦૦ વાર પઢે, ઈન્શાઅલ્લાહ ! તેમાં ભલાઈ અને બેહતરી પેદા થશે.

## الْقَادِرُ، الْمُقْتَدِرُ
## અલ્ ક઼ાદિર-અલ્ મુક઼તદિર

**(ઘણા જ ઈક્તેદારવાળો, ઘણી જ કુદરતવાળો)**

**સમજૂતી** : બંનેવ નામોનો અર્થ છે : કુદરતવાળો. પરંતુ એટલો તફાવત જરૂર છે કે مُقْتَدِرُ **"મુક઼તદિર"**માં આ મતલબ વધારે તાક઼ત ધરાવે છે. ક઼ાદિરે મુત્લક઼ તે હસ્તી છે જે દરેક મૌજૂદને એ પ્રમાણે સર્જે છે કે એમાં તે એકલી અને અજોડ છે, બીજાની મદદ તથા હેલ્પથી બેનિયાઝ અને બેપરવાહ છે, તેની કુદરતે કામિલાના મુક઼ાબલામાં બંદાની કુદરત અપૂર્ણ તથા અધૂરી છે.

**દર્સ તથા સબક઼ :** બંદો ક઼ાદિરે મુત્લકની રઝા હાંસલ કરવા માટે પોતાની તમામ કોશિશો તથા તાક઼તો કામમાં લાવે, તેની ઈતાઅત અને બંદગીમાં પોતાની તમામ તાક઼ત ખર્ચ કરી નાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જ્યારે બંદો બાહય અથવા અંદરની કમજોરી કે કમશક્તિ મહેસૂસ કરે તો બે રકાત નફલ નમાઝ અદા કર્યા પછી ૧૦૦ વાર يَاقَادِرُ **"યા ક઼ાદિરુ"**નો વિર્દ કરે તો તેનામાં ઘણી જ તાક઼ત તથા કુવ્વત પૈદા થશે. તેમજ વુઝૂ કર્યા પછી આ જ નામે પાકનો ૧૦૦ વાર વિર્દ કરવામાં આવે તો પોતાના દુશ્મન પર ગાલિબ થઈ જશે.

**اَلْمُقْتَدِرُ "અલ મુક઼તદિર"**ની ખાસિયત એ છે કે એના વિર્દથી રબ તઆલાની તરફથી તદબીર અતા થાય છે. જે શખ્સ ઊંઘથી જાગીને અમુક વાર એનો ઝિક્ર કરી લે તો અલ્લાહ ﷻ એને મક઼સદોની પ્રાપ્તિ માટે એવી તદબીરો અતા ફર્માવી આપશે કે તે કોઈ બંદાનો મોહતાજ નહીં થાય.

## اَلْمُقَدِّمُ، اَلْمُؤَخِّرُ
## અલ્ મુક઼દ્દિમ-અલ્ મુઅખ્ખિર
**(પાછળ કરનાર, આગળ કરી દેનાર)**

**સમજૂતી :** રબ તઆલા જેને ચાહે પોતાની નજીક કરી દે અને જેને ચાહે પોતાનાથી દૂર કરી દે. જેને નજીક કરે છે તેને આગળ વધારી દે છે, જેને દૂર કરે છે તેને પાછળ ધકેલી દે છે.

દરેક મોડ પર કોઈ ન કોઈ મક઼સદ હોવો જરૂરી છે. તે જ મક઼સદને લઈને દરેક શખ્સ જિંદગીમાં આગળ વધે છે. તે મક઼સદને છોડનાર પાછળ તરફ જાય છે, અને તે મક઼સદ અલ્લાહ તઆલા છે. જે કોઈ એ ઝાત તરફ વધ્યો તે સૌથી ઉપર અને આગળ વધતો ગયો, અને જે કોઈ એ ઝાતથી પાછળ હટયો તેની મુસાફરી પાછળની તરફ (અધોગતિ) ચાલુ રહે છે. તે જેને ચાહે છે આગળ વધારે છે એટલા માટે તે મુક઼દ્દમ છે, અને તે જ ગલત રસ્તા પર ચાલનારને પાછળ કરી દે છે, તો તે اَلْمُؤَخِّرُ **"મુઅખ્ખિર"** છે.

**દર્સ તથા સબક઼ :** આ બંનેવ મુબારક નામોથી બંદાઓએ સબક઼ લેવો જોઈએ કે દરેક પોતાની જિંદગીના દરેક વળાંક પર અલ્લાહની રઝામંદીને અગ્રિમતા આપે, અને જે વાતો અલ્લાહની મરજી વિરુદ્ધની હોય તેનાથી પોતાના દિલને દૂર રાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلْمُقَدِّمُ **"અલ્ મુક઼દ્દિમ"**ની ખાસિયત એ છે કે જંગના મેદાનમાં લડાઈની શરૂઆતમાં જે કોઈ આ નામનું વિર્દ કરશે તે ગાલિબ રહેશે. اَلْمُؤَخِّرُ **"અલ્ મુઅખ્ખિર"**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દરેક બુરી અને નાપસંદીદા ચીજોથી બંદો પાછળ રહે છે, અને તેના પર તૌબા અને તક઼વાના દરવાજાઓ ખુલી જાય છે.


## ધોરાજીમાં સુન્ની ઈજતેમા

**ધોરાજી : ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"નો ૧૮મો સાલાના ઈજતેમા યોજાશે.**

**મુક઼ર્રિરીન**
હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)

| | |
|---|---|
| **બહેનો માટે :–** તા. ૬/૨/૨૦૧૬ શનિવાર (બપોરના ૩ થી સાંજના ૭ વાગ્યા સુધી) **સ્થળ :** શાહજી હોલ, જેતપુર રોડ, ધોરાજી | **ભાઈઓ માટે :–** તા. ૭/૨/૨૦૧૬ રવિવારે (બપોરના ૩ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી) **સ્થળ :** વાદીએ સૈરાની, ખ્વાજા સાહબ મેદાન, બહારપુરા–ધોરાજી |

**અદાઈ : સુન્ની દા'વતે ઈસ્લામી–ધોરાજી બ્રાન્ચ.**

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**રોનકે બઝ્મ જહાં હૈં આશિક઼ાને સોખ્તહ**
**કહ રહી હૈ શમ્અ કી ગોયાં ઝબાને સોખ્તહ**

*(રોનક = ચમક દમક, બઝ્મ = મેહફિલ, આશિક઼ાને સોખ્તહ = દિલ જલે)*

**અર્થાત :** આ સૃષ્ટિની સર્વ રોનકો આશિક઼ાને રસૂલ ﷺના જ કારણે છે અને આ વાતની ગવાહી શમ્અ પણ આપી રહી છે કે જે ખુદ સળગતી રહે છે અને મેહફિલને રોશનીઓ વહેંચતી રહે છે.

*ઈશ્ક઼ જિસ દિલમેં નહીં વો દિલ નહીં—યાર કે રહને કી વો મંઝિલ નહીં*

**જિસકો ક઼ુર્સે મહર સમઝા હૈ જહાં અય મુન્ઈમો**
**ઉનકે ખ્વાને જૂદ સે હૈ એક નાને સોખ્તહ**

*(ક઼ુર્સે મહર = સૂરજનો ગોળો, મુન્ઈમો = મુન્ઈમનું બહુવચન માલદારોના અર્થમાં, ખ્વાને જૂદ = સખાવતનું દસ્તરખાન, નાને સોખ્તહ = સળગેલી રોટી)*

**અર્થાત :** હે દુનિયાવાળાઓ ! ઈશ્ક઼થી અજાણ અને માલો દૌલતના લાલચુ દુનિયાદારો ! જેને સૂરજ સમજો છો, ભલા આશિક઼ાને મુસ્તફા ﷺને પૂછો કે એ શું છે ?! તો એ તમને બતાવશે કે એ અમારા આક઼ા ﷺના દસ્તરખાનની સળગી ગયેલી કેવળ એક રોટી છે.

*અબ ઈસકો જોશે ઈશ્ક઼ સમઝ યા જુનૂને ઈશ્ક઼—આતા હૈ નામ તેરા લબોં પર ખુદા કે બાદ*

**માહે મન યહ નૈયરે મહશર કી ગર્મી તા બકે**
**આશિતે ઈસ્યાં કે ખૂદ જલતી હૈ જાને સોખ્તહ**

*(માહે મન = મારા ચાંદ, નૈયર = સૂરજ, તા બકે = ક્યાં સુધી, ઈસ્યાં = ગુનાહ)*

**અર્થાત :** હે મારા (મદની) ચાંદ (આક઼ાએ દો જહાં ﷺ) ! આપના હોવા છતાં આ મેહશરના સૂરજની ક઼યામતખેઝ ગરમી ક્યાં સુધી રહેશે ?! અમારી જાન તો ગુનાહોની આગમાં પહેલાંથી જ સળગી રહી છે. આ સૂરજે તો શરીરને પણ સળગાવવાનું શરૂ કરી આપ્યું છે. થઈ જાય જરા અબરે કરમનો એક છાંટો તેના મોં પર કે જેથી તેનો જોશ તો ખત્મ થાય, અને આપના દીદારના મતવાલાઓને જોઈને જાણી લે કે આ દીવાના મને જોવાને માટે નથી એકઠા થયા પણ એ તો પોતાના મહબૂબને જોવા ભેગા થયા છે !

*ફક઼ત ઈતના સબબ હૈ ઈન્એક઼ાદે બઝ્મે મેહશર કા—કે ઉન્કી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**બર્કે અંગુશ્તે નબી ચમકી થી ઈસ પર એકબાર**
**આજ તક હે સીનએ મહ મેં નિશાને સોખ્તહ**

*(બર્કે અંગુશ્તે નબી = હુઝૂર ﷺની આંગળીની વીજળી (નૂર), સીનએ મહ = ચાંદનો સીનો)*

**અર્થાત :** હબીબે યમની અને મક્કાના કાફિરોની માંગણી પર આપે રોશન ચાંદ પર એક જ વાર પોતાની આંગળીની વીજળી પાડી હતી, આજ સુધી એના સીના પર સળગેલાનું નિશાન મૌજૂદ છે, જે દુનિયાવાળાઓને એ દર્સ આપી રહેલ છે કે શું પૂછો છો આંગળીના ઈશારાનું ?!

*ઉઠે તો બિજલી પનાહ માંગે–ગિરે તો ખાના ખરાબ કર દે*

**મહરે આલમ તાબ ઝુકતા હે પએ તસ્લીમ રોઝ**
**પેશે ઝર્રાતે મઝાર બયદલાને સોખ્તહ**

*(મહરે આલમ તાબ = જગતને રોશન કરનારો સૂરજ, પએ તસ્લીમ = સલામીના માટે, રોઝ = દરરોજ, પેશ = સામે, ઝર્રાતે મઝાર = કબ્રના રજકણો, બયદલાં = આશિકાને રસૂલ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ આપની મહોબ્બતમાં જેઓ પોતાના જાન તથા દિલને સળગાવી ચૂક્યાં છે તેમનો કેવો મકામ થઈ ગયો કે તેમના મઝારની ખાકને સૂરજ પણ સલામ કરીને પસાર થાય છે. જો કોઈને યકીન ન આવે તો અસ્હાબે કહફનો બનાવ પઢી લે.

وَتَرَى الشَّمْسَ اِذَا طَلَعَتْ تَّزٰوَرُ عَنْ كَهْفِهِمْ ذَاتَ الْيَمِيْنِ وَاِذَا غَرَبَتْ تَّقْرِضُهُمْ ذَاتَ الشِّمَالِ وَهُمْ فِىْ فَجْوَةٍ مِّنْهُ

**તર્જુમો :** "અને હે મહબૂબ ! તમે સૂર્યને જોશો કે જ્યારે નીકળે છે તો તેમની ગુફાથી જમણી બાજુ ફંટાય જાય છે અને જ્યારે અસ્ત થાય છે ત્યારે તેમની ડાબી બાજુ વંકાય જાય છે. જો કે તેઓ ગુફાના ખુલ્લા મેદાનમાં છે. *(સૂરએ કહફ, આ. ૧૭)*

કોઈ પોતાના અનુવાદકનો તર્જુમો જોઈ લે, જો આ'લા હઝરત رحمۃ اللہ علیہનો તર્જુમો કન્ઝુલ ઈમાન પસંદ નથી તો ! પરંતુ એકવાર યાદ રાખશો કે જ્યારે હઝરત ઈસા علیہ السلامના "બે દિલાને સોખ્તહ" (આશિકો)ની શાન આ છે તો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર જાન નિછાવર કરનારાઓનો મકામ શું હશે ?!

*ક્યા અકલને સમઝા હે ક્યા ઈશ્કને સમઝા હૈ–ઉન ખાક નશીનોં કી ઠોકરમેં ઝમાના હૈ*

**કૂચએ ગેસૂએ જાનાંસે ચલી ઠંડી નસીમ**
**બાલો પર અફશાં હોં યા રબ બુલબુલાને સોખ્તહ**

*(કૂચએ ગેસૂએ જાનાં = મહબૂબની ઝુલ્ફોની ગલી, નસીમ = નરમ અને સુગંધીદાર હવા, અફશાં = ઝટકવું, છાંટવું)*

**અર્થાત :** હે અલ્લાહ ! તારા મહબૂબ ﷺના ગેસૂઓ (મુબારક બાલો)ને સ્પર્શીને ચાલનારી હવા ક્યારે અહીં પહોંચશે ?! કેમ કે સોખ્તા બુલબુલો (આશિકાને મુસ્તફા ﷺ) પોતાનો વાળો તથા પાંખો એ હવા પર નિછાવર કરવા તૈયાર લઈને બેઠેલ છે કે મદીનાની હવા આવે અને અમે સરકાર ﷺની નઅતખ્વાનીમાં વ્યસ્ત થઈ જઈએ. "કૂચએ ગેસૂએ જાન"થી હુઝૂર ﷺની સીધી તથા નૂરાની માંગ (સેંથો) મુરાદ છે જેના બારામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના મશહૂરે ઝમાના સલામમાં ફર્માવે છે :–

*લયલતુલ કદ્રમેં મત્લઉલ ફજરે હક્ક–માંગ કી ઈસ્તિકામતપે લાખોં સલામ*

તો ગેસૂએ જાનાંનો કૂચો (ગલી) કહેવામાં જે હુસ્ન તથા ઈતાઅત છે એની મજા અહલે ઈશ્કો મહબ્બત જ લઈ શકે છે. ઈશ્કનો શબ્દ સાંભળીને લકવાગ્રસ્તની જેમ થઈ જનારા ઈશ્કના રાઝને શું સમજી શકે ?!

**બહરે હક્ક અય બહરે રહમત ઈક નિગાહે લુત્ફ બાર**
**તા બકે બેઆબ તળપેં માહિયાને સોખ્તહ**

*(બહર = વાસ્તે, બહર = સમુદ્ર, બાર = વરસાવ, બેઆબ = પાણી વિના, માહિયાન = માહીનું બહુવચન, માછલીઓ)*

**અર્થાત :** હે મારા પ્યારા રહમતવાળા આકા ! અબ્રે રહમત (રહમતના વાદળ)થી એક છાંટો વરસાવી દો, આપના દીદારના પ્યાસા ક્યાં સુધી પાણી વિનાની માછલીઓ જેમ તડપતા રહેશે ?!

**રૂકશે ખુર્શિદે મહશર હો તુમ્હારે ફયઝસે**
**ઈક શરારે સીનાએ શયદાઈયાને સોખ્તહ**

*(રૂકશ = શર્મિંદા, શરાર = ચિન્ગારી)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! આપના ફયઝે કરમથી આપના આશિકોનો કયામતના દિવસે શું મકામ હશે કે તેમના સીનાઓએથી આપના ઈશ્કનો એક જ શોલો (ભડકો) સૂરજને શર્મિંદા કરી દેશે અને એ દીવાનાઓનો સામનો ન કરી શક્તાં પરત થઈ જશે. તો આપનું એ શયદાઈયાને દિલ સોખ્તહ (આશિકાને મુસ્તફા ﷺ) પર કેટલું એહસાન છે કે :–

*ગમ દે કે અપને ઈશ્ક કે કાબિલ બના દિયા–મમનૂન હૂં કે દિલ કો મેરે દિલ બના દિયા*

**આતિશે તર દામનીને દિલ કિએ ક્યા ક્યા કબાબ**
**ખિઝર કી જાં હો જિલા દો માહિયાને સોખ્તહ**

*(આતિશે તરદામની = ગુનેહગારીની આગ, ખિઝર કી જાન = હુઝૂર ﷺ, જિલા દો = જીવંત કરી દો)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ ગુનાહોની આદતે દિલને સળગાવી સળગાવીને કબાબ પર કબાબ બનાવી દીધું છે. હું આપની નિગાહે રહમતથી શા માટે માયૂસ થઈ જાઉં અને સમજવા લાગું કે આ મુર્દા થયેલા દિલને આપ જીવંત નથી કરી શક્તા ?! જો હઝરત મરયમનો હાથ લાગે તો ખજૂરની સૂકી ડાળી ખજૂરો આપી શકે છે : **وَهُزِّيْٓ اِلَيْكِ بِجِذْعِ النَّخْلَةِ تُسٰقِطْ عَلَيْكِ رُطَبًا جَنِيًّا** તર્જુમો : "અને ખજૂરનું મૂળ પકડીને પોતાની તરફ હલાવ, તારા પર તાજુ ખજૂર પડશે." *(સૂરએ મરયમ, આ. ૨૫)* હઝરત ખિઝર علیہ السلام શેકેલી માછલીને જીવંત કરી શકે છે, તો આપ તો હે મારા આકા ! ﷺ આપ તો હઝરત ખિઝરની પણ જાન છો ! આપના માટે એને જિંદગી આપવી કયુ મુશ્કેલ કામ છે ? આપની એક નઝરે કરમ થઈ જાય તો મારા મુર્દા દિલ જેવાં હજારો લાખો દિલ જીવંત થઈ જાય !

*ઈક દિલ હમારા કયા હૈ આઝાર ઉસકા કિતના–તુમને તો ચલતે ફિરતે મુર્દે જિલા દિયે હૈં*

**આતિશે ગુલહાએ તયબહ પર જલાને કે લિએ**
**જાન કે તાલિબ હૈં પ્યારે બુલબુલાને સોખ્તહ**

*(ગુલહાએ તયબહ = મદીનાનાં ફૂલ, જાનકે તાલિબ = જાન કુર્બાન કરવાની ઈજાઝત તલબ કરનારા)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપના તયબહ શહેરનાં ખિલેલાં લાલ રંગનાં ફૂલો આશિક઼ોને પોતાની તરફ ખેંચી રહ્યાં છે, જો આપ ઈજાઝત ફર્માવો તો એને શોલા (જેવાં ફૂલો)ને અમારી જાન જલાવી (નિછાવર કરી) દઈએ જેથી દિલ જલા બુલબુલોની તરફથી મહોબ્બતનું નઝરાણુ થઈ જાય, અને આ રીતે અમને આપની રઝામંદી પણ હાંસલ થઈ જાય. જાન આપીને પણ આપની રઝા મળી જાય તો મોંઘી નથી બલ્કે સસ્તી છે.

**લુત્ફે બર્કે જલ્વએ મેઅરાજ લાયા વજ્દમેં**
**શોલાએ જવાલા સાં હૈ આસ્માન સોખ્તહ**

*(લુત્ફ = મહેરબાની, બર્ક઼ = વીજળી, જલ્વએ મેઅરાજ = મેઅરાજનો જલ્વો, વજ્દ = ઝૌક઼ શોખ ઉમંગ, દીવાનગી, શોલએ જવાલા સાં = ફરનારા શોલાની જેમ)*

**અર્થાત :** મેઅરાજે પાકના જલ્વાએ સોખ્તહ આસ્માન પર એટલા પ્રમાણમાં વજ્દ પેદા કરેલ છે કે એ જ દિવસથી શોલએ જવાલા (ઘુમનારા શોલાઓ)ની જેમ ચક્કર મારી રહેલ છે અને આસ્માન કેમ ન ક઼યામત સુધી ઘુમતુ ફરે કે આપ ﷺનું વજૂદે બાવજૂદ જ એવું છે કે :–

*અય કે તેરે વજૂદ પર ખાલિક઼ે દો જહાં કો નાઝ !–અય કે તેરા વજૂદ હૈ વજૂદે કાઈનાત*

**અય રઝા ! મઝમૂન સોઝ દિલ કી રિફઅતને કિયા**
**ઈસ ઝમીને સોખ્તહ કો આસ્માને સોખ્તહ**

**અર્થાત :** હે રઝા ! (ગદાએ દરે ખયરુલ વરા) તારા આ મઝમૂન (નઅત)ને તારા દિલના દર્દે એવી બુલંદી તથા રિફઅત પર પહોંચાડી આપ્યું છે કે આ દાઝેલી જમીન હવે એ દાઝેલા આસ્માનનો મુક઼ાબલો કરવા લાગી છે કે તારા કલામની ગરમીએ એ ઉષ્મા પેદા કરી દીધી છે જે સૂરજ પણ ન કરી શક્યો અને આસ્માન જમીન પર રશ્ક કરવા લાગ્યું છે.

અને એવું કેમ ન થાય કે તું એ આક઼ાની મહોબ્બતનાં ગીત સંભળાવે છે કે જેનો ઝિક્ર પથ્થરોમાં પણ જાન પેદા કરી આપે છે અને જેની ઝાત જ્યારે મેઅરાજ પર જાય છે તો આસ્માન તેના માર્ગની ગર્દ (ધૂળ) બની જાય છે અને સર્વ ફરિશ્તાઓ તથા નબીઓ એમનું સ્વાગત કરે છે, તેમનાથી રહ્મતની ભીખ માગે છે !

---

પેજ નં. ૪૭ નું ચાલુ... કર્યું હતું. ફર્માવ્યું, આજનો ઈન્સાન દરેક ચીજની તેહક઼ીક઼માં લાગેલો છે, મામૂલીથી મામૂલી ચીજની તેહક઼ીક઼માં પોતાનો કિંમતી સમય વેડફી રહ્યો છે પણ અફસોસ કે તે પોતાની જાત પર રીસર્ચ નથી કરતો કે તેને શા માટે પેદા કરવામાં આવ્યો છે ?! .... કુર્આન હદીષની રૂએ જિંદગીના મક઼સદ વિશે ઈબ્રતનાક બયાન કર્યું. અંતિમ બયાનમાં મુફક્કિરે ઈસ્લામ અલ્લામા ક઼મરુઝ્ઝમાં આ'ઝમી સાહબે જણાવ્યું કે, "પૈગંબરે ઈસ્લામે કુર્આનના સ્વરૂપમાં દુનિયાને એક મહાન જીવન બંધારણની પહેચાન કરાવી છે. કુર્આનના નુઝૂલ પહેલાં દુનિયાના માનવો જંગલિયતની જિંદગી ગુજારતા હતા. નબી ﷺએ દુનિયાને સભ્યતા તથા સંસ્કાર તથા શિસ્તની તા'લીમ આપી, ઔરતોને સમાન હક્ક઼ અતા કર્યા, યતીમો, બેવાઓ, લાચારોની ફરિયાદો સાંભળી, દુનિયાને ગુલામીથી પાક ફર્માવી અને એવા ક઼ાનૂન અતા કર્યા જેનાથી દરેક ઈન્સાનને ઈજ્જત તથા રાહતની જિંદગી નસીબ થઈ. માનવ અધિકારનો ક઼ાનૂન કેટલીયે સદીઓ પહેલાં નબી ﷺએ આપી દીધો હતો. આજે દુનિયા એ અધિકારનું ફક્ત નામ લઈ રહી છે પણ આપ ﷺએ એને અમલમાં મૂકી બતાવ્યો જેના પર મુસલમાન ખલીફાઓએ પણ અમલ કરી બતાવ્યો હતો. ઉપરાંત દેશ વિદેશના અનેક ઉલમાએ હાજરી આપી હતી. તેમજ કેટલીક કિતાબો જેમ કે અક઼ાઈદે મઅમૂલાતે અહલે સુન્નત, અસ્લાફકા દૌરે તાલિબે ઈલ્મી, પયગામાત, મુંબઈ ઉઝમાકી મુખ્તસર તારીખ, તઝકેરએ સાલેહાત, બિલાલ બાકમાલ, કામયાબીકે પાંચ ઉસૂલ, તજલ્લિયાતે નૂરીનો રસ્મે ઈજરા કરવામાં આવ્યો હતો.

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### સમાઅની હક઼ીક઼ત અને સાચો વજ્દ

એ વખતે મેહફિલે સમાઅના બારામાં ચર્ચા ચાલી. દરેકે કાંઈ ન કાંઈ કહ્યું. જેમ કે શયખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે સમાઅથી દિલને રાહત થાય છે અને અહલે મહોબ્બતને જેઓ આશનાઈ (રબની મઅરેફત)ના સમુદ્રમાં તરનારા છે તેમને જુંબિશ (હલચલ) હાંસલ થાય છે. એ અરસામાં શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હા ! મઅરેફતવાળાઓની આ જ રસમ છે કે જ્યારે આશના (દોસ્ત)નું નામ સાંભળે છે તો આશનાઈ કરે છે. *(સમાઅ : જેમાં અલ્લાહની મહોબ્બતના તથા મઅરેફતના ફક્ત શેઅરો કવ્વાલ પઢતા. –તંત્રી)*

ત્યારબાદ શયખ બદરુદ્દીન ગઝનવીએ અર્ઝ કરી કે અહલે સમાઅની બેહોશીનું શું કારણ છે ? શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, જે દિવસે તેમણે "અલસ્તુ બિ રબ્બિકુમ" (શું હું તમારો રબ નથી ?!)નો અવાજ સાંભળ્યો તે દિવસથી બેહોશ છે, અને એ બેહોશી આજ સુધી એમનામાં જોવા મળે છે. જેથી જ્યારે સમાઅ સાંભળે છે તો એ જ બેહોશીની અસર એમનામાં થાય છે. પછી પૂછયું કે જે દિવસે اَلَسْتُ بِرَبِّكُمْ "અલસ્તુ બિ રબ્બિકુમ"નો અવાજ આવ્યો તો શું સર્વ રૂહો એક જ જગાએ હતી ? ફર્માવ્યું, હા ! કેમ કે "બલા" (કેમ નહીં ?!) સૌએ કહ્યું હતું. પૂછવામાં આવ્યું કે તો પછી હિંદુ તથા યહૂદી કેવી રીતે થઈ ગયા ? શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ કહે છે કે જ્યારે પરવરદિગારે "અલસ્તુ બિ રબ્બિકુમ"નો અવાજ આપ્યો તો સર્વ રૂહો બરાબર હતી, આ અવાજ સાંભળતાં જ તેમની ચાર સફો થઈ ગઈ. પહલે સફે દિલ તથા ઝબાન બંનેવ વડે "બલા" કહ્યું, એટલે કે તું અમારો પરવરદિગાર છે, અને એ જ વખતે સિજદો કર્યો, અને તે સફ અંબિયા તથા અવલિયા, સિદીક઼ો તથા નેક લોકોની હતી. બીજી સફે દિલથી તો "બલા" કહ્યું પણ ઝબાનથી ન કહ્યું અને સજદો કર્યો. કેમ કે દિલથી તેમણે યક઼ીન કરી લીધું જેથી છેવટે મુસલમાન થયા. આ તે લોકો છે જેઓ પહેલાં હિંદુ વગેરે હતા અને આખરમાં અલ્લાહે એમને ઈમાનની દૌલત નસીબ કરી છે. ત્રીજી સફે જીભ વડે તો કહ્યું પણ દિલથી ન કહ્યું અને સિજદો કર્યો, પરંતુ પછી દિલમાં કરાહત કરી કે શા માટે સિજદો કર્યો ?! અને આવા લોકો શરૂમાં તો મુસલમાન હોય છે પરંતુ છેવટમાં કાફિર થઈને મરે છે. ચોથી સફે ન દિલથી ન તો ઝબાનથી "બલા" કહ્યું. આ તે લોકો છે જેઓ પહેલાં અને છેવટે પણ કાફિર જ રહે છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે અહલે સમાઅ જેઓ સમાઅમાં બેહોશ થઈ જાય છે તેઓ એ જ اَلَسْتُ بِرَبِّكُمْ ''અલસ્તુ બિ રબ્બિકુમ''ના પુકારના સબબે જે એમણે સાંભળ્યો હતો. વળી આ તે જ બેહોશી છે જે એ દિવસ સુધી એમનામાં જોવા મળે છે, જેમ કે દોસ્તનું નામ સાંભળતાં જ હરકત, હયરત, ઝૌક઼ તથા બેહોશી એમનામાં છવાય જાય છે. આ સર્વ કાંઈ મઅરેફતના કારણો છે. એટલે કે જ્યાં સુધી દોસ્તની શનાખ્ત (મઅરેફત) હાંસલ ન થાય ચાહે હજાર વરસ પણ ઈબાદત કરે તેને ઈતાઅતમાં ઝોક઼ (ઉમંગ) હાંસલ જ નથી થતો. કેમ કે એને જાણ જ નથી થતી કે તે તાઅત (ફર્માંબરદારી) શા માટે કરે છે ! આ ફર્માંબરદારી જ મૂળ હેતુ છે જે અહલે સુલૂક, અહલે ઈશ્ક઼ અને મશાઈખ તબક઼ાવાળાઓએ (સાચા સૂફીઓએ) ફર્માવ્યું છે. તેમજ કુર્આન મજીદમાં હુકમ છે : وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ ''જિન્નો તથા ઈન્સાનોને કેવળ ઈબાદત માટે પેદા કર્યા છે.'' પરંતુ અહલે સુલૂક એનો એ અર્થ કરે છે કે لِيَعْبُدُوْنَથી لِيَعْرِفُوْنَ એટલે એનાથી દોસ્તની ઓળખ (મઅરેફત) છે. જ્યાં સુધી પહેલાં એની ઓળખ તને નહીં થાય ત્યાં સુધી કદાપિ તાઅતનો ઝોક઼ (ફર્માંબરદારીનો શોખ) નહીં પામે. એટલા માટે કે ઈશ્કે઼ મજાઝીમાં જ્યાં સુધી માણસ કોઈને જોઈ નથી લેતો ત્યાં સુધી તેનો આશિક઼ નથી બનતો. જ્યાં સુધી તેના દોસ્તોથી દોસ્તી નથી કરતો ત્યાં સુધી તેની ઓળખ નથી પામતો. તો તરીક઼ત તથા હક઼ીક઼તમાં પણ એ જ હિક઼મત છે કે જ્યાં સુધી અલ્લાહ તઆલાની ઓળખ (મઅરેફત) હાંસલ નથી થતી અથવા જ્યાં સુધી તેના અવલિયાથી સંબંધ નથી જોડવામાં આવતો ત્યાં સુધી કદાપિ કદાપિ તાઅત તથા ઈબાદતમાં ઝૌક઼ હાંસલ નથી થતો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે, ''અલસ્તુ બિ રબ્બિકુમ''ના પોકારથી પણ ઓળખનો જ હેતુ હતો, એટલે કે જ્યાં સુધી ખુદા તઆલાને નહીં ઓળખે ત્યાં સુધી ઈતાઅતમાં ઝૌક઼ નહીં પામે.

ત્યારબાદ સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે અહલે સમાઅ તે ગિરોહ છે જ્યારે તેઓ સમાઅ તથા તહૈયૂર (વજદાની કૈફિયત)માં ડૂબી જાય છે તે વખતે જો લાખ તલ્વારો પણ તેમના માથા પર મારવામાં આવે તો તેમને ખબર નથી પડતી. આ લોકો જ્યારે આલમે તહૈયૂરમાં અને દોસ્તની ખ્વાહિશમાં મુતહૈયિર થઈ જાય છે ત્યારે તેમને કોઈ આવવા જવાવાળાની ખબર નથી રહેતી. *(આ સાચા અલ્લાહની મહોબ્બતમાં ચૂર સૂફીઓની વાત છે જેમની વજદાની કૈફિયત આવી હોય છે કે તલ્વારો મારો તોય તેમને ખબર ન પડે, આજકાલના ફક્ત એકટિંગ કરનારાઓ તથા બનાવટી વજદમાં ડાન્સ કરનારાઓની આ વાત નથી. –તંત્રી)*

ત્યારબાદ દુરવેશોએ શયખુલ ઈસ્લામની ખિદમતમાં અર્ઝ કરી કે અમો મુસાફિર છીએ, અમે પોત પોતાના ઠેકાણે જવા ઈચ્છીએ છીએ પણ અમારી પાસે માર્ગ ખર્ચ નથી. શયખુલ ઈસ્લામે પાસે પડેલી ખજૂરો આપી અને ફર્માવ્યું કે જાવ ! જ્યારે બહાર નીકળ્યા તો એકબીજાને કહેવા લાગ્યા કે આપણે આ નકામી ખજૂરોને શું કરીશું ?! એને ફેંકી દેવી જોઈએ ! તો શું જુએ છે કે તે નકામી ખજૂરો સોનામાં બદલાઈ ગઈ હતી. તેમણે માની લીધું અને પાછા ખિદમતમાં હાજર થયા. ખ્વાજા સાહબ એ જ ફવાઈદમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ તો લોકો તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ ❑ ❑ ❑


ડભોઈમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :-

**ખત્રી ઈબ્રાહીમ હાજી સુલ્તાનજી**
કાજીવાડા મસ્જિદ પાસે
ડભોઈ
Mob. 9825793368

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ★ તવાફની ભૂલો ★

**મસ્અલા** : જનાબત યા હૈઝ નિફાસની હાલતમાં ફર્ઝ તવાફના ચાર ફેરા કે તેથી વધુ ફેરા ફર્યા તો બદનહ્ દેવો વાજિબ છે અને તહારત સાથે દોહરાવવા વાજિબ છે. બારમી તારીખ સુધીમાં પૂરી રીતે દોહરાવી લીધા તો દંડ થશે નહીં. એટલે કે બદનહ્ દેવાનો નહીં થાય અને જો બારમી તારીખ પછીથી દોહરાવ્યો તો બદનહ્ લાગુ નહીં પડે પરંતુ દમ આપવો લાઝિમ રહેશે.

**મસ્અલા** : જો ફર્ઝ તવાફ વુઝૂ વગર કરવામાં આવ્યો તો દમ લાઝિમ થશે અને એને દોહરાવવો મુસ્તહબ છે. દોહરાવવાથી દમ આપવો નહીં પડે ભલે પછી બારમી તારીખ પછી કર્યો (દોહરાવ્યો) હોય. *(જૌહરા, હિંદિયા)*

**મસ્અલા** : ત્રણ ચક્કર અથવા એનાથી ઓછા પાકી વગર કર્યા તો દરેક ચક્કર (ફેરા)ના બદલામાં એક સદકો આપવો.

**મસ્અલા** : ફર્ઝ તવાફ પૂરેપૂરો અથવા મોટા ભાગનો ખાસ કરીને કોઈ કારણ વગર સવારી પર, યા ખોળામાં (બેસીને) યા ઘસડીને અથવા સતર વગર [દા.ત. ઓરતની કલાઈનો ચોથો ભાગ અથવા માથાના ચોથા ભાગના વાળ ખુલ્લા (ઉઘાડા) હતા] કરવામાં આવ્યો અથવા ઊલટી રીતે કર્યો અથવા હતીમની અંદરથી પસાર થઈને તવાફ કર્યો. યા બારમી તારીખ પછીથી કર્યો તો આ બધી હાલતમાં દમ આપવો. સહી રીતે જો દોહરાવી લેવામાં આવશે તો દમ આપવો નહીં પડે. તેમ છતાં જો દોહરાવ્યા વગર ચાલ્યો આવ્યો (પાછો ફર્યો) તો બકરી અથવા એની કિંમત મોકલી આપે કે જેથી હરમમાં ઝુબહ કરી દેવામાં આવે. ફરીથી આવવાની (બીજીવાર) જરૂરત નથી. *(રદ્દુલ્ મુહ્તાર, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ફર્ઝ તવાફના ચાર ચક્કર પૂરા કરીને ચાલ્યો ગયો એટલે કે ત્રણ કે બે અથવા એક ચક્કર બાકી રહી ગયો તો દમ વાજિબ છે, જો જાતે નહીં આવે અને મોકલી આપશે તો પણ ચાલશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ફર્ઝ તવાફ સિવાયનો બીજો કોઈ તવાફ પૂરેપૂરો અથવા મોટા ભાગનો જનાબતની હાલતમાં કર્યો તો દમ આપવો, વુઝૂ વગર કર્યો તો સદકો આપવો અને જનાબતની હાલતમાં ત્રણ ફેરા કે તેથી ઓછા ફેરા કર્યા તો ચક્કર (ફેરા)ના બદલામાં એક સદકો આપવો. મક્કા મોઅઝ્ઝમામાં હોય તો દરેક હાલતમાં દોહરાવી લો. કફ્ફારો આપવો નહીં પડે. *(આલમગીરી)*

**મસ્અલા** : વિદાયનો તવાફ પૂરેપૂરો અથવા મોટા ભાગનો છોડી દીધો તો દમ લાઝિમ થશે અને ચાર ફેરાથી ઓછા ભાગનો છોડયો તો દરેક ફેરાના બદલામાં એક સદકો આપવો. તવાફે કુદૂમ છોડી દીધો તો કફ્ફારો લાઝિમ થશે નહીં પરંતુ ખરાબ કર્યું ગણાશે તેમજ ઉમરહના તવાફનો એક ચક્કર પણ છોડી દીધો તો દમ આપવો લાઝિમ થશે. જો બિલ્કુલ ન કર્યો અથવા મોટા ભાગનો છોડી દીધો તો એનો કફ્ફારો નથી પરંતુ એને અદા કરવો લાઝિમ છે. *(મનસક)*

**મસ્અલા** : કારિને (હજનો પ્રકાર) તવાફે કુદૂમ તેમજ તવાફે ઉમરહ બન્ને વુઝૂ વગર કર્યા

તો દસમી તારીખ પહેલાં ઉમરહનો તવાફ દોહરાવી લે અને જો દસમી તારીખની ફજર (સૂર્યોદય) થતા સુધીમાં દોહરાવવામાં ન આવ્યો તો દમ વાજિબ થશે અને ફર્ઝ તવાફમાં રમલ અને સઈ કરી લે. *(મનસક, બહાર)*

**મસ્અલા** : નાપાક કપડાંમાં તવાફ કરવો મકરૂહ છે, કફ્ફારો નથી.

## ★ સઈમાં ભૂલો ★

સઈના ચાર ચક્કર અથવા તેથી વધારે (ચક્કર) કોઈ પણ પ્રકારના કારણ વગર છોડી દીધા અગર તો સવારી પર કર્યા તો દમ આપવો, હજ થઈ જશે અને ચારથી ઓછા ફેરા માટે દર ફેરાના બદલામાં સદકો આપવો અને જો દોહરાવી લીધા તો દમ અને સદકો લાગુ પડશે નહીં. તેમ છતાં જો કોઈ કારણસર આમ કરવામાં આવ્યું હોય તો માફ છે. દરેક વાજિબ માટે આ જ હુકમ છે કે યોગ્ય (સહીહ) કારણસર છોડી શકાય છે. *(હિંદિયા, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : તવાફથી પહેલાં સઈ કરી લીધી અને ત્યાર બાદ દોહરાવવામાં પણ ન આવે તો દમ આપવો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જનાબતમાં અથવા વુઝૂ વગર તવાફ કર્યા પછી સઈ કરી તો સઈને દોહરાવવાની જરૂર નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સઈ માટે એહરામ અથવા તો હજના સમયની શર્ત નથી. જો (સઈ) ન કરી હોય તો જ્યારે પણ કરશે ત્યારે અદા થઈ જશે. *(જૌહરા)*

## ★ વુકૂફ (રોકાણ)માં ભૂલો ★

જે માણસ સૂરજ આથમતાં પહેલાં અરફાતથી ચાલ્યો ગયો તો દમ આપે. તેમ છતાં જો સૂર્ય આથમતાં પહેલાં પાછો આવી ગયો તો દમ લાગુ નહીં પડે અને જો સૂરજ આથમ્યા પછી પાછો ફર્યો તો દમ આપવો પડશે અને એ અરફાતથી ચાલ્યું જવું પોતાના કબ્જામાં (ઈચ્છા) વાત હોય કે પોતાની ઈચ્છા બહારની વાત હોય. દા.ત. ઊંટ પર સવાર હતો અને તે ઊંટ તેને લઈને ભાગી ગયું, એવી બન્ને હાલતમાં દમ આપવો પડશે. *(હિંદિયા, જૌહરા, નૈયરા)*

## ★ વુકૂફે મુઝ્દલ્ફા ★

દસમીની સવારમાં મુઝદલ્ફામાં વુકૂફ (રોકાણ) કોઈ પણ જાતના કારણ વગર ન કર્યું તો દમ આપવો. હા ! કમજોર યા ઔરત ભીડના ડરથી વુકૂફ છોડી શકે છે. દંડ થશે નહીં. *(જૌહરા, નૈયરા)*

## ★ રમીમાં ભૂલો ★

કોઈ પણ દિવસે રમી ન કરી અથવા તો એક દિવસ માટે બિલકુલ રમી છોડી દીધી અથવા મોટા ભાગની ન કરી (છોડી દીધી) જેમ કે દસમીના ત્રણ કાંકરીઓ મારી (બાકીની છોડી દીધી) અથવા અગિયારમી વગેરે દસ કાંકરીઓ મારી બાકીની છોડી દીધી અથવા કોઈ દિવસની બધી જ અથવા તો બીજા દિવસની મોટા ભાગની રમી છોડી દીધી તો એ પાંચે હાલતમાં દમ આપવાનો છે અને કોઈ દિવસે અડધાથી વધારે ભાગથી ઓછા ભાગની છોડી દીધી. જેમ કે દસમીએ ચાર કાંકરીઓ મારી અને ત્રણ છોડી અથવા બીજા દિવસોમાં અગિયાર કાંકરીઓ મારી અને દસ છોડી દીધી યા અડધા કરતાં ઓછી છોડેલી રમી બીજે દિવસે કરી તો એ તમામ હાલતમાં દરેક કાંકરીના બદલામાં એક સદકો આપવો. જો સદકાની કિંમત દમ આપવા બરાબરની થઈ જાય તો થોડુંક ઓછું કરવું. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

## ★ કુર્બાની તથા માથુ મૂંડાવવામાં ભૂલો ★

કારિન અથવા મુતમત્તેઅ (હાજીના પ્રકાર)

એ રમી કરતા પહેલાં કુર્બાની કરી તો દમ આપવો.

**મસ્અલા** : હરમમાં માથું ન મુંડાવ્યું બલ્કે હરમની હદથી બહાર કરાવ્યું અથવા તો બારમી તારીખ પછી કરાવ્યું અથવા રમી કરતાં પહેલાં કરાવ્યું તેમજ કારિન અને મુતમત્તેઅએ (કુર્બાની કરતા) પહેલાં માથુ મૂંડાવ્યું તો એ તમામ હાલતમાં દમ આપવો. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ઉમરહનો હલક (માથુ મૂંડાવવું) પણ હરમમાં હોવો જરૂરી છે. એનો હલક પણ હરમની બહાર કરવામાં આવ્યો તો દમ લાગુ પડશે પરંતુ એમાં સમય (વખત)ની કોઈ શર્ત નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : હજ કરવાવાળાએ બારમી તારીખ પછી હરમથી બહાર માથુ મૂંડાવ્યું તો બે દમ લાગુ પડશે. એક હરમથી બહાર માથુ મૂંડાવવાનો અને બીજો બારમી તારીખ પછીથી હોવાનો. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

## ★ શિકાર કરવો ★

જમીન પરના જાનવરનો શિકાર કરવો અથવા શિકાર કરવા માટેનો એના તરફ ઈશારો કરવો અથવા બીજી કોઈ રીતે બતાવવું આ સર્વે કામો હરામ છે અને દરેકમાં કફ્ફારો વાજિબ છે. ભલે ભૂખથી મરી જવાનું હોય, એનો કફ્ફારો જાનવરની કિંમત (બરાબર)નો છે. એટલે કે ત્યાંના બે આદિલ આદમી ત્યાંના હિસાબ પ્રમાણે જે કિંમત બતાવે તે આપવી પડશે. જો ત્યાં તેની (જાનવરની) કોઈ કિંમત ન થઈ શકે એમ હોય તો નજીકની જગામાં જે કિંમત હોય (થતી હોય) તે કિંમત ગણાશે. જો એક આદિલ આદમીએ (કિંમત) બતાવી તો પણ ચાલશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : જંગલના જાનવરનો અર્થ એ છે કે જે જમીન પર પેદા થાય છે ભલે તે પાણીમાં રહેતું હોય. પરિણામે જંગલી બતક, મુરગાબી (એક પ્રકારનું જળચર પાણી)નો શિકાર કરવાથી કફ્ફારો લાઝિમ થશે. પાણીનું જાનવર તે છે કે જેની પેદાઈશ પાણીમાં થતી હોય ભલે તે કોઈ કોઈ વખત જમીન પર રહેતું હોય. ઘરેલું જાનવર જેમ કે ગાય, ભેંસ, બકરી જો જંગલમાં રહેવાને કારણે આદમીથી ભડકે–ડરે તો એને જંગલી ગણાશે નહીં. જો કોઈએ જંગલી જાનવરને પાળ્યું તો પણ તે જંગલી જાનવર જ ગણાશે. પરિણામે પાલતુ જાનવરનો શિકાર કર્યો તો કફ્ફારો દેવો પડશે. *(હિંદિયા, જૌહરા, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જંગલી જાનવર જો કોઈની માલિકીનું થઈ જાય. દા.ત. જંગલમાંથી પકડી લાવેલું કે પછી પકડી લાવનાર પાસેથી ખરીદ્યું હોય તો એનો શિકાર કરવાથી પણ કફ્ફારો લાગુ પડશે. *(હિંદિયા, જૌહરા, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પાણીના જાનવરનો શિકાર કરવો જાઈઝ છે અર્થાત જે પાણીમાં પેદા થયું હોય. જો કે કોઈ કોઈવાર જમીન પર રહેતું હોય. *(મનસક, બહાર)*

**મસ્અલા** : શિકારનો કફ્ફારો અદા કરવા માટે ચાહે તો શિકારની કિંમતની બકરી, ઘેટું વગેરે ખરીદીને હરમમાં તેને ઝુબહ કરી ફક઼ીરોમાં વહેંચી આપે અને ચાહે તો એની કિંમત બરાબરનું અનાજ ખરીદી ફકીરોમાં વહેંચી આપે. પરંતુ યાદ રહે કે દરેક ફકીરને સદકએ ફિત્રના માપ પ્રમાણેનું અનાજ આપે અને આ પ્રમાણે પણ થઈ શકે છે કે એની કિંમત પ્રમાણેના અનાજમાં જેટલા સદક઼ા થઈ શકતા હોય તે દરેક સદકાના બદલામાં એક રોઝો રાખે અને છેલ્લે પૂરા સદક઼ા જેટલું અનાજ ન બચતું હોય તો એને કોઈ ફકીરને આપી દે અથવા એના બદલામાં એક રોઝો રાખે. (બચેલા અનાજની) કિંમત એક સદકા જેટલી ન થતી હોય તો પણ ચાહે તો એટલી કિંમતનું અનાજ ખરીદી એક ફકીરને આપી દે યા એના બદલામાં એક રોઝો રાખે.

*–(દુર્રે મુખ્તાર, હિંદિયા વગેરે)*

**મસ્અલા** : કફ્ફારાના જાનવરને હરમની અંદર ઝુબહ કરવું જોઈએ. હરમની બહાર ઝુબહ કર્યું તો કફ્ફારો અદા થશે નહીં. *(દુર્રે મુખ્તાર, હિંદિયા વગેરે)*

**મસ્અલા** : જો કફ્ફારાના જાનવરમાંથી પોતે પણ ખાય લીધું તો એનો બદલો આપે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : કફ્ફારાનું જાનવર ચોરાઈ ગયું અથવા તો જીવતા જાનવરનો સદકો કરી આપ્યો તો તે પૂરતું નથી (ચાલશે નહીં) એટલે કે કફ્ફારો અદા થયોનહીં ગણાય અને જો ઝુબહ કર્યા પછી ગોશતની ચોરી થઈ ગઈ તો કફ્ફારો અદા થઈ જશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જાનવરને ઝખ્મી કરવામાં આવ્યું અને તે મરણ પામ્યું ન હોય અથવા એના બાલ, પાંખ કાતરવામાં આવ્યાં અથવા એના શરીરના કોઈ અવયવને કાપી નાંખ્યો તો એના કારણે જાનવરમાં જે કંઈ કમી થવા પામી એનો કફ્ફારો આપવો વાજિબ છે. જો ઝખ્મી થવાના કારણે મરણ પામ્યું તો પૂરેપૂરી કિંમત વાજિબ છે.

**મસ્અલા** : મુહરિમે જંગલી જાનવર પકડયું તો જરૂરી છે કે એને જંગલમાં યા એવી જગ્યાએ છોડી દે કે જ્યાં એ (જાનવર) પનાહ લઈ શકે. જો શહેરમાં કોઈ એવી જગ્યાએ છોડવામાં આવ્યું કે જ્યાં એને પકડવાનો ડર છે તો દંડ આપવો પડશે. *(મનસક, બહાર)*

**મસ્અલા** : અમુક મુહરિમે ભેગા મળીને શિકાર કર્યો તો સૌના પર પૂરેપૂરો કફ્ફારો છે. *(હિદાયહ્, જૌહરા)*

**મસ્અલા** : તીડ જમીનનું જાનવર ગણાય છે એને મારવામાં આવે તો કફ્ફારો આપે. એક ખજૂરનો કફ્ફારો પૂરતો છે. *(હિદાયા, જૌહરા)*

**મસ્અલા** : ગેરમુહરિમે જો શિકાર કર્યો હોય તો મુહરિમ એને ખાય શકે છે જ્યારે કે એ મુહરિમે એને બતાવ્યો ન હોય (શિકાર કરવા માટેનો) હુકમ ન આપ્યો હોય, તેમજ કોઈ પણ રીતે એને મદદ ન કરી હોય તો ખાય શકે છે. એને માટે શર્ત એ છે કે હરમની બહાર એને ઝુબહ કરવામાં આવ્યું હોય તો ખાય શકે છે.

**મસ્અલા** : જે કોઈ હરમમાં દાખલ થઈ ગયો અને તેની પાસે જંગલી જાનવર છે ભલે તે પછી તે પિંજરામાં હોય તો હુકમ એ છે કે એને છોડી દેવું. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ઘોડા વગેરે જાનવર પર સવારી કરીને જઈ રહ્યો હતો અથવા એને દોરીને ખેંચીને ચાલતો જઈ રહ્યો હતો. એના હાથ પગથી કોઈ જાનવર દબાઈને મરી ગયું અથવા તો એણે દાંતથી કોઈ જાનવરને કરડયું અને તે મરી ગયું તો બદલો (તાવાન) આપે. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : જાનવરને ભગાડયું અને તે કૂવામાં ગબડી પડયું અથવા લપસીને પડી ગયું અને મરી ગયું અથવા કોઈ ચીજની ઠોકર વાગી અને તે મરી ગયું તો બદલો (તાવાન) આપે. *(હિંદિયા તથા બહાર)*

**મસ્અલા** : કાગડો, સમડી, વરૂ અથવા વીંછી, સાપ, ઉંદર, ઘૂસ, છછુંદર, કરડતો કૂતરો, પીસ્સુ, મચ્છર, કિલ્લી, કાચબો, કાચીંડો, પતંગા, કરડતી કીડી, માખી, સબકલી, બીર, તમામ કીડી મકોડા, બીજ્જુ (એક પ્રકારનું ગોશ્તખોર જાનવર–ચામાચિડીયું) શિયાળ, જ્યારે કે આ જાનવરો હુમલો કરે અથવા તો જે જાનવરો એવાં છે કે જેમની ફિતરત (આદત) જ હુમલો કરવાની છે (જેમ કે એક પ્રકારનો ચિત્તો) એ બધાંને મારવામાં કોઈ વાંધો નથી. એ જ રીતે પાણીના તમામ જાનવરોને કત્લ કરવામાં કોઈ કફ્ફારો લાગુ પડશે નહીં. *(હિંદિયા, દરદ, બહાર)*

# ગલતફહમીઓ

## તથા તેની સુધારણા

### બ્યાના (ડિપોઝીટ)ની રકમ જપ્ત કરવી

આજકાલ ખાસ કરીને એવું થાય છે કે એક વ્યક્તિ, અન્ય કોઈ પાસેથી કોઈ માલ ખરીદે છે ત્યારે વેચનારને અમુક રકમ બાના પેટે આપે છે જેને બયઆના (સૂથી અથવા ડિપોઝીટ) કહેવાય છે. ત્યાર પછી કોઈ કારણે તે માલ ખરીદનાર લેવા માટે ના પાડી દે છે તો વેચનાર બ્યાનાની રકમ ખરીદનારને પાછી આપતો નથી બલ્કે તેને કબજે કરી લે છે અને અગાઉથી આ પ્રમાણે નક્કી કરવામાં આવે છે કે થયેલ સોદા મુજબ ખરીદવામાં આવશે નહીં તો ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. ''આ પ્રમાણે બ્યાનુ જપ્ત કરવું એ શરીઅત મુજબ મના છે અને આ **જપ્ત કરેલ ડિપોઝીટની રકમ** તેના માટે હલાલ નથી બલ્કે **હરામ** છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''આજકાલ તો એવું છે કે ખરીદનાર બ્યાનુ આપ્યા પછી ખરીદે નહીં તો બ્યાનાની રકમ જપ્ત (કરવામાં આવે છે) અને આ (જપ્તી) તદન **હરામ** છે. *(અલમલ્ફૂઝ, ૩/૨૭)* હા ! જો સોદો પાકો થયો હતો અને કોઈ પણ જાતની શરઈ રૂકાવટ વગર ખરીદનાર ખોટી રીતે લેવાથી ઈન્કાર કરે છે તો વેચનારનો એ હક છે કે તે ડિપોઝીટને જરૂરી સમજે અને માલ તેને (ખરીદનાર) હવાલે કરે અને તેની બાકી રહેતી કિંમત વસૂલ કરે, પછી ભલે આ પ્રમાણે કરવામાં કાઝી અથવા હુકૂમત અથવા પંચાયત વગેરેની મદદ લે. પરંતુ તેને ''માલ ન આપવું અને બાનાની રકમ જપ્ત કરવી એ **હરામ** છે.''

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''વેચાણ ન થવાના સંજોગોમાં ડિપોઝીટ જપ્ત કરવી એ **જાહિલોનો રિવાજ** છે અને **ખુલ્લો જુલ્મ** છે.'' આગળ ફર્માવે છે, ''આવું ક્યારેય પણ નહીં થાય કે, વેચાણ (સોદા)ને ફોક થયેલો માનીને બ્યાનુ ઝયદ (ખરીદનાર)ને પાછુ ન આપે અને તેના ડિપોઝીટના રૂપિયા એ ગુનાહમાં કે કેમ ફરી ગયો, (સોદો ફોક કર્યો) તેથી જપ્ત કરી લે. هَلْ هٰذَا اِلَّا ظُلْمٌ صَرِيْحٌ *(ફતાવા રઝવિય્યહ, ૭/૭)*

ભાઈઓ ! હરામ ખાવાથી બચો ! સુકૂન અને શાંતિ અલ્લાહ જેને આપે છે તેને જ મળે છે, ફક્ત રૂપિયા, દોલત અને પૈસાથી ચેન મળતું નથી. તમે ઘણા માલદારોને બેચૈન અને દુઃખી (પરેશાન) જોયા હશે અને ઘણા ગરીબોને ચૈન અને આરામથી સૂતાં જોયા હશે અને અસલી ચૈન અને સુકૂનની જગ્યા તો ''જન્નત'' છે.

### કુર્આન શરીફ પડી જાય તો શું કરવું ?!

કુર્આને કરીમ જો હાથોમાંથી અથવા કબાટ વગેરેમાંથી પડી જાય તો કેટલાક લોકો તેના વજન જેટલો લોટ, ચાવલ ખૈરાત કરે છે અને આ ખૈરાત કરવાને તેનો કફફારો સમજે છે. આ તેમની ''ગલતફેહમી'' છે.

કુર્આનને જાણી જોઈને ફેંકી દેવું અથવા પછાડી દેવું એ તો ઘણુ જ દુષ્ટ કામ છે. કોઈ પણ મુસલમાનથી આ પ્રમાણેની આશા રાખવામાં આવતી નથી કે તે આવું પણ કરી શકે, અને જે (કુર્આન શરીફની) તૌહીન અને બેઈજ્જતી માટે આવું કરે તે તો ''ખુલ્લો કાફિર'' છે. આવી વ્યક્તિ તે બદલ તૌબા કરે, ફરીથી કલ્મો પઢે અને તેની શાદી થઈ ગયેલ હોય તો ફરીથી નિકાહ દોહરાવે.

પરંતુ જો ભૂલથી અને અજાણતાથી કુર્આન શરીફ હાથમાંથી છટકી ગયું અથવા કબાટ વગેરેમાંથી પડી ગયું તેના ઉપર કોઈ ગુનાહ નથી, ભૂલ ચૂક માફ છે, તેમ છતાં ખૈરાત કરવા કંઈક ખુદાની રાહમાં

ખર્ચ કરી નાખે તો સારી વાત છે અને ઘણુ જ મુનાસિબ અને બેહતર છે. પરંતુ કુર્આન શરીફનું વજન કરવું અને તેના વજનની બરાબર અનાજ વગેરે ખૈરાત કરવાને કફ્ફારો સમજવું એ ગલતફેહમી અને અજ્ઞાનતા છે. કુર્આન, હદીષ અને ફિક્હની કિતાબોમાં ક્યાંય આ પ્રમાણે આવ્યું નથી. હા ! સદકો અને ખૈરાત એ શ્રેષ્ઠ કામ છે, જેથી તમારાથી જે કંઈ થઈ શકે, થોડુ કે વધુ, અલ્લાહની રાહમાં ખર્ચ કરી દો તો સવાબ મળશે અને જો આવું (ખૈરાત) નહીં કરશે તો પણ ગુનોહ અને અઝાબ થશે નહીં.

## જાનવરોને લડાવવાં

કેટલાક લોકો દિલ બહેલાવવા અને તમાશા માટે મરઘાં, બટેર, તેતર, હાથી, ઘેટાં અને રીંછ વગેરેને લડાવે છે, આ રીતે જાનવરોને લડાવવું એ ઈસ્લામમાં મના છે. હદીષમાં છે :–

نھٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ
التَّحْرِیْشِ بَیْنَ الْبَھَائِمِ

"રસૂલુલ્લાહ ﷺ એ જાનવરોને લડાવવાથી મનાઈ ફર્માવી." *(જામેઅ તિર્મિઝી, ૧/૨૦૪, સુનને અબૂ દાઊદ, ૧/૩૪૬)*

અને આ રીતે જાનવરોને લડાવવું એ તેમના ઉપર જુલ્મ છે. તમારે તો મજા પડી રહી છે અને તેમનો તો લડતાં લડતાં જાન નીકળી રહી છે. મઝહબે ઈસ્લામ તેની છૂટ આપતો નથી.

મૂંગાં જાનવરો ઉપર જોર જુલ્મ કરવાની ઈસ્લામે મનાઈ કરી છે. "કબૂતર બાઝી" (કબૂતરોને લડાવવાં) પણ નાજાઈઝ છે. આ'લા હઝરત ફર્માવે છે, "તમાશાને માટે કબૂતરોને ભૂખ્યાં ઉડાડવાં, જ્યારે તેઓ ઉતરવા ઈચ્છે ત્યારે ઉતરવા ન દેવાં અને દિવસભર ઉડાડવું, એવા કબૂતરો પાળવાં **હરામ** છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, પ્રથમ અર્ધ ભાગ, પેજ–૧૯૫)*

"અને આવા તમાશા જોવા અને તેમાં શરીક થવું પણ નાજાઈઝ છે." *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૧૩૧)*

## જાનવરો પાસેથી તેમની તાકાતથી વધુ કામ લેવું

આજકાલ લોકો સામાન્ય રીતે આ બાબતનો વધારે વિચાર કરતા નથી કે જાનવરો ઉપર તેની તાકાતથી વધારે વજન નાખવું અને મારી મારીને તેને ચલાવવું જુલ્મ છે. તે જ પ્રમાણે આ મૂંગાં પ્રાણીઓના ચારા પાણી અને ગરમી ઠંડીનો વિચાર ન કરવો પણ જુલ્મ છે. દૂધાળા જાનવરનું બધું જ દૂધ ખેંચી લેવું (દોહી લેવું) અને તેનાં બચ્ચાંઓને દિવસભર ભૂખાં પ્યાસાં રાખવાં પણ જુલ્મ છે અને એવું કરવાવાળાઓ જાલિમ છે. આવા લોકો વધુ કમાણી અને આવક માટે આવું બધું કરે છે પરંતુ કમાયા પછી પણ આવા લોકો દુઃખી રહ્યા કરે છે અને તેમને જિંદગીમાં ચેન મળતું નથી અને હમેશાં બેચેન અને દુઃખી રહે છે.

સદ્રૂશ્શરીયહ હઝરત મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જાનવરથી કામ લેવામાં એ જરૂરી છે કે તેની તાકતથી વધુ કામ ન લેવામાં આવે." કેટલાક એક્કા અને ટાંગાવાળાઓ (ઘોડાગાડીવાળાઓ) એટલી બધી સવારીઓ બેસાડે છે કે ઘોડો મુસીબતમાં પડી જાય છે. આ નાજાઈઝ છે.

જાનવર ઉપર જુલ્મ કરવો એ ઝિમ્મી કાફિર પર જુલ્મ કરવા કરતાં પણ વધુ ખરાબ છે, અને ઝિમ્મી કાફિર ઉપર જુલ્મ એ મુસલમાન ઉપર કરવા કરતાં પણ વધુ ખરાબ છે, કારણ કે જાનવરનો કોઈ પણ મુઈન અને મદદગાર અલ્લાહ તઆલા સિવાય નથી, આથી આ ગરીબને આ જુલ્મથી કોણ બચાવે ? *(દુર્રે મુખ્તાર અને રદ્દુલ મોહતાર, બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૫૮)*

## અલ્લાહ જઝાએ ખૈર આપે

**ત્રાકુડા : થી જનાબ કઈડા તૈયબ અલી સાહબ** થકી **બરકાતે ખ્વાજા (માસિક)**નાં **૧૫૮ ગ્રાહકો** કરીને અત્રે નોંધ કરાવી આપેલ છે. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં તેમની આ નેકી કબૂલ ફર્માવે અને બંને જહાનમાં બેહતરીન જઝાએ ખૈર અતા ફર્માવે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૬)**
**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**:: અનુવાદક ::**
**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## ૪. મસ્જિદના સામાનના હુકમમાં પરિવર્તન

કોઈ મસ્જિદની વસ્તુઓ તથા ઓજારો ભલે ને તે જરૂરતનાં ન હોય તેને બીજી મસ્જિદમાં માલિકીના તૌર પર અથવા ઉધાર આપવું પણ જાઈઝ નથી.

**لَا یَجُوْزُ نَقْلُهٗ وَ لَا نَقْلُ مَالِهٖ اِلٰی مَسْجِدٍ اٰخَر---اه**

''મસ્જિદ તથા તેના માલ સામાનને બીજી મસ્જિદમાં લઈ જવું (સ્થળાંતર કરવું) જાઈઝ નથી.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૪૨૮, રદ્દુલ્ મુહતારના હવાલાથી)*

**یَجُوْزُ لِلْقَیِّمِ شِرَی الْمُصَلَّیَاتِ لِلصَّلَاةِ عَلَیْهَا وَ لَا یَجُوْزُ اِعَارَتُهَا لِمَسْجِدٍ اٰخَر۔ اه ملخصًا**

''મસ્જિદના વ્યવસ્થાપકે ફર્શ (જેમ કે ચટાઈ, દરી વગેરે) નમાઝ પઢવા માટે ખરીદવું જાઈઝ છે. અને બીજી મસ્જિદમાં તે વસ્તુઓને ઉધાર આપવું જાઈઝ નથી. ત્યાં સુધી કે ભલે ને મસ્જિદ વેરાન થઈ ગઈ હોય તો પણ અસલ મઝહબ એ છે કે તેના માલ સામાનને બીજી મસ્જિદમાં આપી નથી શકતા''. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૪૫૫)*

પરંતુ બાદના ફુકહાએ કિરામે જ્યારે પોતાના જમાનાની પરિસ્થિતિઓમાં બદલાવ જોયો કે લોકોમાં અલ્લાહનો ખૌફ પહેલાં કરતાં ઓછો થઈ રહ્યો છે, અને લોકો અમાનત તથા દયાનતદારીના વિરૂધ્ધ કોઈ પણ કામ કરી નાખવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ તથા શરમ નથી રાખતા. જેથી ફુકહાએ કિરામે અસલ મઝહબ વિરૂધ્ધ મસ્જિદના માલસામાનને બીજી મસ્જિદમાં આપવાની ઈજાઝત આપી દીધી. જેમ કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : ''જે મસ્જિદ વેરાન થઈ ગઈ હોય અને તેના આબાદ થવાની કોઈ પોઝિશન ન હોય, અને તેના સામાનની હિફાઝત ન થઈ શકતી હોય તો હવે ફતવો તેના પર છે તે મસ્જિદના કડા, તખતાઓ વગેરે બીજી મસ્જિદમાં આપી શકાય છે.

## ૫. ઔરતના મુર્તદ થઈ જવાથી નિકાહ ફસ્ખ થવા (નાબૂદ થવા, તૂટી જવા)ના હુકમમાં પરિવર્તન

જાહેર મઝહબ એ છે કે પતિ પત્નીમાંથી કોઈ એક ઈસ્લામથી ફરીને કાફિર થઈ જાય તો તેના નિકાહ તુરંત જ નાબૂદ થઈ જશે.

પરંતુ હવે ફત્વો એ છે કે ઔરત મુર્તદ થવાના કારણે નિકાહથી ખારિજ (બહાર) થશે નહીં. મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :

''હવે ફત્વો તેના પર છે કે મુસલમાન ઔરત મઆઝલ્લાહ મુર્તદ થઈને પણ નિકાહમાંથી નથી નીકળી શકતી. તે પહેલાંની જેમ પોતાના પતિના નિકાહમાં છે.'' *(ફવાઈદે રઝવિય્યહ હાશિયા ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૩૯૩)*

**وَمِنْ ذٰلِكَ اِفْتَائِی مِرَارًا بَعَدْمِ انْفِسَاخِ نِكَاحِ امْرَأَةِ مُسْلِمٍ بِارْتَدَادِهَا لِمَا رَأَیْتُ مِنْ تَجَاسُرِهِنَّ مُبَادَرَةً اِلٰی قَطْعِ الْعِصْمَةِ كَمَا بَیَّنْتُهٗ فِی السِّیَرِ مِنْ فَتَاوَانَا وَكَمْ لَهٗ مِنْ نَظِیْرٍ**

(એટલા માટે જ મેં વારંવાર ફત્વો આપ્યો કે મુસલમાનની પત્નીનો નિકાહ તેણીના મુર્તદ થઈ જવાથી નાબૂદ નહીં થશે, કેમ કે મેં ઔરતોને નિકાહના સુરક્ષિત બંધનમાંથી મુક્ત થવા બાબતે ઉતાવળી તથા નીડર (બેબાક) જોઈ છે. મેં તેને પોતાના ફતાવાની કિતાબુસ્સિયરમાં વર્ણન કર્યું છે. અને તેના ઘણા ઉદાહરણો પણ છે–*નિઝામ) (ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૩૯૩, ૩૯૪, રિસાલા અજલ્લિયુલ અઅલામ)*

**પહેલા નફલ તથા સુન્નત નમાઝો ઘરમાં પઢવી અફઝલ હતી અને હવે મસ્જિદમાં**

નફલ તથા સુન્નત નમાઝો ઘરમાં પઢવી અફઝલ છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**عليكم با لصلوٰة فى بيو تكم فانّ خير صلاة المرء فى بيته إِلّا المكتوبة**

''તમો લોકો પોતાના ઘરોમાં નમાઝ પઢો કેમ કે મર્દ (પુરુષ)ની બેહતર નમાઝ તેના ઘરમાં છે, ફર્ઝ સિવાય) *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૬૬, ફતાવા રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૫૭)*

તેમજ અબૂ દાઊદ શરીફમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**صلاةُ المرء فى بيته افضل من صلاته فى مسجدى هذا إِلَّا المكتوبة**

મારી આ મસ્જિદમાં નમાઝ પઢવા કરતાં મર્દની પોતાના ઘરમાં નમાઝ પઢવી અફઝલ છે, ફર્ઝ નમાઝો સિવાય. *(સુનને અબી દાઊદ, ભાગ–૧, પેજ–૪૫૭)*

**પરંતુ હવે અફઝલ એ છે કે સુન્નતો પણ મસ્જિદમાં જ પઢવામાં આવે,** આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''સુન્નતો તથા નફલનું ઘરમાં પઢવું અફઝલ છે અને રસૂલુલ્લાહ ﷺની આદતે તય્યબહ પણ એ જ છે ......... પરંતુ હવે મુસલમાનોનો સામાન્યત : અમલ સુન્નતો વિશે એ છે કે તેને મસ્જિદોમાં જ પઢે છે. અને તેમાં મસ્લેહતો છે કે તેમાં (ઘરોમાં) ઈત્મિનાન ઓછુ હોય છે જે મસ્જિદોમાં (હોય છે). અને કૌમની આદતની વિરૂધ્ધ વર્તવું, ટીકા ટીપ્પણ તથા આંગળી ચીંધવાનું તેમજ શંકા કુશંકાઓને જન્મ આપવાનું તથા ગીબતનો દરવાજો ખોલવાનું કારણ બને છે. અને હુકમ માત્ર મુસ્તહબ હોવાનો હતો, તો આ મસ્લેહતોને ધ્યાનમાં રાખવી તે (હુકમથી વિરૂધ્ધ વર્તવાનુ) અનિવાર્ય કારણ બને છે. દીનના ઈમામો ફર્માવે છે : **الخروج عن العادة شهرة ومكروه** ''આદતના વિરૂધ્ધ કરવું શોહરતપસંદી (વાહ વાહની ચાહના) તથા મકરૂહ છે.'' *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૫૮, ૪૫૯, બાબુલ વિત્ર વન્નફલ)*

**(૭ થી ૨૩) લે વેચના કેટલાયે એવા મામલા જે પહેલાં નાજાઈઝ હતા અને હવે જાઈઝ થઈ ગયા**

ફિક્હની કિતાબોમાં એવી કેટલીયે લે વેચોનું ષબૂત મળે છે જે એક જમાનામાં ફાસિદ શરતના કારણે ફાસિદ ઠરાવવામાં આવતી હતી, બાદમાં (ફાસિદ) શરતોના સામાન્ય તથા પ્રસિધ્ધ થઈ જવાના કારણે તે તમામ લે વેચો જાઈઝ થઈ ગઈ. જેમ કે ઘડિયાળો, ઈલેક્ટ્રિક પંખા, બેટરી, ઈન્વરટર, ફ્રિજ, વોશિંગ મશીન, કૂલર, શૂટકેસ તેમજ બીજાં અન્ય પ્રકારનાં મશીનોમાં ગેરંટી અથવા વોરંટીની શરત જે અસલ મઝહબમાં નાજાઈઝ છે પરંતુ હવે લોકોમાં સામાન્ય થઈ જવાના કારણે તથા લોકોના સામાન્યપણે તેના પર અમલ કરવાના કારણે જાઈઝ છે. જેનો મૂળ આધાર ફિક્હનો આ સર્વ વ્યાપી નિયમ છે.

**كل شرط لا يقتضيه العقد وفيه منفعة لأ حد المتعاقدين يُفْسِده إِلّا ان يكون متعارفًا لان العرف قَاضٍ على القياس**

''જે શરત લે વેચના તકાઝાની વિરૂધ્ધ હોય અને તેમાં લેનાર અથવા વેચનારમાંથી કોઈ એકને નફો થતો હોય તો (તેવી શરત) લે વેચને ફાસિદ કરી આપશે. પરંતુ જો તે શરત લોકોમાં પ્રસિધ્ધ

(પ્રચલિત) હોય તો તે લે વેચ જાઈઝ રહેશે. કેમ કે લોકોનો ઉર્ફ કયાસ ઉપર હુજ્જત (મોટી દલીલ) છે જેના કારણે કયાસને છોડી દેવામાં આવશે". *(હિદાયા, ભાગ–૩, પેજ–૪૩, બયએ ફાસિદનું બયાન)*

બહારે શરીઅતમાં છે : "અથવા તે શરત એવી છે જેના પર મુસલમાનોનો આમ તૌર પર (સામાન્યતઃ) અમલ છે જેમ કે આજ કાલ ઘડીયાળોમાં ગેરંટી એક વર્ષ, બે વર્ષની હોય છે કે તે મુદ્દતમાં જો ખરાબ થઈ જાય તો તેને ઠીક કરવાની જવાબદારી વેચનાર (દુકાનદાર)ની છે. આવી શરત પણ જાઈઝ છે. *(બહારે શરીઅત, ભાગ–૧૧, પેજ–૭૦૧, મકબતુલ મદીના)*

ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૨૦૪થી ૨૦૮માં આ'લા હઝરત رضی اللہ عنہએ એવી કેટલીયે લે વેચોનું વર્ણન ફિક્હી ઈબારતો (લખાણો) સાથે કર્યુ છે જે અસલમાં તો નાજાઈઝ તથા ફાસિદ હતી અને ઉર્ફ તથા લોકોના અધિક અમલના કારણે જાઈઝ છે. જેમ કે : પગરખાં (Shoes)ની લે વેચ એ શરતે કરવી કે બીજી એની જોડ બનાવી આપે, તેમાં (બાંધવાની) દોરી લગાડી આપે. ચામડાની ખરીદી એ શરતે કરવી કે તેના જોડા આપે, પગરખાની લે વેચમાં તળ્યુ લગાડી આપવાની શરત, પીંજેલા ઉનની લે વેચ એ શરતે કે તેની ટોપી બનાવી આપે. ટોપી એ શરતે વેચે કે અસ્તર પોતાની પાસેથી લગાડે, ફાટેલા જૂના મોજા અથવા કપડાની લે વેચ થીંગડુ મારી દેવાની શરતે, ખાલ (ચામડુ) એ શરતે વેચે કે તેના મોજા બનાવી આપે. આ પ્રકારની અન્ય કેટલીયે પણ એવી લે વેચો છે જે ફાસિદ (ખોટી) શરતના કારણે ફાસિદ હતી અને બાદમાં જ્યારે તે શરતોનું ચલણ વધી ગયું તથા (લોકોનો) અમલ અધિક થઈ ગયો તો ફુકહાએ કિરામે તેના જાઈઝ હોવાનો હુકમ સાદિર ફર્માવી આપ્યો."

## (૨૪ થી ૪૪) કેટલીયે નાજાઈઝ વક્ફ તથા લે વેચો તેમજ કરજોની ઈજાઝત

એવા પણ ઘણાય મસાઈલ જે અસલ મઝહબમાં નાજાઈઝ હતા તે બાદમાં નવા ઉપસ્થિત થયેલા ઉર્ફના કારણે જાઈઝ થઈ ગયા. જેમ કે સ્થળાંતર થઈ શકતી વસ્તુઓને વક્ફ કરવી અસલ મઝહબમાં નાજાઈઝ છે. પરંતુ જ્યારે કેટલીયે સ્થળાંતર થઈ શકતી વસ્તુઓને વક્ફ કરવાની પ્રથા મુસલમાનોમાં પ્રચલિત થઈ ગઈ તો ફુકહાએ એના તમામ વક્ફોને જાઈઝ ઠરાવી આપ્યું. આ'લા હઝરત رضی اللہ عنہએ ફતાવા રઝવિય્યહ, ભાગ–૮માં એવા બાવીસ મસ્અલાઓને ફિક્હી પુરાવાઓની સાથે વર્ણન કર્યા છે, જે આ પ્રમાણે છે :

"જનાઝા માટે ચારપાઈ, ચાદરો, તથા મૈયતના ગુસ્લ માટે ઘડાઓ. લોટાઓ વક્ફ કરવા. જરૂરતમંદો માટે કુહાડીઓ, કોદાળીઓ, આડીઓ, પાવડાઓ વગેરેને વક્ફ કરવું. મુસાફરો માટે થાળીઓ, હાંડલીઓ, મોટી દેગો વગેરે વક્ફ કરવી, મસ્જિદોમાં લગાડવા માટે ચિરાગ બત્તી માટેની રસ્સી, સાંકળ વગેરે વક્ફ કરવું.

કુર્આન મજીદ, કિતાબો, અનાજ, ગાય, દિરહમો, દીનારો વક્ફ કરવા, લોટને લોટના બદલે તોલીને વેચવું, માપથી નહીં, તોલીને આટો ઉધાર લેવો. રોટીઓની ઉધાર લે વેચ, રોટલીઓનું ગણીને કરજે લેવું, ઘઉં, જવ, ખજૂર, નમક, સોનું ચાંદીમાં માપ તથા વજનનો રિવાજ (ઉર્ફ) બદલાવાથી ઈમામ અબૂ યૂસુફનું ઉર્ફનો લેહાજ કરવું. આ તમામ (મસાઈલ) અસલ (મઝહબ) તથા કયાસના વિરૂધ્ધ છે, જેમને ઈમામોએ તથા ઓલમાએ લોકોના અધિક અમલ તથા ઉર્ફ પર આધારિત ફર્માવ્યા છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૨૦૮, ૨૦૯, અલ્ મિના વદુરર)*

આ છે સંજોગોના પરિવર્તનથી **બદલાયેલા** એવા **ચુમ્માલીસ (૪૪) મસાઈલ જે ફતાવા રઝવિય્યહમાં છે.** ગેરંટીવાળો મસ્અલો **બહારે શરીઅત**થી લેવામાં આવ્યો છે. ટૂંકમાં તેનાથી અનુમાન કરી શકાય છે કે ફિક્હના ફુરૂઈ મસાઈલમાં સંજોગોના પરિવર્તનનો લેહાજ કેટલા એહતેમામની સાથે (કાળજીપૂર્વક) ફર્માવ્યો છે. એ અલગ વાત છે કે ક્યાંક પોતાનાથી આગળના ફુકહાએ કિરામે બદલેલા મસાઈલને જેમના તેમ જ રાખીને પોતાની રાય તરફ રહનુમાઈ ફર્માવી છે.

# મંગનીની શરઈ હૈસિયત
## અને આજની રસમો

રજૂકર્તા : **મૌલાના મુહમ્મદ રઉફ–પાલેજ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ફૈઝાને નૂરી–ડભોઈ)*

શાદી એક અત્યંત પ્રાકૃતિક જરૂરત હોવાની સાથો સાથ આકાએ દો આલમ ﷺની મહાન સુન્નત પણ છે. આ સુન્નતની અદાઈગી ઈસ્લામી સિદ્ધાંતો અને કાનૂનોની રોશનીમાં જ થવી જોઈએ. નિકાહની પાકીઝા અને મહત્વની વિધિને બિદઅતો, ખરાબ હરકતો અને કેટલીક ગૈર ઈસ્લામી રસ્મો રિવાજોની સાથે કરવી એ ન કેવળ એ કે તેની બરકતો અને ભલાઈઓથી મહેરૂમીનું કારણ બને છે બલ્કે તેની નહૂસતોની અસર દાંમ્પત્ય જીવનના ઉપર પણ પડે છે.

આજે આપણા સમાજમાં શાદીઓના ખર્ચાઓમાં વધારો પણ શાદીઓને મુશ્કેલ બનાવી રહ્યો છે, ભાત ભાતની રસમો અને રિવાજો ઘર કરી રહ્યા છે, જેનો લેહાઝ ન રાખવાને સમાજમાં ખરાબ અને ખોટુ સમજવામાં આવે છે. માલદારો અને અમીરોને તે રસ્મોની અદાયગીમાં તો કોઈ તકલીફ નથી પડતી, પરંતુ સમાજનો ગરીબ વર્ગ તે રસમો અને રિવાજોની ઘંટીમાં ખૂબ જ ખરાબ રીતે પીસાય જાય છે. ઘણી વખત તે સામાજિક રસમોના ચક્કરમાં શાદીઓમાં મોડુ થઈ જાય છે, વૃદ્ધ બાપ પોતાની ઔલાદની ખુશી માટે દર બ દર ભીખ માગવા માટે મજબૂર થઈ જાય છે, લાખોના કરજમાં ડૂબી જાય છે. પ્રશ્ન એ છે કે એ રસમો અને રિવાજોને આપણા મુસ્લિમ સમાજે પોતાના ઉપર આ રીતે શા માટે લાગુ કરી લીધી છે ?! તેઓ પૈકી ઘણી બધી રસ્મો એવી છે જે શરઈ દષ્ટિએ જાઈઝ અને મુબાહ છે, પરંતુ તેની અદાઈગીને પોતાના ઉપર વાજિબ સમજી લેવું ક્યાં સુધી દુરુસ્ત છે ? ખુદાના વાસ્તે તે જાતે બનાવેલ ઉસૂલો અને નિયમોથી પોતાને આઝાદ કરો અને આપણા સમાજને પવિત્ર બનાવવા માટે શાદીઓને આસાન અને સરળ બનાવો.

સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

"સૌથી બરકતવંત શાદી તે છે જેનો બોજ ઓછો હોય." *(બયહકી, શોઅબુલ ઈમાન)*

આપણા ઈસ્લામી સમાજમાં લગભગ દરેક મામલામાં બગાડની સાથે સાથે નિકાહ જેવા મુકદ્દસ ફરીઝામાં પણ ગૈર ઈસ્લામી રસ્મો દાખલ કરીને તેના હુસ્ન અને તેની સુંદરતાને બગાડી દેવામાં આવી છે. નિકાહનું પ્રથમ પગથિયુ "મંગની" (Engagement)ની સાથે જ ગૈર ઈસ્લામી રસ્મોનો અનંત સિલસિલો શરૂ થઈ જાય છે, જે વલીમા પછી પણ સક્રિય રહે છે. અખંડ ભારતમાં નિકાહથી પહેલાં મંગનીની વિધિ વર્ષો પહેલાંથી ચાલતી આવે છે જેનો મકસદ અને હેતુ અમુક જિમ્મેદાર વ્યક્તિની ઉપસ્થિતિમાં રિશ્તો મજબૂત કરવો અને શાદીથી સંબંધિત કામો પર પારસ્પરિક સલાહ સૂચન તથા મશ્વરો કરવું, જાહેર છે કે શરીઅતે ઈસ્લામિયાની રોશનીમાં એમાં કોઈ ખરાબી નથી, બલ્કે નિકાહ વિધિની સારી રીતે પૂર્ણાહૂતિમાં મદદરૂપ બને છે, પરંતુ મંગનીના નામ પર એવી વિધિની ગોઠવણ કરવી જેમાં ગૈર

શરઈ કામો કરવાની સાથોસાથ છોકરીવાળાઓ પર મહેમાનોની એક લાંબી નામાવલિની મહત્તમ અને સર્વોત્તમ ઝિયાફતનો બોજ નાખવો અને તેમની ખિદમતમાં તોહફા અને ભેટો આપવાને જરૂરી સમજીને તેને એના માટે મજબૂર કરવા એ ક્યાં સુધી દુરુસ્ત થઈ શકે છે ?

ઈસ્લામી શરીઅતે નિકાહ કરનાર મર્દને એ ઈજાઝત આપી છે કે તે નિકાહથી પહેલાં પોતાની ભાવિ પત્નીને જોઈ શકે છે. આ કામ નિકાહને મજબૂત બનાવે છે અને નિકાહ પછી સામે આવનાર ઘણી બધી મુશ્કેલીઓનું નિવારણ કરે છે. રસૂલે કરીમ ﷺએ નિકાહ કરનાર અલગ અલગ સહાબાને હુકમ આપ્યો કે શાદીથી પહેલાં પોતાની થવાવાળી પત્નીને એક નજર જોઈ લે. પરંતુ એ ખૂબ જ શરમનાક વાત છે કે ઘણા બધા ઈલાકાઓમાં આપણા ઈસ્લામી ભાઈઓ પણ ગૈરમુસ્લિમોની સંસ્કૃતિથી પ્રભાવિત થઈને મંગનીની વિધિમાં સજાવી ધજાવીને પોતાની છોકરીને ગૈરમહરમોની ભરેલી મહેફિલમાં રજૂ કરે છે, અને દુલ્હાવાળાઓ તરફથી આવનારા લોકો દુલ્હનને જોવું પોતાનો બુન્યાદી હક્ક઼ સમજીને આ ખાસ મહેફિલમાં જરૂર હાજરી આપે છે. કેટલીક મોર્ડન ફેમેલીઓમાં એ પણ જોવામાં આવ્યું છે કે છોકરો જાતે મંગનીની પ્રથામાં હાજર રહે છે અને પોતાના મુબારક હાથો વડે પોતાની ભાવિ દુલ્હનને અંગૂઠી પહેરાવે છે ! પછી તેઓને એક સાથે બેસાડીને સગા સંબંધીઓ મુબારકબાદી આપે છે, અને આ યાદગાર ક્ષણોને હમેશાં યાદ રાખવા માટે ફોટા પાડવામાં આવે છે, વિડીઓ કરવામાં આવે છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે **મંગનીની આવી વિધિ નાજાઈઝ અને હરામ છે, આવી મહેફિલોમાં હાજર રહેવું પણ નાજાઈઝ છે.**

## મંગનીથી ફિયાન્સી સાથે વહેવાર જાઈઝ નથી થઈ જતો !

મોબાઈલ આમ થયા પછી સમાજમાં જેવી રીતે વિવિધ પરેશાનીઓમાં વધારો થયો છે તેવી જ રીતે એક વબા એ પણ ફેલાઈ ગઈ છે કે મંગનીનો પ્રસંગ પૂરો થઈ ગયા પછી દુલ્હો અને દુલ્હન એક બીજા સાથે મોબાઈલ પર રોક ટોક વગર કલાકો સુધી વાતો કરે છે અને તેને તેઓ પોતાનો હક્ક઼ સમજે છે ! વળી મા બાપ પણ આ પ્રત્યે કોઈ નોટીસ નથી લેતાં અને રોકવાની હિમ્મત પણ નથી કરી શક્તાં. કેટલાક એવા બનાવો પણ સામે આવ્યા છે કે છોકરાઓ શાદીની ના પાડી દીધી. કેમ કે છોકરીનાં ઘરવાળાંઓએ શરીઅતનો લેહાજ કરીને છોકરીને આ ખરાબ કાર્યથી રોકી દીધી. વળી ક્યારેક છોકરો છોકરી ખૂબ વાતો કરતાં કરતા કોઈ બાબતે ઝઘડી પણ પડે છે અને છેવટ મંગની તૂટી જાય છે. યાદ રાખશો કે મંગની એક નિકાહનો ક઼રાર છે, નિકાહ નથી. **જ્યાં સુધી નિકાહ ન થઈ જાય, છોકરી માટે તેનો થનારો પતિ ગૈર મહરમ છે,** તેના માટે તે દરેક કામોથી રોકાવું જરૂરી છે જે ગૈર મહરમો સાથે જાઈઝ નથી, પરંતુ આપણા સમાજમાં આ વબા ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે, અને સમાજમાં એને ખરાબ સમજવાવાળાઓની સંખ્યા પણ ઓછી થતી જાય છે.

## નિકાહ પહેલાંની વાતો મુલાકાતો હરામ છે

સ્ત્રીનું ગૈર મહરમને મળવું અને એકાંતમાં રહેવું હરામ છે, એનાથી ખૂબ જ પ્રમાણમાં ગુનાહોના દરવાજા ખુલે છે, પવિત્ર શરીઅતના તે હુકમને અભરાઈએ મૂકીને મુસ્લિમ જવાનો પોતાની મંગેતરથી મળવું જુલવું પોતાનો હક્ક઼ સમજે છે, બલ્કે કેટલાક ધર્મથી બેપરવા

ખાનદાનોના બગડેલા છોકરા પોતાની મંગેતરની સાથે ડેટીંગ પર પણ જાય છે, મિજાઝ પારખવાના અને પારસ્પરિક સંકોચોને દૂર કરવાના નામ પર પોતાનો સમય પિકનિક પોઈન્ટ અને રેસ્ટોરન્ટોમાં વીતાવે છે. મા બાપ આ મુલાકાતનું જાઈઝ હોવું એમ કહીને રજૂ કરે છે કે એનાથી એકબીજાની પસંદ નાપસંદને સમજવાનો મોક઼ો મળે છે અને એ આવનારી દાંપત્ય જીવનને ખુશગવાર બનાવવા માટે મદદરૂપ થઈ છે. જ્યારે કે **મંગેતરની સાથે આ રીતે મળવું શરીઅતના રૂએ નાજાઈઝ અને હરામ હોવાની સાથે ખૂબ જ પરેશાનીઓનું આવવું પણ સાબિત થાય છે,** નક્કી થયેલ રિશ્તા તૂટી જાય છે, બનેલી વાત બગડી જાય છે, અને નિકાહ પહેલાં જ રિશ્તા તૂટી જાય છે. આવા બનાવો અવાર નવાર દૈનિક પત્રોમાં વાંચવા મળે છે.

## મંગની જ્યારે આવી છે તો શાદી કેવી થશે ?!

શાદીઓમાં જાત જાતના ખર્ચા, દહેજનો વધતો રિવાજ, ખૂબ જ મોટી સંખ્યાના જાનૈઓની શાહી વ્યવસ્થા છોકરીવાળા માટે જાનનું જોખમ છે ! એથી અધિક દિવસે દિવસે મંગનીની રસમમાં નવી નવી ખરાબીઓનો થતો વધારો સાધારણ વર્ગના લોકો ખૂબ જ પરેશાની ઉભી કરી રહ્યો છે, રિશ્તો મજબૂત કરવું મક઼સદ હોય તો તેના માટે પૂરી જાન (બારાત) સજાવીને છોકરીવાળાઓને કંગાળ કરવાની શું જરૂરત છે ? આ પ્રસંગને સાદગી સાથે પર પૂર્ણ કરી શકાય છે. અમુક ભરોસા લાયક અને બાઅષર લોકોની એક નાની જમાઅત છોકરીવાળાઓના ઘરે પહોંચીને સાધારણ મહેમાનનવાઝી પછી રિશ્તાની વાત અને નિકાહના બીજા મામલા પર વાતચીત કરી શકે છે. પરંતુ સમાજમાં દેખાડો કરવા અને એકબીજા પર ફખ્ર (ગર્વ) કરવા માટે છોકરાવાળા એક લાંબી જમાઅત દર્જન લકઝરીઓની સાથે શાહાના ઠાઠમાં મંગની માટે જવું જરૂરી સમજે છે. બીજી તરફ છોકરીવાળા પણ તેમનો મુક઼ાબલો કરીને, ભાત ભાતના પકવાન અને સર્વોત્તમ વ્યવસ્થા થકી તેમની મહેમાનનવાઝી કરવું પોતાની ઉપર વાજિબ સમજે છે, ભલે એના માટે વ્યાજે કરજ લેવાની નોબત કેમ ન આવે ! જાહેર છે કે આ ચીજોને ઈસ્લામથી કોઈ વાસ્તો નથી, અને ન તો આપણા બુઝુર્ગોએ શાદીઓમાં આ ચીજો કરી.

## ઉલમા તથા પીરો પણ કોશિશ કરે !

સમયની જોરદાર માગ છે કે મંગની અને શાદીની એવી રસ્મો જે શરીઅતની વિરુદ્ધ છે અથવા તેના કારણે સમાજના સામાન્ય અને ગરીબ વર્ગના લોકો સમસ્યાઓમાં સપડાય રહ્યા છે એનો વિરોધ કરવો જોઈએ, એની ખરાબ અસરોથી લોકોને બચાવવા જોઈએ, અને તેની સાથે સાથે સુન્નતે રસૂલની રોશનીમાં શાદીના ઈસ્લામી તરીક઼ાને રિવાજ દેવાની સંપૂર્ણ કોશિશ કરવામાં આવે, જો આપણા ઓલમા અને ખતીબો શાદીની રસ્મો અને રીવાજોની ઈસ્લાહ (સુધારણા) કરવાનો નિશ્ચય કરી લે તો હકારાત્મક પરિણામો જોવા મળી શકે છે.

*(હવાલો : અશ્રફિયહ્ મંથલી ઉર્દૂ, નવેમ્બર–૨૦૧૬)*

તો ઉલમા તથા ઈમામોએ તેમજ પીર સાહબોએ પોત પોતાના અસર હેઠળના વિસ્તારમાં લોકોને હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا તથા અન્ય ઈસ્લામી નેક ખાતૂનોની શાદીના દાખલા આપી સુન્નત તથા શરીઅત પ્રમાણે મંગની તથા શાદીનો પ્રસંગ પતાવવા સમજાવવા જોઈએ. સામાન્યતઃ પીરની ચાહતમાં મુરીદો તેમના ઈશારા પર કહે તે કરવા તૈયાર થતા હોય છે જેથી એવા બાઅષર પીર સાહબો તથા ખતીબો જો આ દિશામાં કોશિશ કરે તો જરૂર ઈન્કિ઼લાબ પેદા થશે. (ઈન્શાઅલ્લાહ !)

# ફેસબુક

## ✧ દા'વત તથા તબ્લીગનું શ્રેષ્ઠ માધ્યમ ✧

રજૂકર્તા : **હાફેઝ ઉષ્માન સાહબ કોલવનવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હવે એ સમય ગયો કે જયારે લોકો નવી અસ્તિત્વમાં આવતી ચીજોથી ડરતા હતા અને પૂરાણી જીવન શૈલીના પર અડી રહેતા હતા. આજે લોકોની કન્ડિશન "ચાલો તમે એ તરફ જે તરફ હવાની દિશા હોય !" એવી છે. સોશિયલ મીડિયા નામનું દસ વર્ષનું બાળક હવે યંગ થઈ ગયું છે, અને એણે આખા વર્લ્ડને આશ્ચર્યમાં નાખી દીધું છે. એ યંગે (સોશિયલ મીડિયાએ) લાખો કરોડો નવયુવાનોને પોતાના આશિક઼ બનાવી લીધા છે. આજના યુવાનો "ફેસબુક"ના અતિશય દીવાના અને એની મહોબ્બતમાં બુરી રીતે પરોવાયેલા છે.

સોશિયલ મીડિયાનો અર્થ ઈન્ટરનેટ બ્લોગ્સ, સામાજિક સંપર્કની વેબસાઈટ, મોબાઈલ, એસ.એમ.એસ., એપ્લિકેશન અને બીજી ફેસિલિટીઓ છે, જેના આધારે સમાચાર અને વર્લ્ડની માહિતી મિનિટોમાં દુનિયાના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવે છે. ફેસબુક પણ સામાજિક મીડિયાનો એક ભાગ અને ઈન્ટરનેટની એક લોકપ્રિય અને સૌથી વધુ લોકપ્રિય વેબસાઈટ છે. પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાથી કોન્ટેકટ રાખવાવાળા લોકો માહિતીને લોકો સુધી પહોંચાડવામાં સોશિયલ મીડિયાની સાઈટ જેવી કે ફેસબુક, ટ્વિટર, યુટયુબ, બ્લોગ, વોટસએપ, ટેલીગ્રામ અને ગુગલ પ્લસ વગેરેથી જોડાયેલ છે.

ફેસબુક જે આજે લાખો કરોડો નવયુવાનોના હૃદયની ધડકન છે એની શરૂઆત ૨૦૦૪માં થઈ. આ સંદર્ભમાં ૧૯૯૫માં કલાસ મેટ્સ ડોટ કોમ નામની વેબસાઈટ સામે આવી જે ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે ચાલુ કરવામાં આવી હતી. એના એક વર્ષ પછી બોલ્ટસ ડોટ કોમ, અને એના એક વર્ષ પછી એશિયન એવન્યુ વગેરે સાઈટો અસ્તિત્વમાં આવી. ૨૦૦૪માં "ઓર કુટ" અને "ફેસબુક"નો સફળ અનુભવ થયો અને દિવસે દિવસે એની પ્રગતિમાં વધારો થઈ રહ્યો છે. *(દૈનિક પત્ર રાષ્ટ્રીય સહારા, ૧–૧૨–૨૦૧૩, લખનૌ)*

હિંદુસ્તાન સહિત બીજા દેશોમાં ફેસબુક શરૂઆતમાં વધારે સફળ ન થઈ શકી, પણ ૨૦૦૯ પછી ફેસબુકમાં એવી પ્રગતિ થઈ કે આખુ વર્લ્ડ ફેસબુક પર છવાય ગયું અને આજે હાલત એવી છે કે જે તરફ નિગાહ દોડાવો એ તરફ ફેસબુકની ચર્ચા જોવા મળે છે. આજે ફેસબુક પર એક અબજથી વધારે એકાઉન્ટ છે, એનાથી તમે ફેસબુકનું મહત્વ અને લોકપ્રિયતાનો અંદાજો લગાડી શકો છો. આ ફેસબુકે મિત્રોથી સંપર્કને મોટાભાગે સરળ કરી દીધો છે અને હજારો અલગ થયેલા મિત્રોને એકબીજા સાથે મેળવી દીધા છે.

ફેસબુક પર મેસેજ મોકલવાની સાથે (Chat) ચેટ, જાનદારનાં ચિત્રોનું એકસચેન્જ અને શેર (Shar) કરવાનું કામ પણ બહોળા અને વિશાળ પ્રમાણમાં થઈ રહ્યું છે. ફેસબુકને દા'વત તથા તબ્લીગનું માધ્યમ બનાવતા પહેલાં

શરીઅતના દૃષ્ટિકોણ વડે ફેસબુકના વપરાશને ચકાસી લેવો જરૂરી છે કે શરઈ દૃષ્ટિએ કેટલી હદ સુધી ફેસબુકનો વપરાશ જાઈઝ છે અને કેટલી હદ સુધી નાજાઈઝ છે.

પણ તે પહેલાં આ લખાણ જુઓ જેથી ફેસબુકનો પરીચય, એની હકીકત તથા લોકપ્રિયતા અને કામની પદ્ધતિનો અંદાજો થઈ શકશે.

## ★ ફેસબુક શું છે ? ★

ઈન્ટરનેટના નિષ્ણાત જનાબ ખુર્શિદ ઈક઼બાલ લખે છે :–

આ વિખ્યાત (પણ કુખ્યાત) વેબસાઈટનું નામ તો તમે સાંભળ્યું હશે. આ (ફેસબુક) એક સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ છે. એક તાજેતરના રિપોર્ટના અનુસાર આ જ ફેસબુકના સક્રિય સભ્યોની સંખ્યા ૮૦ કરોડથી વધારે છે. તમે સમજી શકો છો કે આ સંખ્યા કેટલી મોટી છે ?! માત્ર ચીન અને હિંદુસ્તાનને છોડીને દુનિયાના કોઈપણ દેશની વસ્તીથી વધારે માણસો ફેસબુકના સભ્યો છે.

પણ આનાથી પહેલાં તમોને એ બતાવવું જરૂરી છે કે સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ શું છે ?

સોશિયલ નેટવર્કિંગ સાઈટ, ખરેખર એવી વેબસાઈટ છે જેના સભ્યો એકબીજાની સાથે સંદેશા, ચિત્રો, વિડિયો અને બીજી ફાઈલોનું એકસચેન્જ Real Timeમાં કરી શકે છે, એકબીજાથી મિત્રતા કરી શકે છે, વિવિધ વિષયો પર એકબીજા સાથે ચર્ચા કરી શકે છે....વગેરે. તમે એ વેબસાઈટને વર્ચ્યુઅલ કલબ પણ કહી શકો છો અથવા ગામનો ચોરો કહી શકો છો જ્યાં લોકો અંદરો અંદર એકબીજાથી વર્ચ્યુઅલ પદ્ધતિ પર હરે મળે છે અને ચર્ચા કરે છે.

એક સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ અને એક સામાન્ય વેબસાઈટમાં મૂળભૂત તફાવત એ છે કે એક સામાન્ય વેબસાઈટનો વિઝિટર એમાં માત્ર એ જ સામગ્રીને જોઈ શકે છે જે એ વેબસાઈટના શોધકે એમાં અપલોડ કરેલી હોય છે, તે જાતે એમાં કોઈ વધારો નથી કરી શકતો. જ્યારે એક સામાજિક નેટવર્કિંગ વેબસાઈટના સભ્યો જ્યારે ચાહે એ સાઈટમાં પોતાના તરફથી નવી સામગ્રીનો સમાવેશ કરી શકે છે. જેમ કે જો તમે ફેસબુકના સભ્ય છો તો તમે પોતાની મરજીથી એમાં પોતાનાં અથવા બીજાનાં ચિત્રો, ઓડિયો, વિડિયો અથવા બીજુ કાંઈ સમાવી શકો છો જેને બીજા સભ્યો જોઈ શકે છે.

સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટનો સિલસિલો ૨૦મી સદીના અંતમાં શરૂ થયો. આ સિલસિલાની પહેલી કડી classmates.com જેમાં સભ્યો પોતાનું પ્રોફાઈલ બનાવી શકે છે અને એની મદદથી પોતાની સ્કૂલ અથવા કોલેજના મિત્રોને શોધીને સંપર્ક સ્થાપિત કરી શકે છે.

પણ પહેલી વેબસાઈટ જેને ખરેખર અર્થમાં સામાજિક નેટવર્કિટ સાઈટ કહેવામાં આવે છે એ ૧૯૯૭માં સ્થાપ્ના થવાવાળી વેબસાઈટ sixdegrees.com હતી. તેના પછી તો સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટનો સિલસિલો ચાલુ થઈ ગયો. ૨૦૦૨માં frindster, ૨૦૦૩માં linkedln, Myspace અને Hi5, ૨૦૦૪માં Orkut અને Flicker, ૨૦૦૫માં Bebo. Ning અને ૨૦૦૬માં You Tube, Face book, અને Twitter અને ૨૦૧૧માં Google Plus વગેરે વેબસાઈટની સ્થાપ્ના અમલમાં આવી. અહીંયાં મેં માત્ર એ જ સાઈટનું નામ લખ્યું છે જે ઘણી જ વધારે લોકપ્રિય છે, નહીંતર આ

શ્રેણીની સાઈટની યાદી ઘણી લાંબી છે.

પાછલાં વર્ષોમાં લોકપ્રિયતાની હરીફાઈમાં એકબીજાને પાછળ છોડવાના પ્રયાસમાં વ્યસ્ત આ વેબસાઈટો નંબર વન પર પહોંચવા માટે નવી નવી પદ્ધતિ અપનાવતી રહી પણ છેવટે ફેસબુકે એ બધાને ઘણા જ પાછળ છોડી દીધા છે.

Face bookનો પાયો Mark Zuckeberg એ ૨૦૦૪માં પોતાની કોલેજના મિત્રોની સાથે મળીને રાખ્યો હતો. શરૂઆતમાં આ વેબસાઈટ માત્ર હાવર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે ખાસ હતી. પણ જ્યારે ૨૦૦૬માં એને આમ લોકો માટે ખોલી આપવામાં આવી તો એક ક્રાંતિ આવી ગઈ અને જોત જોતામાં આ વેબ સાઈટ નંબર વન સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ બની ગઈ અને આજની દુનિયાનો દરેક માણસ ફેસબુકનો સભ્ય છે. તો આ હતો ફેસબુકનો ટૂંકો પરિચય! *(મંથલી : ઉર્દૂ દુન્યા, જાન્યુઆરી–૨૦૧૨, દિલ્હી)*

ફેસબુક જાતે પોતે સંપર્કનો એક ઝરીયો છે જે ઉપયોગ કરવાવાળાઓના લેહાઝથી જાઈઝ તથા નાજાઈઝ કોઈપણ કામ કરી શકે છે. **જો ફેસબુકનો વપરાશ જાઈઝ કામો માટે કોઈ શરઈ ખરાબીની મિલાવટ વગર હોય તો જાઈઝ છે, નહીં તો નાજાઈઝ.**

પત્ર વ્યવહાર, પોતાની વાત બીજા સુધી પહોંચાડવી, પોતાના મિત્રોની ખબર પૂછવી, પોતાના ધર્મનો પ્રચાર, ઈન્ટરનેટ પર ઈસ્લામ અને સુન્નિયત સામે કરવામાં આવેલા વાંધાનો ગંભીરતાપૂર્વક જવાબ આપવો વગેરે, આ બધી વસ્તુઓ ફેસબુકના માધ્યમથી કરી શકાય છે, અને આ વસ્તુઓ ફેસબુક પર જાઈઝ છે. અને ફેસબુકમાં એ રીતે પરોવાયેલા રહેવું કે અન્ય ફર્ઝો તથા વાજિબો છૂટી જાય એ હદ સુધી ફેસબુકનો વપરાશનો જાઈઝ તથા દુરુસ્ત નથી.

કેમ કે ફેસબુકમાં એ હદ સુધી પરોવાયેલા રહેવું એ ખેલકૂદમાં સામેલ છે અને ઈસ્લામમાં ત્રણ ખેલ (રમત) સિવાય દરેક પ્રકારના ખેલકૂદ (રમતો) બાતિલ (ગલત) અને નાજાઈઝ છે. તેથી ફેસબુકની એ બધી વાતો જે ખેલકૂદ (રમતો)ની શ્રેણીમાં આવશે એ પણ બાતિલ તથા નાજાઈઝ ગણાશે.

હદીષે પાકમાં છે :–

"જેટલી વસ્તુઓથી માણસ ખેલકૂદ કરે છે ગલત (બાતિલ) છે, પણ કમાનથી તીર ચલાવવું, ઘોડાને અદબ શીખવાડવી (પલાળવો), અને પોતાની પત્નીથી સોહબત, આ ત્રણેવ વસ્તુઓ હક્ક઼ છે." *(જામેઉત્ તિર્મિઝી, હદીષ નં. : ૧૬૪૩, ૩/૨૩૭, દારુલ કુતુબિ આલિય્યહ, બૈરૂત)*

અફસોસની વાત છે કે આ જ ફેસબુકનો વપરાશ દીની જરૂરત અને દુનિયાની હાજત (જેવી રીતે કે સંદેશો પહોંચાડવો, કોમર્શિયલ પ્રચાર વગેરે)થી વધારે ખેલકૂદ અને સમય પસાર કરવા માટે થઈ રહ્યો છે. આવો ! આ સિલસિલામાં શરીઅતનો હુકમ જોઈ લઈએ.

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ ખેલકૂદના વિશે લખે છે :–

"મુત્લક઼ન કોઈ પણ કામમાં પરોવાયેલા રહેવું ખેલકૂદ છે, પછી તે કામ મૂળભૂત રીતે જાઈઝ હોય અથવા નાજાઈઝ હોય. જેવી રીતે કે કોઈ માણસ નફ્લ નમાઝ, ઝિક્રો અઝકાર, તિલાવતે કુર્આન અને એના અર્થમાં મનન કરવામાં એ રીતે પરોવાય જાય કે ઈરાદાપૂર્વક ફર્ઝ નમાઝનો સમય નીકળી જાય, તો એ પણ ખેલકૂદ છે ! જ્યારે જાઈઝ વસ્તુઓમાં પરોવાયેલા રહેવાનો આ હુકમ છે તો

પછી નાજાઈઝ વસ્તુઓમાં પરોવાયેલા રહેવાનો શું હુકમ હશે ?!" *(ફત્હુલબારી શરહે બુખારી, ૩/૩૬૮, દારુલ ફિક્ર, બૈરૂત)*

એટલે જ્યારે જાઈઝ કામમાં મશગૂલિયત એટલી હદ સુધી વધી જાય કે એનાથી ઈરાદાપૂર્વક ફર્ઝો અને વાજિબો છૂટી જાય તો એ જાઈઝ કામ પણ નાજાઈઝ થઈ જાય છે, તો જે કામ ખુદ નાજાઈઝ છે એમાં એટલા પ્રમાણમાં પરોવાયેલા રહેવું તો વધારે ખરાબ અને નાજાઈઝ થશે.

હિદાયામાં છે :– "દરેક ખેલકૂદ નાજાઈઝ અને હરામ છે." *(હિદાયહ્ આખિરીન, પેજ : ૪૩૯, મજલિસે બરકાત, મુબારકપુર)*

આપણા મુસ્લિમ નવયુવાનો ફેસબુકમાં એ રીતે મગ્ન અને પરોવાયેલા રહે છે કે ઈરાદાપૂર્વક ફર્ઝો અને વાજિબો છોડી દે છે. તેથી આ હદ સુધી ફેસબુકમાં પરોવાયેલા રહેવું અને ડૂબેલા રહેવું નાજાઈઝ થશે.

ફતાવા આલમગીરીમાં છે :–

"દરેક ખેલકૂદ બિલ ઈજમાઅ હરામ છે." *(ફતાવા આલમગીરી, ૫/૩૫૨, ઝકરિયા બુક ડેપો–દેવબંદ)*

દા'વતો તબ્લીગના તરીક઼ાઓ અને તક઼ાઝાઓ દરેક સમયમાં બદલાતા રહ્યા અને બદલાતા રહેશે. ઈસ્લામ તથા સુન્નિયતના પ્રચાર તથા પ્રસારમાં અત્યારે ઈન્ટરનેટને એક અસકરકારક, મજબૂત અને ક્રાંતિકારી ઝરીયો માનવામાં આવી રહ્યો છે, અને વાસ્તવિક સચ્ચાઈ પણ એ છે કે ઈન્ટરનેટ એ વર્તમાન ઈલેક્ટ્રોનિક પ્રચાર માધ્યમોમાં વિચારો તથા માન્યતાઓની તબ્લીગ તથા પ્રચારના સંબંધે એક મજબૂત હથિયાર છે. ઈન્ટરનેટ તથા અન્ય સોશિયલ મીડિયાનો સહારો લીધા વગર દીન તથા મઝહબની પ્રગતિની મજબૂતીનું સ્વપ્ન જોવું બેકાર અને દાનિશમંદીની વિરુદ્ધ છે. દા'વતો તબ્લીગ (પ્રચાર)ને અસરકારક બનાવવા માટે હિકમત, મસ્લેહત તથા નસીહત, આ ત્રણેવ જરૂરી છે. હિક્મત અને મસ્લેહતનો તકાઝો અને સંજોગોની સખત માગ છે કે દા'વતો તબ્લીગના કારવાંને આગળ વધારવા માટે ઈન્ટરનેટનો દરેક પ્રથમ હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવે જેથી આપણો દા'વતી કારવાં ઝડપભેર લક્ષ્યસ્થાન સુધી પહોંચી શકે.

ઈન્ટરનેટની સૌથી લોકપ્રિય વેબસાઈટ ફેસબુક પણ દા'વતો તબ્લીગ (પ્રચાર)નો એક મહત્વપૂર્ણ ઝરીયો છે. એના દ્વારા પણ દા'વતો તબ્લીગનું કામ કરી શકાય છે, પણ શર્ત એ છે કે શરઈ સૂચનાઓના પાલનનો લેહાઝ રાખવામાં આવે અને કોઈ શરીઅત વિરુદ્ધની ખરાબીના મિશ્રણ વગર સાવધાન તરીક઼ા પર એનો વપરાશ કરવામાં આવે. આજે ફેસબુકનો ઉપયોગ કરવાવાળાઓમાં એક ખાસી મોટી સંખ્યા કાબેલ ઓલમાએ કિરામની છે, જો તેઓ ઈચ્છે તો ઈસ્લામી હુકમો અને મસાઈલ, અહલે સુન્નતના અક઼ીદાઓ તથા રીવાજો રસમો અને ધાર્મિક ઉપદેશો, ફેસબુક પર બ્રોડકાસ્ટ અને શેર કરીને દીન તથા મઝહબની તબ્લીગનો પવિત્ર ફર્ઝ અંજામ આપી શકે છે.

જેથી ફેસબુકનો ઉપયોગ કરવાવાળા આપણા ઓલમાએ કિરામે જોઈએ કે તેઓ પોતાના મિત્રોની યાદીમાં હોય તેવા યંગ સર્કલને ધર્મ અને શરીઅતના હુકમો અને તા'લીમાતથી હોશિયાર કરે અને દરરોજ ઓછામાં ઓછો એક દીન તથા શરીઅતનો મસ્અલો યંગ સર્કલને જરૂર બતાવે.

અલ્લાહ તઆલા આપણા બધાને દીને મતીનના સાચા ખાદિમ બનાવે. (આમીન)

*(હવાલો : અશ્રફિયા મંથલી, જુલાઈ–૨૦૧૪, મુબારકપુર)*



# ગૈર મુસ્લિમોમાં રસૂલુલ્લાહ ﷺ ની લોકપ્રિયતા

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હુઝૂર રસૂલે કરીમ ﷺની મહોબ્બત મો'મિનો માટે એટલી મહત્વની છે કે જો આપણે આપણા મા બાપ, પોતાની અવલાદ અને દુનિયાની દરેક હસ્તીથી અધિક મહોબ્બત હુઝૂર પુરનૂર ﷺથી નથી રાખતા તો આપણે મો'મિન જ નથી. મુસલમાનો માટે તો આ મહોબ્બત ઈમાનની બુનિયાદ છે અને આ મહોબ્બતનો ઈઝહાર આપણે ગદ્ય અને પદ્ય રીતે આપ ﷺની પ્રશંસા દ્વારા પણ કરીએ છીએ અને આપ ﷺના આદેશો પર અમલ કરીને પણ કરીએ છીએ. પરંતુ જે લોકો ઈમાન ન લાવ્યા અને કાફિર છે, બુતપરસ્ત છે, અગ્નિ પૂજક છે, અથવા ખુદાનો ઈન્કાર કરે છે, તેમનામાંથી પણ ઘણા જ્ઞાની પુરૂષો હુઝૂર સરવરે કાએનાત ﷺની પ્રશંસા કરે છે, સીરત (જીવન ચરિત્ર)ની કિતાબો લખે છે, સીરત પર લેખો લખે છે અને નઅતો લખે છે, તો આનાથી એ હકીકત જાહેર થાય છે કે જે વ્યક્તિ પણ કાએનાતના આકા વ મૌલા ﷺના પવિત્ર જીવનનો અભ્યાસ કરે છે, સરકાર ﷺના કારનામાંઓ પર નજર નાખે છે, દુનિયામાં હુઝૂર ﷺના પ્રભાવથી જે પરિવર્તનો આવ્યાં તેને જુએ છે, તો પ્રભાવિત થયા વિના નથી રહેતો અને જો અલ્લાહ તઆલાએ બુધ્ધિ આપી છે અને સત્યને કબૂલ કરનાર દિલ આપ્યું છે તો તે સરકાર ﷺની અતિ પવિત્ર હસ્તીને ખિરાજે અકીદત પેશ કરે છે.

દલ્લુરામ કૌષરી ઈસ્લામ લાવ્યા પહેલાં પોતાનો નઅત સંગ્રહ ''આબે કૌષર'' રજૂ કરી ચૂક્યા હતા, પંડિત લભૂરામ મલ્સિયાનીની ''અર્શે'' ''આહંગે હિજાઝ'', રાજાસર કિશન પ્રશાદ ''શાદ''ની ''હદિયએ શાદ'', ચરન સરન ''નાઝ'' માનેકપૂરીની નઝમમાં સીરતે રસૂલ ﷺ ''રહબરે આ'ઝમ'' અને લાહોરના પ્રખ્યાત ઈસાઈ શાયર નઝીર ''કૈસર''ની ''અય હવા મોઅઝ્ઝિન હો'' વગેરે.... મુસ્તફા ﷺની પધ્ધતિસરની પ્રશંસાના સંગ્રહો છે.

સીરતે મુસ્તફા ﷺના અભ્યાસથી કેટલાક ગૈર મુસ્લિમોને ઈસ્લામની દૌલત નસીબ થઈ ગઈ, તેમનામાં એક દલ્લૂરામ કૌષરી હતા, જેઓ ઈ.સ. ૧૯૨૯માં કૌષર અલી થઈ ગયા. તેમણે મુહમ્મદ મારમાડયૂક પુખ્તાલની સીરતની કિતાબનો અનુવાદ ''અલ અમીન''ના નામથી લાહોરમાં પ્રકાશિત કર્યો.

ઘણા બધા ગૈર મુસ્લિમ ઈસ્લામમાં દાખલ તો ન થયા પરંતુ હુઝૂર રસૂલે અનામ ﷺની સીરતે તય્યબહથી એટલા પ્રભાવિત થયા કે આપ ﷺની પ્રશંસામાં પુસ્તકો લખ્યાં.–

- ❑ રશિયાના પ્રસિધ્ધ ફિલોસોફર ટોલ્સટોયની કિતાબનો અરબી અનુવાદ ''હુક્મુન્નબી ﷺ'' ના નામથી પ્રકાશિત થયો, તેણે લખ્યુ : ''હુઝૂર ﷺના મહાન કારનામાં એનો પુરાવો આપે છે કે આપ ﷺ મહાનતમ સુધારક હતા.''
- ❑ બ્રિટનના પ્રખ્યાત ઈતિહાસકાર અને ફિલોસોફર કાર્લાઈલની કિતાબમાં છે : ''ખુદાના છુપાએલા ભેદો રસૂલ ﷺની પોતાની જાત પર ઉઘાડા હતા, તેમની વાતો સત્ય હતી.''

- એસ. પી. સ્કોટે પોતાની કિતાબમાં લખ્યું : ''મુહમ્મદ ﷺ એવા દિમાગના માલિક હતા જે મુશ્કેલથી મુશ્કેલ અને અતિશય ગૂંચવાડાવાળી બાબતોનો ઉકેલ લાવી શકતુ હતું.''
- માર્ટિન લિંગ્ઝની સીરતની કિતાબ ઈ.સ. ૧૯૮૩માં લંડનથી પ્રકાશિત થઈ. તેણે કિતાબના અંતમાં હુઝૂર ﷺ વિશે લખ્યું ''રહમતની ચાવી, સત્યતાની રૂહ !''
- અન્ય એક બ્રિટનના લેખક જોન ડેવિટ પોર્ટે પોતાની કિતાબ એન રીયલોજી ફોર મુહમ્મદ એન્ડ ધ કુર્આન''માં હુઝૂર ﷺ પર દુશ્મનો તરફથી લગાડવામાં આવેલા આક્ષેપોને રદિયો આપ્યો છે. એક અન્ય અંગ્રેજ જયોર્જીયોએ પોતાની કિતાબ ''તે રસૂલ જેમને નવેસરથી સમજવા જોઈએ''માં આપ ﷺના જીવનના વિવિધ પાસાંઓ પર પ્રકાશ નાખ્યો છે. જર્મનના કલમકાર ડો. સ્પ્રીંગર, વેલગસ્ટિન, ડિગો બર્ટવોન, લિયોડોલ્ફ, એન્ડ્રો ટોર, હયુબર્ટ ક્રાઈમ, ફ્રાન્ઝને, ડોકટર ઓટો, ફોક્રિમર અને પાર્ટિવ વગેરેએ હુઝૂર ﷺની સીરત પર કિતાબો લખી. એન મેરી શુમલની કિતાબ ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' ﷺ ઈ.સ. ૧૯૮૦માં લંડનથી પ્રકાશિત થઈ.
- ફ્રાંસના વિદ્વાનોમાં સેદિયો, રીનાન, પર્સિવાલ, એલેન, ગાડનેર અને લીબાન વગેરેએ પણ હુઝૂર ﷺના જીવન ચરિત્ર પર કિતાબો લખી છે અને આપ ﷺના પવિત્ર જીવનનાં ઘણા પાસાંઓની પ્રશંસા કરી છે.
- ચીનના એક લેખક લ્યૂચીલિને અરબી અને ચીની સાહિત્યની મદદથી ચીની ભાષામાં હુઝૂર ﷺનું જીવન ચરિત્ર (સીરત) લખ્યું છે. G.W. લાઈટનરે ઈ.સ. ૧૯૦૮માં પ્રકાશિત થએલ પોતાની કિતાબમાં સ્વીકાર્યું કે :''મુહમ્મદ ﷺના વ્યક્તિત્વ અને ઝાતમાં એવું આકર્ષણ તથા ખેંચાણ છે જે કોઈ યુગમાં ઓછું નહીં થાય.''
- જર્યોજ બર્નાર્ડશોએ કહ્યું :''તે ઈસ્લામ જે મુહમ્મદ ﷺના યુગમાં દિલો, દિમાગો અને રૂહોમાં વસેલો હતો.''
- ઈ. ડર્મિન્ગહમે લખ્યું :''સ્ત્રીઓને કદી તે સન્માન ન મળ્યુ હતું જે મુહમ્મદ ﷺની તાલીમાતના પરિણામે મળ્યું.''
- હિંદુઓમાં આજે કેટલાક લોકો ઈસ્લામ અને મુસલમાનનો પ્રતિ દુશ્મની પ્રદર્શિત કરતા રહે પરંતુ એમનામાં ઘણા બધાઓએ હુઝૂર ﷺની પ્રશંસામાં કલમ ઉઠાવી છે. મેં કેટલાય વિખ્યાત હિંદુ શાઈરોની ગઝલોના સંગ્રહો જોયા છે જેમની શરૂઆત હમ્દ અને નઅતથી કરવામાં આવી છે.
- સ્વામી લક્ષ્મણ પ્રસાદની કિતાબ '' અરબ કા ચાંદ'' આજે પણ બજારમાં ઉપલબ્ધ છે, કિતાબના અભ્યાસથી એવું જણાય છે કે આ કિતાબ કોઈ મુસલમાનની લખેલી છે. બી.કે. નારાયણે અંગ્રેજીમાં ''મુહમ્મદ ﷺ ધ પ્રોફેટ ઓફ ઈસ્લામ'' લખી, જે ઈ.સ. ૧૯૮૯માં દિલ્હીથી પ્રકાશિત થઈ. મારા કિતાબોના સંગ્રહમાં બ્રામહ ધર્મના પ્રચારક શૃધ્ધે પ્રકાશ દેવની કિતાબ'' મુહમ્મદ સાહબ ﷺ બાનીએ ઈસ્લામ'' છે જેમાં તેણે લખ્યું છે કે : ''તંગદિલ અને પૂર્વગ્રહવાળા લોકો જે કાંઈ પણ કહે પરંતુ જે લોકો ન્યાયપ્રિય અને ઉદાર દિલના છે તેઓ કદી મુહમ્મદ ﷺ સાહબની તે અનમોલ સેવાઓને જે આપે માનવ વંશની ભલાઈ માટે આપી, તેને ભૂલાવી એહસાન ફરામોશ નથી થઈ શકતા.''

- શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકે ખુદ હુઝૂર ﷺની ઘણીવાર પ્રશંસા કરી. એક ''શીખ પ્રોફેસર ગુરૂદત્તસિંઘ દારાની કિતાબ ''રસૂલે અરબી'' પર સુલૈમાન નદવી, હફિઝ જલંધરી, અને શેખ સર અબ્દુલ કાદિરની પ્રસ્તાવનાઓ છે. પ્રોફેસર પ્રિતમ સિંઘની કિતાબ ''હમારે મુરબ્બી''નું સાતમુ પ્રકરણ હુઝૂર ﷺ વિશે છે.
- આર.વી.સી. બોડલેની અંગ્રેજી કિતાબ ''ધ મેસેન્જર''નો ઉર્દૂ અનુવાદ આજે પણ ઉપલબ્ધ છે, તેમના સિવાય મેન્ટગમરી વોટ, મારગોલિથ મેકડોનલ્ડ, હેનરી માર્ટિન, સર જોન મેલ્કમ, જે.જે. પોલ, વોશિંગ્ટન અરવિંગ, રોબર્ટ એલ ગ્યુલિકા અને ઘણા ફિરંગી ભાષા શાસ્ત્રીઓ ઉપરાંત ગાંધીજી, સર છોટુરામ સરોજીની નાયડૂ, સરદાર દીવાન સિંઘ મફતૂં, માસ્ટર તારા સિંઘ, રવિન્દ્રનાથ ટાગોર, પંડિત સુંદરલાલ, લાલા રામલાલ વર્મા, જસ્ટિસ રાના ભગવાનદાસ ભગવાન, પ્રોફેસર હરવંશ સિંઘ અને ઘણા બધા હિંદુ અને શીખ લીડરો તથા વિદ્વાનોના લખાણો આપણા સમક્ષ છે, જેનાથી જણાય છે કે હુઝૂર હબીબે કિબ્રિયા ﷺનું પવિત્ર જીવન એ લોકોને પણ પ્રભાવિત કરે છે જે આપ ﷺ પર ઈમાન ન લાવ્યા અને અરબીની આ મશહૂર કહેવત પોતાના સંપૂર્ણ અર્થમાં સામે તરી આવે છે : اَلْفَضْلُ مَا شَهِدَتْ بِهِ الْاَعْدَاءُ સૌથી ઉત્તમ ગવાહી તે છે જે ગૈર આપે.

*(માહનામા નૂરૂલ હબીબ, જાન્યુ. ૨૦૧૬)*

# દાઢી રાખવાની કોઈ મનાઈ કરી શકે નહીં -(સુપ્રિમ કોર્ટ)



**રજૂ. : એમ.એસ. શેખ 'શમ્સ' સાહેબ, સરખેજ-અહમદાબાદ**

ભારતની સર્વોચ્ચ અદાલત સુપ્રિમ કોર્ટનો હુકમ તમામે જાણી લેવો જરૂરી છે.

ભારતમાં ઘણી જગાએ આવા કિસ્સા બને છે. કોઈ સંસ્થા, કુંપની, હાઈસ્કૂલ કે કોલેજ પોતાને મોર્ડન દેખાડવા, શિસ્તના હદ ઉપરાંતના ઉત્સાહમાં ફૂલી જઈને કે જાતિ પક્ષપાતમાં રાચીને કાયદેસરના હુકમનો ભંગ કરતી રહે છે. આવી જ મધ્ય પ્રદેશની એક હાઈસ્કૂલ નિર્મલા કોન્વેન્ટ સ્કૂલે મુહમ્મદ સલીમ નામના વિદ્યાર્થીને દાઢી રાખવા બદલ સ્કૂલમાંથી કાઢી મૂકેલ. હાઈસ્કૂલવાળાએ તો પક્ષપાત કર્યો પરંતુ એમ.પી.ની હાઈકોર્ટે પણ બંધારણીય જોગવાઈને ધ્યાનમાં લીધા વિના જ તેની અરજીને ડિસમિસ કરી દીધી હતી.

તેના ચુકાદાથી નારાજ થઈને વિદ્યાર્થીએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરી. જ્યાં નામદાર જજ સંઘવીએ કાઉન્સિલને પૂછ્યું કે શું દાઢી રાખેલ તેથી તેને કાઢી મૂક્યો ? તેનો જવાબ ''હા'' માં મળતાં જજે ટીકા કરી કે, ''કાલે તો શીખ વિદ્યાર્થીને પણ સ્કૂલમાં દાખલ કરશે નહીં !'' આ કેસમાં એમ.પી.ના જજ માર્કંડ કાત્જુએ એવું કહ્યું હતું કે, ''દેશને તાલિબાની થવા દેવાય નહીં.'' આથી આ વિદ્યાર્થીએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરી કે, ''તાલિબાની'' શબ્દથી દેશને અને આમ લોકોને ગણના પાત્ર નુકસાન થવા સંભવ છે, જે બુનિયાદી હદની તદ્દન વિરુદ્ધ છે. દાઢી રાખવાનો મુસ્લિમનો હક્ક **'કલમ-૨૫'** હેઠળ અબાધિત છે. **તે કલમ દરેકને પોતાનો મઝહબ, ધર્મ જાહેરમાં કહેવા, કરવા, પાળવા, અમલમાં મૂકવાનો સંપૂર્ણ હક્ક બક્ષે છે.** નામદાર સુપ્રિમ કોર્ટની બેંચના જજો જસ્ટીસ બી.એન. અગરવાલ અને જસ્ટીસ જી. એસ. સંઘવીએ હુકમ કર્યો કે વિદ્યાર્થીને હાઈસ્કૂલમાં પાછો દાખલ કરીને અભ્યાસ કરવા દેવામાં આવે.

મુસ્લિમ સંસ્થાઓએ બેંચના સર્વોચ્ચ અદાલતના ચુકાદાને હર્ષભેર આવકારીને સૌને જાણ કરવા જણાવેલ છે.

# મોહસિને કાઈનાત

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ

## અને જાનવરોના હક્કો

કાર્યાલય

આજે પૂરી દુનિયા ''માનવ અધિકાર''નો ઢંઢેરો પીટી રહી છે અને આ મેદાનમાં સર્વ મઝહબવાળા પોતાને સૌથી વિશેષ ''માનવ અધિકાર''ના ઝંડાધારી દર્શાવી રહ્યા છે. પરંતુ સચ્ચાઈ એ છે કે આ દુનિયામાં મોહસિને ઈન્સાનિયત બલ્કે મોહસિને કાઈનાત (સમગ્ર સૃષ્ટિ પર એહસાન કરનાર)એ હુઝૂર ﷺની મુબારક તથા પવિત્ર જાત જ છે. એટલા માટે ફુક્હાએ કિરામે (ફક઼ીહોએ) ફર્માવ્યું કે આપની ખૂબીઓવાળી જાતને ફક્ત મોહસિને ઈન્સાનિયત દર્શાવવી એ નાઈન્સાફી છે, આપ કેવળ મોહસિને ઈન્સાનિયત જ નથી બલ્કે મોહસિને કાઈનાત છે, કેમ કે આપ જાનવરોના હક્કોના પણ ઝંડાધારી છે. એટલા માટે હઝરત અલ્લામા ઝહાક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''દુનિયાના ખાલિકે (સર્જનહારે) આ મહાન હસ્તીને **'રહ્મતુલ્ લિલ્ આલમીન'**નો એઝાઝ (લક઼બ) યોગ્ય જ અતા ફર્માવ્યો છે.''

આપ ફર્માવે છે : ''રહ્મતુલ્ લિલ્ આલમીનના આ શબ્દો જો સોનાના અથવા સોનેરી અક્ષરો વડે પણ લખવામાં આવે તો પણ એનો હક્ક અદા થશે નહીં અને ક઼યામત સુધી અદા થઈ શક્શે નહીં.''

### જાનવરોના હક્કમાં પણ રહ્મત

રહ્મતુલ્ લિલ્ આલમીનની રહ્મત કેવળ માનવો સુધી મર્યાદિત ન હતી બલ્કે આપ બેઝબાન જાનવરો, પક્ષીઓના હક્કમાં પણ રહ્મત હતા. જો કોઈ ઝબાનવાળા માનવી પર સખ્તી કરવામાં આવે તો તે તેને પ્રદર્શિત કરી શકે છે, પરંતુ બેઝબાન (મૂંગાં) જાનવરો પક્ષીઓ તેને જાહેર નથી કરી શક્તાં એટલા માટે રહ્મતે આલમ ﷺ મોટાભાગે પોતાના સહાબીઓને એવું ફર્માવ્યા કરતા હતા કે તમો ખુદાની આ મૂંગી મખ્લૂક઼ પર ઝુલ્મ તથા ઝિયાદતી ન કરો.

દરબારે નબવી ભરાયેલ હતો. એક સહાબી મજલિસમાં આવ્યા. તેમણે ચાદર ઓઢેલી હતી. રસૂલે અકરમ ﷺએ પૂછયું, એમાં શું છે ? સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું જંગલથી પસાર થઈ રહ્યો હતો તો એક ઝાડીમાંથી પક્ષીનાં બચ્ચાંનો અવાજ આવ્યો. હું તેમને ત્યાંથી ઉઠાવીને લઈ આવ્યો છું. રસૂલે મક઼બૂલ રહ્મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

''તમારે એવું ન કરવું જોઈતુ હતું, જાવ ! અત્યારે જ એ બચ્ચાં એ ઝાડીમાં છોડી આવો, બચ્ચાંની માને સખત તકલીફ થઈ રહી હશે.''

રહ્મતે આલમ ﷺ જ્યારે પણ રસ્તેથી પસાર થતા અને કોઈને પોતાના જાનવર પર નાજાઈઝ સખ્તી કરતાં જોતા તો આપ તેને મના કરતા અને કહેતા કે આ બેઝબાન જાનવરો પર સખ્તી કરવી સારુ નથી. માણસ પોતાના અઝીઝો તથા સમજાતિવાળાઓના માટે રહમ દિલ હોય શકે છે, પરંતું ગૈર જાતિ તથા મૂગાં જાનવરોના માટે આટલી હમદર્દી તથા હેતાળ દિલ રાખવું એ રહ્મતે દો આલમ ﷺની ''શાને રહ્મતુલ્ લિલ્ આલમીની''ની જ વિશિષ્ટતા છે. આપે એક મોક઼ા પર ફર્માવ્યું :–

''લોકો ! આ મૂગાં જાનવરો, ચોપગાંઓના બારામાં અલ્લાહથી ડરો !'' એક પ્રસંગે એક અન્સારી સહાબીને તતડાવતાં ફર્માવ્યું :–

''શું તું આ ચોપગાના બારામાં ખુદાથી નથી

ડરતો જેને અલ્લાહે તારી માલિકીમાં આપી દીધું છે ?! કેમ કે એણે મને ફરિયાદ કરી છે કે તેં એને ભૂખ્યું રાખ્યું છે.'' ઊંટે આપ ﷺને રડતાં રડતાં આ ફરિયાદ કરી હતી !

એક અન્ય પ્રસંગે ફર્માવ્યું કે, **''દરેક જાનદારને ખવડાવવા પીવડાવવામાં સવાબ છે.''** એકવાર રસ્તેથી પસાર થઈ રહ્યા હતા એવામાં આપની નિગાહે રહ્‌મત એક ગધેડા પર પડી જેના મોઢા પર મારવાનાં નિશાન સ્પષ્ટ હતાં, એટલે કે મોં સુજી ગયું હતું. આપ સખત નારાજ થયા અને ઈર્શાદ ફર્માવ્યો :–

**''મલઊન** છે તે શખ્સ જે આ જાનવરોના મોઢા પર મારે છે.''

આ ઐતિહાસિક શબ્દો તથા ઈર્શાદોની રોશનીમાં આપને કેવળ ''મોહસિને ઈન્સાનિયત'' કહેવા યોગ્ય નથી, હક઼ીક઼તમાં આપ ''મોહસિને કાઈનાત, રહ્‌મતુલ્ લિલ્ આલમીન'' છે. જેથી મુહમ્મદે અરબી ﷺના નીચે પ્રમાણેના શબ્દોને લક્ષમાં રાખીને ફુક઼હાએ કિરામે આ મુદ્દાને ચર્ચાનો વિષય બનાવ્યો છે કે જાનવરો જેની માલિકીમાં હોય એની દેખરેખ એના પર વાજિબ છે.

જેમ કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો ઈર્શાદ છે :–

''માલિક પર પોતાનાં જાનવરો એટલે જાનવરોનું ભરણપોષણ વાજિબ છે.''

માલિકી ફિક઼્હના મશહૂર આલિમ ઈબ્ને રશીદ رحمۃ اللہ علیہએ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનું સમર્થન કર્યું. અને ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیھم اجمعینનો ક઼ૌલ છે : ''તેમનું ભરણપોષણ વાજિબ છે, કેમ કે જાનવર પણ રૂહ ધરાવે છે. તેમની હિફાઝત પણ માનવીની જેમ વાજિબ છે. હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી પણ એ જ મરવી છે અને હઝરત ઈમામ તહાવી તથા કમાલ ઈબ્ને હુમામ رحمۃ اللہ علیہماએ એને જ અગ્રતા આપી છે.

**(૧)** ફિક઼્હની કિતાબો જાનવરોના હક્ક઼ોથી ભરેલી પડી છે. જેમ કે હઝરત ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અબૂ યૂસુફ હદીષના હવાલાથી નક઼લ કરે છે. હઝરત ઉમર رضی اللہ عنہથી નક઼લ થયલ છે કે જો માલિક પોતાનાં જાનવરો, પ્રાણીઓ પર ખર્ચ કરવાથી ના પાડી દે તો તેને કહેવામાં આવશે કે ક્યાં તો આ જાનવરોને ચરવાના માટે આઝાદ છોડી આપે જેથી તેઓ જરૂરત પ્રમાણે ચરી લે અથવા જો જાનવરોને માલિક વેચી નાખે, અને જો હલાલ જાનવર હોય તો તેને ઝબહ કરી નાખે (પણ ભૂખ્યુ ન રાખે).

**(૨)** ફુક઼હાએ કિરામ, મુફસ્સિરીને કિરામ, ઉલમાએ કિરામનો એ ઈર્શાદ છે કે જાનવરનું સર્વ દૂધ કાઢી લેવું જ્યારે કે એ જાનવરનું નાનુ બચ્ચુ હોય, તો એ જાઈઝ નથી. હા ! બચ્ચાના ખોરાક જેટલુ દૂધ છોડીને વધારાનું દૂધ દોહી શકાય છે.

**(૩)** જે લોકો મધનો વેપાર કરે છે અને એના માટે બાક઼ાયદા મધમાખીઓ પાળે છે, તો તેમના માટે પણ ઈસ્લામી શરીઅતે એ હુકમ આપ્યો છે કે તેમના પૂડામાં અમુક મધ રહેવા દે જે એમના ખોરાક માટે પૂરતુ હોય જેના વડે તેઓ પોતાનુ પેટ ભરી શકે.

**(૪)** રેશમનું કપડુ બનાવવાવાળા રેશમના કીડાના માટે શેતૂરનાં પાંદડાંની વ્યવસ્થા કરે જેથી તેમના ખોરાકની જરૂરત પૂર્ણ થાય અથવા એ રેશમના કીડાને શેતૂરના ઝાડ પર પાંદડાં ખાવા માટે છોડી આપે જેથી તે મૃત્યુ પામવાથી બચેલુ રહે.

**(૫)** હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہના

બારામાં કિતાબોમાં આવ્યું છે કે તેમની બખ્શિશ એક માખી અથવા એક કીડીને પોતાના કૃલમની શાહી (રોશનાઈ)ના પાણી વડે તૃપ્ત કરવાના કારણે અથવા તેની તરસ છીપાવવાના કારણે થઈ.

**(૬)** એક હદીષ શરીફમાં પાછલી ઉમ્મતોમાંથી એક સ્ત્રીને કેવળ એ કારણે જહન્નમ રશીદ થવાનું દર્શાવવામાં આવ્યું છે કે તેણીએ એક બિલાડીને ભૂખી તરસી રાખી જેના કારણે તે મૃત્યુ પામી. એથી ઉલ્ટુ એક તવાઈફ (નાચનારી)ને જન્નત કેવળ એ કારણે મળી કે તેણે તરસ્યા કૂતરાને પાણી પીવડાવ્યું હતું.

**(૭)** જલીલુલ કૃદર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ પોતાનાં ઊંટોને જાતે પાણી પીવડાવતા હતા, અને ફર્માવતા : ''એઓ મારી માલિકીમાં છે, ખુદાએ બુઝુર્ગો બરતર મારાથી પૂછતાછ કરશે.''

આપનો જ મશહૂર ઈર્શાદે ગિરામી છે કે જો ફુરાત નદીના કિનારા પર કોઈ કૂતરુ, અને બીજી રિવાયતમાં છે કે કોઈ બકરી ભૂખથી મરી જાય તો મને ડર છે કે કિૃયામતના દિવસે મને એના બારામાં પૂછપરછ થશે અને મારે જવાબ આપવાનો થશે.

ઈતિહાસમાં મળે છે કે હઝરત હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે :–

''હું ડરું છું કે મારી હુકૂમતમાં જો કોઈ ખુજલીવાળી બકરી મરી જાય તો અલ્લાહને ત્યાં મારે જવાબ આપવો પડશે.''

## જાનવરો પર રહ્મત

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે એકવાર રહ્મતે આલમ, મોહસિને કાઈનાત ﷺ જંગલમાં થઈને જઈ રહ્યા હતા તો ''યા રસૂલલ્લાહ!''નો અવાજ સાંભળ્યો. આપે પાછા ફરીને જોયું કે એક હરણી બંધાયેલી છે અને એક ગામડાવાસી શિકારી સૂઈ રહ્યો છે. આપને હરણીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને આ ગામડાવાસીએ ધોકાથી શિકાર કરી લીધી છે. યા રસૂલલ્લાહ ! ﷺ મારાં બે નાનાં બચ્ચાં છે જેઓ પહાડ પર ભૂખથી રડી રહ્યાં છે. યા રસૂલલ્લાહ ! ﷺ થોડી મોહલત મળી જાય તો દૂધ પીવડાવી આવું. આપે તુરત જ હરણીને છોડી મૂકી. એટલામાં શિકારી જાગૃત થઈને કહેવા લાગ્યો, જો મારો શિકાર પરત ન આવ્યો તો સારું થશે નહીં ! હુઝૂર ﷺ સાથે વાતચીન ચાલી જ રહી હતી એટલામાં હરણી પોતાનાં બંને બચ્ચાં સાથે પાછી આવી ગઈ. શિકારી આશ્ચર્યમાં પડી ગયો અને આપની અપાર રહ્મત જોઈને તરત કલ્મએ તયબહ પઢયો અને હરણીને બચ્ચાં સમેટ આઝાદ કરી દીધી. હરણી પોતાનાં બંનેવ બચ્ચાંની સાથે કલ્માએ તયબહ પઢતી પઢતી અને ઉછળતી કૂદતી ચાલી ગઈ. *(શિફા શરીફ, ૬/૭૬, તિબરાની, બયહકી, હુજ્જતુલ્લાહ શરીફ, પેજ : ૪૬૧)*

એક ઊંટે આપને સિજદો કર્યો અને રડતાં રડતાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો માલિક મારા પર ખૂબ જ બોજ લાદે છે અને ચારો ઓછો આપે છે. આપ ﷺએ તરત જ તેના માલિકને બોલાવ્યો અને કહ્યું કે આના પર ઓછો બોજો લાદ અને પેટ ભરીને ચારો આપ્યા કર. *(હુજ્જતુલ્લાહ શરીફ, ૧/૪૮૫)*

આપ ﷺની રહ્મત તથા પ્રેમ ભાવના આસ્માન પર પણ છે :–

*વો હર આલમ કી રહમત હૈં*
*કિસી આલમમેં રહ જાતે*
*યહ ઉનકી મહરબાની હૈ*
*કે યહ આલમ પસંદ આયા*

## હઝરત જિબ્રઈલ علیہ السلام પર રહ્‌મત તથા પ્રેમભાવ

હઝરત સૈયદના જિબ્રઈલે અમીન علیہ السلام પણ આપની રહ્‌મતથી માલામાલ થયા. એકવાર હઝરત જિબ્રઈલ علیہ السلامને આપ ﷺએ ફર્માવ્યું કે, હે જિબ્રઈલ ! તમને મારી રહ્‌મતથી શું મળ્યું ?! હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું સર્વ અંબિયાએ કિરામની પાસે વહી લાવતો રહ્યો અને જિંદગીની દરેક પળ અલ્લાહની ઈબાદતમાં પસાર કરતો રહ્યો, પણ હું શૈતાનનો અંજામ જોઈને પોતાના ખાત્મા સંબંધે સંતુષ્ઠ ન હતો. જ્યારે આપની પાસે વહી લઈને આવવા લાગ્યો તો રબ્બે કરીમે આ ખુશીનો પયગામ સંભળાવ્યો, અર્શના માલિકની તરફથી જિબ્રઈલ બારગાહે સુબ્હાનીમાં મર્તબાવાળા છે, મુક્તદા તથા અમીન છે. *(પારા : ૩૦, રુકૂઅ : ૬)* યા રસૂલલ્લાહ ! ﷺ એના પછી મને સંપૂર્ણ ઈત્મિનાન થઈ ગયું અને મારી દષ્ટિમાં આ રહ્‌મત તથા નેઅમત અન્ય રહ્‌મતો તથા નેઅમતો કરતાં અફઝલ તથા આ'લા છે.

સીરતે નબવી ﷺનું પ્રકરણ એટલું અધિક પ્રમાણમાં વિશાળ છે અને હુઝૂર ﷺની મહાન ખૂબીઓનું દરેક પાસુ એટલી વિશાળતા ધરાવે છે કે માનવ સમજ તથા દિમાગ તેના સહીહ તસવ્વુરથી લાચાર છે. જેટલા પ્રમાણમાં વિચારવામાં આવે એટલા પ્રમાણમાં અસીમ, કિનારા વિનાના સમુદ્રની વિશાળતા વધતી જાય છે. ડગલે ને પગલે રહ્‌મત તથા શફક્ત, મહોબ્બત તથા ઉલ્ફત અને હુસ્ન તથા એહસાનના નઝારા જોઈને માનવ રૂહ રક્સ કરવા (ઝુમવા) લાગે છે, વજ્દની કૈફિયત છવાઈ જાય છે અને આંખો આપોઆપ ભીની થઈ જાય છે. ﷺ

–*(માહનામા નૂરુલ હબીબ, જાન્યુઆરી–૨૦૧૬)*

પેજ નં. ૦૨ નું ચાલુ..

પીરાને પીર હુઝૂર શયખ અબ્દુલક્દિર જીલાની رضی اللہ عنہની મુબારક જિંદગીમાં પણ ત્યાગભાવના (ઈષાર)ના જલ્વા ઠેક ઠેકાણે જોવા મળે છે. હઝરત શયખ તલ્હા બિન મુઝફ્ફર વર્ણવે છે કે હઝરત શયખે મને ફર્માવ્યું કે બગદાદમાં રોકાણ દરમ્યાન મને વીસ દિવસ સુધી ખાવા પીવા માટે કોઈ મુબાહ ચીજ હાથ ન લાગી તો હું કિસ્રાના મહેલો તરફ ચાલી નીકળ્યો. ત્યાં જોયું કે ચાલીસ અવલિયા અલ્લાહ એ જ તલાશમાં મારાથી પહેલાં ત્યાં પહોંચેલા છે. એ જોઈને હું તેમના વચ્ચેથી બગદાદ તરફ પરત થઈ ગયો. પણ માર્ગમાં મને મારો એક હમવતન મળી ગયો જેને હું તદ્દન ઓળખતો ન હતો. એણે મને અમુક રકમ આપીને બતાવ્યું કે આ આપનાં વાલિદાએ મોકલેલ છે. જેથી હું તે રકમ લઈને પાછો કિસ્રાના મહેલો તરફ પરત થયો અને એ રકમમાંથી અમુક હિસ્સો પોતાના ખર્ચ માટે રાખીને બાકીની રકમ તે અવલિયા અલ્લાહમાં વહેંચી આપી જેઓ ત્યાં રોજીની તલાશમાં ઉભેલા હતા, અને તેમને એ પણ બતાવી દીધું કે આ રકમ મારાં વાલિદાએ મોકલી છે. પછી મેં બગદાદ આવીને બાકી બચેલી રકમથી ખાવા ખરીદયું અને ફકીરોને ભેગા કરીને તેમની સાથે ખાવા ખાધું. *(કલાઈદુલ જવાહિર મુતર્જિમ, પેજ : ૩૪)*

અંબિયાએ કિરામ હઝરાત عَلَیْہِمُ السَّلَام તથા અવલિયાએ એઝામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની મહોબ્બતનો દમ ભરનારાઓને ગુઝારિશ છે કે એમના નામનો જુલૂસ કાઢીને તેમની બારગાહમાં ખિરાઝે અકીદત પેશ કરીને સાથોસાથ તેમની તા'લીમાત પર અમલ કરે અને તેમના અખ્લાક્ તથા કિરદારને પોતાની જિંદગીઓમાં લાગુ કરે. રબ તઆલા સર્વને તૌફીક્ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

–*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૧૬)*

# અમીને શરીઅત હઝરત મૌલાના મુફતી સિબ્તૈન રઝા رحمۃ اللہ علیہ

અઝ : **હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી** (*મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*)

હુઝૂર અમીને શરીઅતનો હિ.સ. ૨૬–મુહર્રમુલ હરામ ૧૪૩૭, ઈ.સ. ૯–નવેમ્બર, ૨૦૧૫ સોમવારના દિવસે ૧.૪૫ મિનિટ ૫ર ઈન્તેકાલ થયો. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ આપણે પણ અલ્લાહના જ છીએ અને ખરેખર તેની તરફ પાછા ફરવાનું છે."

હઝરત મુફતી સિબ્તૈન રઝા رحمۃ اللہ علیہ પુરાના શહેર મહોલ્લા કાંકરટોલા બરેલી શરીફમાં પોતાના ઘરમાં હતા. ઘણા સમયથી બીમાર રહેતા હતા, ઘણી સારવાર પછી પણ તંદુરસ્ત ન થઈ શક્યા. ઈન્તેકાલની ખબર પડતાં જ દિલાસો આપવા હજારો સબંધીઓ, મુરીદો અને અકીદતમંદોની અવરજવર ચાલુ થઈ ગઈ, તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી مدظلہ العالی વિદેશના સફર ૫ર હતા, ખબર મળતાં જ બરેલી શરીફ આવવા રવાના થઈ ગયા અને સમય ૫ર બરેલી શરીફ તશરીફ લાવ્યા. ઈસ્લામિયા ઈન્ટર કોલેજના વિશાળ મેદાનમાં જનાઝો લાવવામાં આવ્યો. જનાઝામાં ઓલ્માએ કિરામ, મશાઈખે એઝામ, અને સુન્ની લોકોની દૂર દૂર સુધી ભીડ હતી. જનાઝાની નમાઝ મંગળવારના દિવસે પઢાવવામાં આવી, ઈમામતના ફરાઈઝ હઝરત તાજુશ્શરીઅહ مدظلہ العالی એ અંજામ આપ્યા. એક અંદાઝા પ્રમાણે જનાઝાની નમાઝમાં લગભગ એક લાખ લોકો હતા. આપને ઘણા જ રંજ તથા ગમગીની સાથે સ્થળ કાંકરટોલામાં હઝરત અલ્લામા તેહસીન રઝા કાદરી رحمۃ اللہ علیہની બાજુમાં દફન કરવામાં આવ્યા. ઈન્તેકાલના સમયે આપની ઉમર ઈ.સ. ના હિસાબે ૮૮ વર્ષની થાય છે. અને આ યોગાનુયોગ છે કે આપની પેદાઈશ પણ નવેમ્બરના પ્રારંભમાં થઈ અને ઈન્તેકાલ પણ નવેમ્બરના પ્રારંભમાં થયો.

અમીને શરીઅત મહાન આલિમે દીન, દર્સે નિઝામીના કામિલ મુર્શિદે તરીકત, ઉસ્તાદ, ઊંચા અખ્લાકવાળા, ઈસ્લામની દા'વત આપવાવાળા અને ઘણા સારા તબીબ અને હકીમ હતા. યૂનાની તિબ્બમાં આપની અમુક અપ્રસિધ્ધ કિતાબો પણ છે. અઝીમ મુર્શિદે ગિરામી, ઉચ્ચ કક્ષાના આલિમે રબ્બાની અને ખાનવાદએ રઝવિય્યહના ચશ્મો ચિરાગ હોવાથી વિશ્વમાં વિખ્યાત હસ્તી હતા.

**કૌટુંબિક સ્થિતિ :** આપનો નવેમ્બરના પ્રારંભ ૧૯૨૭માં જન્મ થયો. આપની વિલાદતનું સ્થળ ખાનકાહે રઝવિય્યહની પાછળ સૌદાગ્રાન છે, અહીં આપનું બાપ દાદાનું મકાન હતું. મા બાપે ઘણી જ મહેનતપૂર્વક આપનો ઉછેર કર્યો હતો. આપના દાદાજાન ઈમામ અહમદ રઝા મુહદિષે બરેલ્વી قدس سرہના નાનાભાઈ શાઈરે ઈસ્લામ હઝરત અલ્લામા હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ હતા. આપના પિતાનું નામ હઝરત અલ્લામા હસ્નૈન રઝા رحمۃ اللہ علیہ છે. ખાનકાહે રઝવિય્યહ પાછળના મકાનમાં આપના દાદાએ રહેઠાણ કર્યું. ત્યાર બાદ આપના પિતા પણ રહેતા હતા. પણ પછી ૧૯૪૭ ઈ.સ.ની કટોકટીની પરિસ્થિતિમાં આપના પિતા એ મકાન છોડીને પુરાના શહેર સ્થળ કાંકરટોલા બરેલી શરીફમાં રહેવા લાગ્યા.

એ મકાન પર આપ લોકોની ગેરહાજરી રહેવાથી એક પંજાબીએ કબજો કરી લીધો અને જબરદસ્તીપૂર્વક એમાં લગભગ ૨૦ વર્ષ સુધી રહ્યો. પીરે તરીક્ત હઝરત મૌલાના મન્નાન રઝા કાદરી دامت برکاتہم એ પ્રયાસ કર્યો અને અલ્લાહ તઆલાએ એમને સફળતા અતા ફર્માવી. મકાન પ્રાપ્ત કર્યા પછી આપે અમુક વિભાગોનું બાંધકામ કરાવ્યું અને જૂના વિભાગોમાં સમારકામ કરાવ્યું. હવે આ જૂનુ મકાન આપની પાસે છે. આપે પોતાના પરિવાર સાથે એમાં રહેઠાણ કર્યું છે.

હઝરત અલ્લામા સિબ્તૈન રઝા કાદરી رحمۃ اللہ علیہ નાં બહેન હઝરત તાજુશ્શરીઅહ دامت برکاتہم નાં જીવન સાથી છે. અલ્લાહના ફઝ્લો કરમથી બન્નેવ બુઝુર્ગોના દરમિયાન ઘણી જ મહોબ્બત છે. અલ્લાહ તઆલા આ મહોબ્બત સદા કાયમ રાખે.

ખાનવાદાએ રઝવિય્યહ પોતાના બાકમાલ મશાઈખ અને નેકસીરત આલિમોના કારણે દેશ વિદેશમાં ખ્યાતિની ટોચ પર છે, ચો તરફ આજે પણ એમનાં ગુણગાન થાય છે. સુન્નિયતના પ્રચાર અને દા'વત તથા તબ્લીગના મેદાનમાં પણ ઘણી અણમોલ ખિદમતો છે, ખાનવાદએ રઝવિય્યહનો દરેક વ્યક્તિ પોતાનામાં કોઈ ન કોઈ અનોખી વિશિષ્ટતાઓ ધરાવે છે.

**તાલીમો તર્બિયત** : હઝરત અમીને શરીઅત رحمۃ اللہ علیہ જ્યારે સમજણા થયા તો વાલિદૈન કરીમૈને બિસ્મિલ્લાહ ખ્વાનીની મેહફિલ સજાવી. આપના નાના દાદા હઝરત મૌલાના મુહમ્મદ રઝા કાદરી બરેલ્વી رحمۃ اللہ علیہ એ બિસ્મિલ્લાહ પઢાવી તાલીમો તર્બિયતની શરૂઆત કરાવી. આપના પ્રાથમિક ઉસ્તાઝોમાં આપના વાલિદે ગિરામી તથા વાલિદા માજેદા છે. માતા પિતા ઘણી જ મહોબ્બતથી તર્બિયત ફર્માવતાં. હાફિઝ સૈયદ શબ્બીર અલી રઝવીથી આપે કુર્આન મજીદની તાલીમ સંપૂર્ણ કરી. પ્રાથમિક ઉર્દૂ, ફારસી અને ખૂશ નવેસી (સુંદર અક્ષર લેખન)ની પ્રેક્ટિસ વાલિદે માજિદે કરાવી. પત્ર લેખન અને કેટલીક ફારસી આપના મામાએ પઢાવી.

સંજોગોવસાત કાનૂને શરીઅતના લેખક અલ્લામા કાઝી શમ્સુદ્દીન અહમદ જોનપૂરી رحمۃ اللہ علیہ તે દિવસોમાં જામિઆ રઝવિય્યા મિર્ઝાઈ મસ્જિદ મહલ્લા ઘીર જઅ્ફર ખાન પુરાના શહર બરેલીમાં મુદર્રિસ હતા. હઝરત અમીને શરીઅતે તેમની દર્સગાહે આલિયામાં દાખલો લીધો. તેમનાથી મીઝાન, મુન્શઈબ વગેરે કિતાબો પઢવાનો શર્ફ હાંસલ કર્યો. શમ્સુલ ઉલ્મા અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ એક બાકમાલ મુદર્રિસ અને મુખ્લિસ મુરબ્બી હતા. તેમની સોહબતના ફૈઝથી આપના જીવનમાં ઈન્કિલાબ આવ્યો. ત્યાર પછી હઝરત અમીને શરીઅત બરેલી શરીફની વિશ્વવિખ્યાત દર્સગાહ દારૂલ ઉલૂમ મઝહરે ઈસ્લામ મસ્જિદ બીબીજીમાં દાખલ થયા. એ દિવસોમાં એ દર્સગાહમાં ઈલ્મો ફઝ્લના સમયના અજોડ ઉસ્તાદો હતા. ખરેખર તાલીમની સાથે તર્બિયત ખૂબ જ મહત્વ ધરાવે છે, આ ખૂબી મુત્તકી તથા પરહેઝગાર ઉસ્તાદોની બારગાહોએથી હાંસલ થાય છે. અમને આપના તાલિબે ઈલ્મીના યુગની અધિક વિગત તો માલૂમ નથી થઈ શકી પણ ઉમદા ઉસ્તાદો તથા આપની કાબેલિયત તથા ક્ષમતાથી અંદાજો એ જ થાય છે કે આપ ઘણી મહેનતથી પઢયા હતા. આપ કેવળ દર્સી ઈલ્મોના નિષ્ણાત ન હતા બલ્કે તક્વા તથા પરહેઝગારીમાં પણ ઉચ્ચ સ્થાને હતા. દેશના દરેક ખૂણામાં લોકો ગરદનો ઉઠાવી ઉઠાવીને આપની અઝમતોનો દીદાર કરતા હતા. તવાઝોઅ ઈન્કેસારી (આજીજી નમ્રતા) દરેક દૌરમાં ઉપર તરી આવતી હતી. મહાન મહાન ઈલ્મો ફઝ્લના પહાડો આપની સામે ઝાનૂએ અદબ બિછાવવા પર ગર્વ અનુભવતા. એક આલમ આપનો દીવાનો હતો. ઈબાદત રિયાઝત અને મઅરેફત તથા હકીકતમાં પણ ઉચ્ચ સ્થાને બિરાજેલ હતા. આ ગુણોમાં આપના સરપરસ્તે

આ'લા તાજદારે એહલે સુન્નત મુફતીએ આ'ઝમ અલ્લામા શાહ મુસ્તફા રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ નો ફૈઝ લાભદાયી રહ્યો.

**ઉસ્તાઝો** : સદરૂશશરીઅહ અલ્લામા અમજદ અલી આઝમી, મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન અલ્લામા સરદાર અહમદ રઝવી, શમ્સુલ ઉલ્મા અલ્લામા કાઝી શમ્સુદ્દીન અહમદ જોનપૂરી, હઝરત અલ્લામા અબ્દુર્રઉફ બલ્યાવી, હઝરત અલ્લામા મુફતી વકારૂદ્દીન–દારૂલ ઉલૂમ અમજદિયા, કરાચી, હકીમુલ ઈસ્લામ અલ્લામા હસ્નૈન રઝા કાદરી બરેલ્વી, શૈખુલ અદબ અલ્લામા ગુલામ જીલાની આ'ઝમી, હઝરત અલ્લામા ઝહીરૂદ્દીન ઝૈદી, હઝરત મૌલાના ગુલામ યાસીન રઝવી પુરનવી, વાલિદા માજેદા તથા હઝરત હાફિઝ સૈયદ શબ્બીર અલી રઝવી. رحمۃ اللہ علیہم اجمعین

મઝહરે ઈસ્લામ બરેલી શરીફથી ફરાગત બાદ આપે બે વરસ સુધી મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ માં આધુનિક જ્ઞાન મેળવ્યું.

**તદરીસી ખિદમતો** : હઝરત અમીને શરીઅતે ફારિગ થયા પછી મઝહરે ઈસ્લામ બરેલી શરીફથી તદરીસની શરૂઆત કરી. ત્યાર બાદ મદ્રસા ઈશાઅતુલ હક્ક હલ્દવાની જિલ્લા નૈનીતાલમાં ત્રણ વરસ સુધી ઈલ્મો ફઝ્લના મોતી લૂટાવ્યાં. ત્યારે ઉસ્તાઝુલ કુર્રા હઝરત મૌલાના કારી ગુલામ મુહયુદ્દીન અશરફી رحمۃ اللہ علیہ ત્યાંના બાની તથા મુહતમિમ હતા. જામિયા અરબિયા નાગપૂરમાં પણ આપે તદરીસી ખિદમાત આપી, છેવટમાં ચાલીસ વરસ કરતાં અધિક અરસાથી મદ્રસા ફૈઝુલ ઈસ્લામ કેશકાલ અંજુમને ઈસ્લામિયા કાંકર જિલ્લા બસ્તરમાં હતા. રાયપૂર, છત્તીસગઢમાં પણ આપે દારૂલ ઉલૂમની સ્થાપ્ના કરી. એ સિવાય અનેક ઈદારાઓની સરપરસ્તી ફર્માવતા રહ્યા. આપે રુશ્દો હિદાયતના મેદાનમાં પણ અણમોલ કારનામાં અંજામ આપ્યાં. છત્તીસગઢના વિવિધ ઈલાકાઓમાં આપની ખિદમતો કેન્દ્રસ્થાને હતી.

**બયઅતો ખિલાફત** : આપ નાની વયમાં જ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના દસ્તે કરમ પર બયઅતના શર્ફથી પાવન થયા. બાદમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ આપને ખિલાફત તથા ઈજાઝત અને નુકૂશ તથા તાવીઝાતની દોલતથી પણ મુશર્રફ ફર્માવ્યા. હઝરતે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની ઝાતે ગિરામી અસંખ્ય ખૂબીઓનો સંગમ હતી. આપને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના કમાલાતથી ભરપુર ફૈઝ મળ્યો. વાલિદે ગિરામી હઝરત અલ્લામા હસ્નૈન રઝા કાદરી બરેલ્વી رحمۃ اللہ علیہથી પણ આપને ઈજાઝત તથા ખિલાફત મળી.

**અક્દે મસ્નૂન (નિકાહ)** : તાજદારે એહલે સુન્નત હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ આપથી ઘણી જ મહોબ્બત ફર્માવતા. હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની પસંદથી હઝરત મુફતી અબ્દુર્રશીદ ફતેહપૂરી رحمۃ اللہ علیہના સાહબઝાદી સાથે આપનો અક્દે મસ્નૂન ૭ માર્ચ ઈ.સ. ૧૯૫૭માં થયો. આપને ત્યાં સાત બાળકો જનમ્યાં જેમાંથી બે સાહબઝાદાઓની વફાત થઈ અને બે સાહબઝાદા તથા ત્રણ સાહબઝાદીઓ હયાત છે. બન્ને સાહબઝાદા ઈલ્મે દીનથી સુસજ્જ, નેક સીરત અને ઉચ્ચ સંસ્કારવાળા છે. મોટા સાહબઝાદા હઝરત મૌલાના જુનેદ રઝા ઉર્ફ સલમાન રઝવી અને નાના સાહબઝાદા હઝરત મૌલાના ઉબૈદ રઝા ઉર્ફ નોઅ્માન રઝવી છે.

એકવાર ફરી હઝરત અમીને શરીઅત رحمۃ اللہ علیہના વિસાલ પર અમો દુઃખ વ્યક્ત કરીએ છીએ. આપનો વિસાલે પુરમલાલ એક ખાનદાનનું નહીં સમગ્ર એહલે સુન્નત વલ જમાઅતનુ નુકસાન છે. અલ્લાહ આપને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા ફર્માવે, આપના પરિવારજનો, ખાનવાદએ રઝવિય્યહ અને જમાઅતે એહલે સુન્નતને સબ્ર તથા શુક્રની તૌફીક આપે.

*–(અશ્રફિયા મંથલી ઉર્દૂ–ડિસેમ્બર,૨૦૧૫)*

## બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### :: શાદી મુબારક ::

**કુરચણ** :– ખાતે પટેલ શબ્બીર હુસૈન મૂસા (માસ્તર)ની નેક દુખ્તર સરફુન્નિસાના નિકાહ તા. ૭ રબીઉલ અવ્વલ હિ. ૧૪૩૭, તા. ૧૯–૧૨–૨૦૧૫ને શનિવારે દયાદરા નિવાસી યાકૂબ ઈસ્માઈલ ચાંદના નેક ફરઝંદ રિઝવાન સાથે કુરચણ મુકામે થયા. એની ખુશીમાં શબ્બીર માસ્તર તરફથી રૂા. ૫૦૦/– લિલ્લાહ બરકાતે ખ્વાજા (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

**ટંકારીઆ** :– ખાતે ગુલામ અહમદ સુલેમાન ઈપ્લીના નેક ફરઝંદ મુહમ્મદ અમીનના નિકાહ નબીપુરના હાજી દાઉદ ઈસ્માઈલની નેક દુખ્તર રૂબીનાબાનુ સાથે તા. ૨૨–૧૨–૨૦૧૫ મંગળવારે જુમ્આ મસ્જિદ ટંકારીઆ ખાતે રાખવામાં આવ્યા જેમાં હઝરત અલ્લામા સૈયદ હસન અસ્કરી મિયાં અશરફી مد ظلہ العالی બુઝુર્ગે નિકાહ પઢાવ્યા હતા.

**વોરાસમની** :– ઈબ્રાહીમ આદમ મૂસા ખાનસાબના નેક ફરઝંદ જલાલુદ્દીનના નિકાહ ૧૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭, તા. ૨૨–૧૨–૨૦૧૫ના રોજ કહાન મુકામે ઈદ્રીસ વલી ઝંઘારીયાની નેક દુખ્તર શાહીના સાથે રાખવામાં આવ્યા.

**દેત્રાલ** :– અઝીઝ અહમદ ઝીણાના નેક ફરઝંદ ઈમરાનના નિકાહ સરનાર નિવાસી મર્હૂમ સાદિક઼ દાઉદ નાથાની નેક દુખ્તર સુહાના સાથે તા. ૨૨–૧૨–૨૦૧૫ મંગળવારે સરનાર મુકામે તથા આપની જ નેક દુખ્તર સબીહાના નિકાહ ઝંઘારવાસી માસ્તર વલીભાઈ અહમદ કોલવાના નેક ફરઝંદ ડો. સલમાન સાથે તા. ૨૭–૧૨–૨૦૧૫ રવિવારે દેત્રાલ મુકામે રાખવામાં આવ્યા.

**ગોધરા** :– નિવાસી મુશ્તાક હુસૈન નામદારના નેક ફરઝંદ મુહમ્મદ હાશિમના નિકાહ આણંદ નિવાસી આરિફુદ્દીન હાજી જમાલુદ્દીનની નેક દુખ્તર શગુફ્તાબાનુ સાથે તા. ૨૭–૧૨–૨૦૧૫ના રોજ રવિવારે આણંદ ખાતે સુકૂન પાર્ટી પ્લોટમાં રાખવામાં આવ્યા.

**સલાદરા** :– નિવાસી હાજી ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ કોન્ટ્રાકટરના નેક ફરઝંદ ઈકબાલના નિકાહ સાંસરોદ નિવાસી હાજી ગુલામ બદુની નેક દુખ્તર ફર્રાનાઝ સાથે તા. ૪–૧–૨૦૧૬ સોમવારે જુમ્લા હોલ સાંસરોદ ખાતે રાખવામાં આવ્યા.

**ભરૂચ** :– બરેલી ખોના રહીશ સૈયદ અમીરૂદ્દીન બાપુના નેક ફરઝંદ હાફિઝ સૈયદ સરફરાઝના નિકાહ ૨૯ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭, તા. ૧૦–૧–૨૦૧૬ રવિવારે ઝહોર બાદ દઢાલ મુકામે સૈયદ અ.કાદિરબાપુ અસગરઅલીની નેક દુખ્તર અસ્મા બેગમ સાથે રાખવામાં આવ્યા.

**આમોદ** :– નિવાસી હાજી એમ. અજીતસિંહ રાણાના નેક ફરઝંદ મૌલાના અકબર હુસૈનની નિકાહખ્વાની નાપા ખાતે રણજીતસિંહ જી સાહેબ રાણાની નેક દુખ્તર યાસ્મીનબાનુ સાથે ૨૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭ તા. ૨–૧–૨૦૧૬ શનિવારે રાખવામાં આવી.

**લાતુર** :– (મહારાષ્ટ્ર) ખાતે મુહમ્મદ યાસીન હાજી ઉમર કચ્છીની નેક દુખ્તર શગુફ્તાના નિકાહ તા. ૨૯ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭, તા. ૧૦–૧–૨૦૧૬ રવિવારે હાજી ઝાકિર અબ્દુસ્સત્તાર મેમન (કલ્યાણવાસી)ના નેક ફરઝંદ મુહમ્મદ કામરાન સાથે રાખવામાં આવ્યા.

**દયાદરા** :– ખાતે યૂસુફ દાઉદ મૂસા ભાની નેક દુખ્તર અસ્માના નિકાહ સાંપા નિવાસી (હાલ પાલેજ) ઈરફાન અલી પટેલના નેક ફરઝંદ ઈરફાન સાથે ૨૮ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭ તા. ૯–૧–૨૦૧૫ શનિવારના રોજ અકુજી કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવ્યા.

*ઉપરોક્ત સર્વે દુલ્હા દુલ્હન તથા બંને પક્ષના કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં બંને પક્ષના કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*

# સુન્ની દા'વતે ઈસ્લામીનો
# ૨૫મો આલમી ઈજતેમા

આલમી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો ૨૫મો આલમી ઈજતેમા ''વાદીએ નૂર'' આઝાદ મેદાન, મુંબઈ ખાતે તા. ૧૧,૧૨,૧૩ ડિસે. ૨૦૧૫ની તારીખોમાં યોજાયો. બહેનો માટેનો ઈજતેમા ૧૧ ડિસે. જુમ્આ બાદથી ઈશા સુધી યોજાયો જેમાં એક લાખ ઉપરાંત બહેનોએ હાજરી આપી. મોઈનુલ મશાઈખ હઝરત સૈયદ મોઈનુદ્દીન અશરફી જીલાનીની ઈફતેતાહી દુઆ સાથે કારી રિયાઝુદ્દીન સાહબની કિરાઅતથી ઈજતેમાનો પ્રારંભ થયો ત્યારબાદ અલ્હાજ કારી રિઝવાન સાહબે તર્બિયત સાથે નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. ત્યારબાદ હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી મુબારકપુરી સાહબે બહેનોને લગતા દીની સવાલોના જવાબો પેશ કર્યા હતા. યુ.એસ.એ.થી આવેલ મૌલાના કમરુલ હસન સાહબે ત્યાર બાદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબ તેમજ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબે બોધદાયક બયાનો કર્યા હતાં. છેવટે ઝિક્ર દુઆ સલાતો સલામ પર પ્રથમ દિવસનો ઈજતેમા રાત્રે દસ વાગ્યે પૂર્ણ થયો હતો.

તા. ૧૨–ડિસે. શનિવારે તહજ્જુદના સમયથી ભાઈઓ માટેનો ઈજતેમા શરૂ થયો જે રવિવારે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો જેમાં લાખોની સંખ્યામાં (લગભગ ૩ લાખ ઉપરાંત) સુન્ની ભાઈઓએ હાજરી આપી હતી. નઅત, ફઝાઈલ, મસાઈલ, સુન્નતોનું બયાન તર્બિયતના પ્રોગ્રામો ઝહોર સુધી સ્થાનિક મુબલ્લિગો થકી થતા રહ્યા. ઝહોર બાદ યુ.કે.થી પધારેલ મૌલાના ફરોગુલ કાદરી સાહબે અમ્નો અમાન ઈશ્કે રસૂલથી જ સ્થાપિત થવો શક્ય છે અને ઈસ્લામના નામે જ્યાં જ્યાં આતંકવાદ, ઝુલ્મ થઈ રહેલ છે તો એવું કરનાર મુસલમાન નથી હોય શકતા. ત્યારબાદ મૌલાના ફૈયાઝ અહમદ જોધપુરીએ ''ઈલ્મ તથા ઉસ્તાઝોનો એહતેરામ'' વિષયે બોધદાયક બયાન કર્યું. ત્યારબાદ કેનેડાથી પધારેલ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી સલીમ પટેલે ઉમ્મતે મુહમ્મદિયહની ફઝીલત તથા અહમિયત પર ઉમદા બયાન કર્યું. અસર બાદ સિરાજુલ ફુક્હા મુફ્તી નિઝામુદ્દીન સાહબે અવામના સવાલોના સંતોષકારક ઈલ્મી જવાબો આપ્યા હતા. હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આઝમીએ ''ઈસ્લામ ઔર અમ્ને આલમ''પર દિલ ઝંઝોળનારૂં બયાન કર્યુ હતું. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ તૌબા વ ઈસ્તિગફારની અહમિયત પર દિલ પર લાગતુ બયાન કર્યું. મૌલાના કમરુલ હસન બસ્તવી (યુ.એસ.એ.હોસ્ટિન)એ ''બઅષતે અંબિયા કે મકાસિદ'' પર માલૂમાતી બયાન કર્યું. મૌલાના કારી ઝહીરુદ્દીન સાહબે સૂરએ ફાતિહાની ફઝીલત તથા રહસ્યોને પ્રદર્શિત કરતું બયાન કર્યું. નઅતખાં હઝરાત કારી રિઝવાન સાહબ, સૈયદ અહમદ સાહબ, હાફિઝ ફૈઝલ પટેલ (યુ.કે.) વગેરએ મોકાસર નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.

ત્રીજા દિવસે રવિવારે સવારમાં ૧૦ વાગ્યે જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમના એક હોનહાર તાલિબે ઈલ્મે અરબીમાં તકરીર કરી. ત્યારબાદ મૌલાના તૌફીક અહસન બરકાતી (એડિટર, મંથલી સુન્ની દા'વતે ઈસ્લામી)એ ''ઈમામ અહમદ રઝા ઔર તામીરે શખ્સિયત'' પર ઉમદા બયાન કર્યું. ઝહોર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈદારાઓ જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ, જામિઆ હિરા–મહાપોલી, દારુલ ઉલૂમ અન્વારે મદીના–મલાડ વગેરેના ફારિગ થનાર તલબાની દસ્તારબંદી કરવામાં આવી. સાઉથ આફ્રિકા લેડીસ્મિથથી પધારેલ મૌલાના ઈફતેખાર અહમદ આ'ઝમી મિસ્બાહી (શૈખુલ હદીષ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ–લેડીસ્મિથ)એ ખત્મે બુખારી શરીફ કરાવી. બાદમાં બીજાપુરથી પધારેલ હઝરત તન્વીર હાશમી સાહબે બયાનમાં જણાવ્યું કે દીનની દા'વતના માટે અખ્લાકો કિરદારની જરૂરત હોય છે, પછી ખ્વાજા સાહબ વગેરે બુઝુર્ગોના ઉદાહરણો પેશ કરેલાં અને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની ખિદમતોની પ્રશંસા કરી હતી. ત્યાર બાદ યુ.કે.માં સુન્ની દા'વતે ઈસ્લામીના નિગરાં જનાબ આરિફ પટેલે અંગ્રેજીમાં સુન્ની દા'વતે ઈસ્લામીની પચ્ચીસ વર્ષીય ખિદમતોની પ્રશંસા કરી હતી. પછી રાબેતા મુજબ હઝરત મુફ્તી નિઝામુદ્દીન સાહેબે સવાલોના જવાબો રજૂ કર્યા હતા. ત્રીજા દિવસે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ જબરદસ્ત બયાન વધુ પેજ નં. ૧૭....પર

## ઈન્તેકાલ પુરમલાલ !

**ગોંડલ** : ખાતે હાજી યાસીન હાજી ઐયૂબ ખાનાનીનો ૫૬ વરસની વયે તા. ૧૪–૧૧–૨૦૧૫ના રોજ ઈન્તેકાલ થયો છે.

**આણંદ** : થી લાલાભાઈ જણાવે છે કે તા. ૨૮–૧૨–૨૦૧૫ના રોજ તેમના વાલિદ સાહબ અ. સત્તાર ગુલામરસૂલ વોરાનો દુ:ખદ ઈન્તેકાલ થયો છે.

**દયાદરા** : ખાતે મૂસા અહમદ લાંગ્યાનો તા. ૭–૧–૨૦૧૬ જુમેરાત, ૨૬–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૭, જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે.

**સરનાર** : ખાતે અનીસા મહેબૂબ પટેલ તે મુશ્તાક આદમ ચાંચવેલીયા દયાદરવીની પુત્રીનો ઈન્તેકાલ ૨–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૭ અંગ્રેજી તા. ૧૩–૧–૨૦૧૬ના રોજ થયો જેમની દફનવિધિ દયાદરા કબ્રસ્તાનમાં કરવામાં આવી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી*

## એક અનુકરણીય કદમ !

**કનસુમરા** : (જિ. જામનગર) ખાતે કબ્રસ્તાન ગ્રાઉન્ડ પર તા. ૧૦–૧–૨૦૧૬ના રોજ ''કનસુમરા ખીરા જમાત'' તરફથી સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૭ જોડાંના નિકાહ ત્યાંના ઈમામ સાહબ ગુલામ મુહયુદીન સાહબે પઢાવ્યા. આ મુબારક પ્રસંગે સર્વ જોડાંને **બરકાતે ખ્વાજા (માસિક) વરસભર પહોંચે** માટે કુલ **૩૮ મેમ્બરો**નું લવાજમ જનાબ ખીરા હનીફભાઈ અલી અકબરના થકી મળ્યું છે. જઝાકલ્લાહ ! સર્વ દુલ્હા દુલ્હનને કુટુંબીજનો તથા આયોજકોને મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

## ૧૦ Rs.ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો

**કિતાબ** : **રૂહાની હિકમતોનો ગુલદસ્તો** (પેજીસ : ૮૮)

**સંકલન** : જનાબ અલી મુહમ્મદ બાબી (પોરબંદર)

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વાર્ટસ્ નં. ૨૮–એ, ત્રણ માળ પાસે, મુ. હાપા, જિ. જામનગર–૩૬૧ ૧૨૦

**નોંધ** : સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની બોધદાયક હિકાયતો, કિસ્સાઓ ખૂબસૂરત અંદાઝમાં કિતાબમાં રજૂ કરવામાં આવેલા છે. જરૂરતથી મંગાવશો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મદદની અપીલ

**ભાયલી** : (તા. જિ. વડોદરા)થી હાફિઝ ઈબ્રાહીમ કહાનવાળા જણાવે છે કે હાલ મદ્રસામાં ૧૧૦ બાળકો પઢે છે. મદ્રસા અંજુમને ઈસ્લામનું મકાન બનાવવાનું હોય સખીદાતાઓ આપની લિલ્લાહ, ઝકાત, સદકાની રકમો અથવા રેતી, કપચી, સિમેન્ટ વગેરે મટિરિયલથી મદદ કરે એવી નમ્ર અપીલ છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં એનો મહાન બદલો આપશે.

**સંપર્ક નંબરો** : ❍ હાફિઝ ઈબ્રાહીમ કહાનવાળા, **Mob. 9427130273**, ❍ ગુલામ મુહમ્મદ મલેક, **Mob. 9998624302**, ❍ ઈબ્રાહીમ વલી, **Mob. 9925436490** અથવા ❍ પટેલ શબ્બીર અલી રઝવી, **Mob. 94274 64411**